॥ સ્વામિશ્રીજી ॥

અનુપમ મિશન

શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજી, વેમાર
દિવ્ય દશાબ્દી પાટોત્સવ વિશેષાંક

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

એપ્રિલ ૨૦૨૫ * વર્ષ ૪૧ * અંક ૧



॥ સ્વામિશ્રીજી ॥

અનુપમ મિશન

શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજી, વેમાર
દિવ્ય દશાબ્દી પાટોત્સવ વિશેષાંક

# બ્રહ્મજ્યોતિ

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
એપ્રિલ ૨૦૨૫ * વર્ષ ૪૧ * અંક ૧



परम सम्माननीय श्रद्धेय विश्व योगगुरु स्वामी श्री पूज्य रामदेवजी महाराज ।। शालीन मानवरत्न ।। सम्मान से विभूषित



પરમ સન્માનનીય પૂજ્ય શ્રીમતી ધનશ્રી તલવલકર-દીદીજી તથા પરમ સન્માનનીય શ્રીમાન ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલ
॥ શાલીન માનવરત્ન ॥ સન્માનથી અલંકૃત





૮૭મા પ્રાગટ્યમંગલ દિને યોગાચાર્ય સ્વામીશ્રી રામદેવજી મહારાજ અને ભગવદ્ સ્વરૂપ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી દ્વારા
સર્વ સંતમંડળનાં પ્રેમ અને ભાવાર્પણ સ્વીકારતા પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની અમૃત પ્રેમવર્ષા !

## હે ગુરુદેવ યોગીજી મહારાજ !

વૈશાખ માસની આ વદ બારશે
આપના પ્રાગટ્યમંગલની ૧૩૫મી દિવ્ય જયંતી છે.
સાથે, ભગવાં હૃદયની મંત્રદીક્ષાની
હીરક જયંતીનો પણ શુભ યોગ છે.
આ મંગલ અવસરે આપના શ્રીચરણોમાં
અમારાં સૌનાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !

### હે યોગીબાપા !

શ્રી અક્ષરપુરુષોત્તમ તત્ત્વના ધારક આપના દિવ્ય સ્વરૂપ
ગુરુહરિ સાહેબજીમાં
અમારી સમ્યક્ નિર્દોષબુદ્ધિ અચળ રહો.
ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોથી
અમારાં મન નોખાં ના પડો.
સદાય ભગવાનના સંતોને અને ભક્તોને દિવ્ય માની,
તેઓના મહિમા સમજી, સૌમાં નિર્દોષબુદ્ધિ રાખી,
ગુરુહરિ સાહેબજીને રાજી કરવાના એકમાત્ર ભાવથી
અમે સૌની સેવા કરીએ તેવાં બળ આપશોજી.

### હે યોગીબાપા !

અમારાં સૌનાં હૃદય ભગવાં થાઓ.
અમારાં સૌનાં હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરી રહો.
શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને
અમારાં જીવનઆચરણમાં ઉતારી
અમારાં આચરણ દ્વારા આપની આજ્ઞા મુજબ તેનો ગોકીરો કરીએ,
ગુરુની આજ્ઞાનું પાલન કરી ગુરુભક્તિ અદા કરીએ તે પ્રાર્થના છે.

### હે યોગીબાપા !

ગુરુહરિ સાહેબદાદાનું જેવું છે તેવું સ્વરૂપ ઓળખી શકીએ.
તેઓ રાજી થાય તેવાં અમારાં વિચાર, વાણી, વર્તન બનો.
અમે સૌ ભગવાનનું કાર્ય, ગુરુની આજ્ઞા પ્રમાણે,
ગુરુહરિ સાહેબદાદાને રાજી કરવાના
એકમાત્ર ભાવથી કરી શકીએ તેવી આપના પ્રાગટ્યમંગલે અને
ભગવાં હૃદયની મંત્રદીક્ષાની હીરક જયંતીએ
શ્રી ઠાકોરજીના અને આપના શ્રીચરણે પ્રાર્થના કરીએ છીએ.

~ સા.શ્રી...

~ સાધુ મનોજદાસ



*Jayashree Athavale-Talwalkar (Didi)*

Tattwajnana Vidyapeeth, Nirmal Niketan, 2, Dr. Bhajekar Street, Mumbai- 400004. India.
Tel. +91 22 2386 4919 +91 22 2386 6986 Fax : +91 22 2386 6435 E-mail : nirmalniketan@svs.edu.in

૩ માર્ચ ૨૦૨૬



પ્રતિ,
સંત ભગવંત સાહેબજી મહારાજ,
અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ,
યોગીજી માર્ગ, મોગરી-૩૮૮૩૪૫,
તા. જી. - આણંદ, ગુજરાત.

સસ્નેહ નમસ્કાર.

આજના આપના વર્ધાપન દિન નિમિત્ત, મારા અને મારી સાથે અખિલ સ્વાધ્યાય પરિવારના આપને નમસ્કાર સહિત અભિનંદન.

આપના જેવા લોકો પ્રભુ વિશેષ હેતુ સહ, વિશેષ કાર્ય માટે મોકલતા હોય છે. અનેક લોકોને પ્રભુ તરફ વાળવાનું, તેમના જીવનમાં શાંતિ, માનસિક સ્વાસ્થ્ય લાવવાનું અને લોકોના જીવનને દિશા આપવાનું મહત્તમ કામ પ્રભુએ આપના હાથે કરાવ્યું. સમાજમાં સાત્ત્વિકતા ઊભી કરવા પ્રભુએ આપને નિમિત્ત બનાવ્યા. આવા ચરિત્રને મળવાનો, સંવાદ સાધવાનો આનંદ યોગેશ્વર ભગવાને મને આપ્યો એ મારૂં ભાગ્ય છે.

પ્રભુ આપને નિરામય સ્વાસ્થ્ય આપશે એનો મને વિશ્વાસ છે. કારણ માનવ સમાજને આપની આવશ્યકતા છે. ભગવત્કૃપા મેળવનારને અમે સહુ શુભેચ્છા શું પાઠવીએ? આપને મળવાની આતુરતા છે.

આપની નાની બહેન,
દીદી
દીદી.

---

**Shrimad Rajchandra Mission**
Dharampur

*Realise one's True Self and serve others selflessly*

ॐ શ્રી પરમકૃપાળુદેવાય નમઃ



પ્રતિ,
શ્રી સંત ભગવંત સાહેબજી,
શ્રી અનુપમ મિશન,
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ,
મોગરી (તા. જિ. આણંદ)
ગુજરાત - ૩૮૮ ૩૪૫

ભવ્ય ભગવાહ્રદય, સ્વાશ્રયી સાધુરૂપ, પૂજ્ય સાહેબજી,

ધર્મોપદેશ, ધ્યાન અને ધૂનની ધૂણી ધખાવી વિશ્વભરમાં અધ્યાત્મ, સમાજ-ઉત્કર્ષ અને સંસ્કૃતિના સમન્વયથી આનંદ અને શાંતિનો માર્ગ પ્રકાશિત કરનાર એવા આપની ૮૬ મી જન્મજયંતીના શુભ અવસરે હાર્દિક અભિનંદન અને અભિવંદન!

અક્ષર અને અદ્વૈત તત્ત્વની ઉપાસના અને માનવસેવા એ જ પ્રભુસેવાનો મંત્ર સાકાર કરતી આપની ઉપસ્થિતિ ગુણાનુરાગી બનવા પ્રબળ પ્રેરણા બની જાય છે. સદ્‌ગુરુના આજ્ઞાપાલનમાં નિષ્ઠા એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો આરંભ છે.

યુવાચારિત્ર્યનિર્માણ, સ્વાસ્થ્ય અને શિક્ષણસેવા, પર્યાવરણ સંવર્ધન અને સાંસ્કૃતિક વિકાસ આપના અધ્યાત્મ વિતરણનાં અવિભાજ્ય અંગ બની રહ્યાં છે. વેશ અને વર્ણની પાર વ્હાલ અને વિશ્વાસની શાલીનતા માનવને રત્ન બનાવે છે, એમ આપે પ્રમાણિત કર્યું છે.

આપની પ્રેરણાદાયી, સામાજિક સુવિધા અને વિકાસલક્ષી ભાવના અને પ્રવૃત્તિઓનો વ્યાપ વર્ધમાન રહે, આપનું જીવન સુદીર્ઘ અને નિરામય બની રહે, એવી અંતરની ભાવના.

સંતોની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી પાંગરે છે પુષ્પો, જેમાં અધ્યાત્મની સુગંધ છે, પ્રસન્નચિત્ત સેવાનો રંગ છે, અનુકંપાભરી કોમળતાનો સ્પર્શ છે. ખીલે છે એક આનંદ ઉપવન!

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

ધર્મસ્નેહાધીન,

(પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી) તા. ૨૩.૦૩.૨૦૨૬

International Headquarters: Shrimad Rajchandra Ashram, Shrimad Rajchandra Marg, Dharampur-396050, District-Valsad, Gujarat, India. | Tel. no. : +91 72850 40000 | Website: www.srmd.org

---

શ્રીવલ્લભકુલભુષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય.પાદ.ગોસ્વામી ૧૦૮

**શ્રીવ્રજરાજકુમારજી મહોદયશ્રી**

(જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી પીઠ)



જન્મ દિવસ

## શુભેચ્છા સંદેશ

**જસભાઈ સાહેબ** તારીખ: **૨૩/૩/૨૦૨૬**

**આજે આપના જન્મ દિવસ પ્રસંગે આપને હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ.**

સત્કર્મની સુવાસથી જીવનને સુગંધિત કરવાનો લક્ષ્ય સાધવા મનુષ્ય જીવનનું પ્રથમ પગલું જન્મ દિવસ જ હોય છે. આપના જીવનનું આવનારુ વર્ષ શ્રીપ્રભુની અનુકંપાથી દિવ્યતાના સાનિધ્યમાં શ્રેષ્ઠ આરોગ્ય સાથે કાર્યક્ષેત્રે સફળતાને સાધીને પ્રેમ,આનંદ,વિશ્વાસ અને ઉલ્લાસ સાથે નવીન ઉર્જાથી ભરપૂર ઉત્સવથી પલ્લવિત બની રહે એવી અંતર હૃદયની શુભેચ્છા પાઠવીએ છીએ.

**જન્મ દિવસ એ સત્સંકલ્પનો એક શ્રેષ્ઠ દિવસ હોય છે જે સમયે લૌકિક સાંસારિક જવાબદારીઓ,વ્યક્તિગત લક્ષ્યોને પ્રાપ્ત કરવાના અભિગમમાં જયારે સતત આપણે કાર્યરત હોઈએ છે એ તમામ પરિસ્થિતિમાં એક સત્સંકલ્પ જે સમાજના કલ્યાણ કાજે, માનવતાના કલ્યાણ કાજે,પ્રકૃતિના લાભાર્થે અથવા તો રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ હોય આ તમામ પૈકી કોઈ એક સત્સંકલ્પથી આપના જન્મદિવસે સંકલ્પિત બનીને આપના જીવન ઉત્સવને કૃતાર્થ કરો એવી લાગણી સાથે આપને વિશેષ આહ્વાન કરીએ છીએ.**

પુનઃ આપના જન્મ દિવસ પ્રસંગે; પ્રભુ આપની દરેક સિદ્ધિઓને નવો વેગ પ્રદાન કરે તેમજ જીવનના પ્રત્યેક પડાવ પર આપને માર્ગદર્શન પૂરું પાડતાં રહે એવી શુભકામના પ્રદાન કરીએ છીએ.

ભવદીય

વ્રજધામ આધ્યાત્મિક સંકુલ

ગોસ્વામી
વ્રજરાજકુમાર
ગોસ્વામી વ્રજરાજકુમારજી

॥ શ્રીવ્રજરાજજી કાર્યાલયમ ॥
⊙ વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ⊙ VYO શ્રીનાથધામ હવેલી

---

**Sanskruti Vistarak Sangh**

"NIRMAL NIKETAN" 2, DR. BHAJEKAR STREET, MUMBAI-400 004.
TEL.: 2386 4919, 2386 6986, 2386 2569
P.T.R. No. E-2424 (Bom.)

પ્રતિ,
શ્રી સંતભગવંત સાહેબજી મહારાજ, ૨૯/૦૩/૨૦૨૬
''અનુપમ મિશન''
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી, આણંદ.

આપની સકુશળતા ઇચ્છતા સ્વાધ્યાય પરિવારના સાદર વંદન સ્વીકારશો. ગયા અઠવાડિયે ઉપાસના ધામ (વેમાર) સ્થિત શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીનો દશાબ્દી પાટોત્સવ આપની ઉપસ્થિતિમાં ઉલ્લાસથી ઉજવાયો.

તે પ્રસંગે, આપની પ્રેરણાથી પરમ પૂજનીય દીદીજીને ''શાલીન માનવ રત્ન'' સન્માનથી વિભૂષિત કરાયા. આ યાદગાર સન્માનથી અખિલ સ્વાધ્યાય પરિવાર પ્રસન્ન છે અને અંતઃકરણથી આપનો કૃતજ્ઞ છે; કેમકે આ સન્માન દ્વારા આપે પરમ પૂજનીય દીદીજીના અવિરત છૂપા કર્મયોગને અલંકૃત કર્યો. તમારી આ વિશુદ્ધ ભાવનામાં યોગીજી મહારાજના પણ ભારોભાર આશિષ સમાયેલા છે તેવી અમારી લાગણી છે. એટલે જ તે દિવસે મંચ ઉપરથી જ્યારે પરમ પૂજનીય દીદીજી અને આપના સંબોધનો સૌએ ઝીલ્યાં, ત્યારે જાણેકે પરમ પૂજનીય દાદાજી અને યોગીજી મહારાજ ત્યાં સાક્ષાત ઉપસ્થિત હોય તેવી સૌને અનુભૂતિ થઈ. આ સન્માન નિમિત્તે ઔપચારિકતાને છોડી દઈને આપે પરમ પૂજનીય દીદીજી માટે વરસાવેલા છલોછલ સ્નેહના દર્શન સમગ્ર સ્વાધ્યાય પરિવારને થયાં છે. પરમ પૂજનીય દીદીજી અને આપની વચ્ચે જે સહજ સંવાદો થયા, તેનાથી આપણી વચ્ચે રચાયેલી પારિવારિક હૂંફ અમે અનુભવીએ છીએ.

પરમ પૂજનીય દાદાજીને લીધે આપની સંગાથે, તેમ જ અનુપમ મિશન, સદ્‌ગુરુ સાધુ અશ્વિનદાદા, મનોજદાસજી અને પીટરદાસજી જેવા પ્રેમાળ સંતોની સાથે દૈવી સંબંધ બંધાયો છે. એ સબંધ સદાય હર્યોભર્યો ખીલતો રહે એ જ ભાવથી આપને સ્વાધ્યાય પરિવારના પુનઃ સાદર નમસ્કાર પાઠવીએ છીએ.

''સ્વાધ્યાય પરિવાર'' વતી,

કમલેશભાઈ શાહ
(મો. 93248 90465)




### ભગવાનને સર્વોપરી, કર્તા-હર્તા માની પરિપૂર્ણ નિષ્ઠાની અનુભૂતિ સાથે વેમારમાં ઉજવાયો

# મંદિરજી દિવ્ય દશાબ્દી મહોત્સવ

**દસ** વર્ષ પૂર્વે ૨૦૧૬ના માર્ચ માસની ૨૩મી તારીખે-સંતભગવંત સાહેબજીના અમૃત મહોત્સવ પ્રસંગે કાનમ પ્રદેશના સોહામણા ગામ વેમાર ખાતે નિષ્ઠાવાન અક્ષરમુકતો ચંદ્રકાંતભાઈ-શીલાબહેન અને પરિવારનાં સમર્પણ તથા સૌ સંતો-ભક્તોની ભક્તિને પરિણામે શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા, સૌ ગુણાતીત સંતો અને ગુરુહરિ સાહેબજીના આશીર્વાદથી ભારતમાં અનુપમ મિશનનું પ્રથમ અલૌકિક શિખરબદ્ધ મંદિર નિર્માણ પામ્યું. મંદિરજીમાં શ્રી મુક્તઅક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની દિવ્ય મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ અને તે મહોત્સવ અનેક રીતે વિશેષ બની રહ્યો, જેની સ્મૃતિઓ આજે પણ સૌનાં હૈયે ચિરંજીવ છે ! ધીરેધીરે, મંદિરજીની સુવાસ વિસ્તરી, અનેક ભક્તો સત્સંગમાં જોડાયા અને જીવન-ઉત્કર્ષને પામ્યા. સૌનાં હૈયે દૃઢ થયેલી માહાત્મ્યસભર ભક્તિ અને અચળ નિષ્ઠાની સૂરાવલિ સહેજે જ સૌને અનુભવાતી ગઈ. આમ, છેલ્લાં દસ વર્ષ દરમિયાન શ્રી ઠાકોરજીની દિવ્ય કૃપા અને આશીર્વાદથી મંદિરજીનો પ્રભાવ અનેક પ્રકારે વિકસ્યો અને વિસ્તર્યો. આવી અઢળક અનુભૂતિઓ સાથે સન ૨૦૨૬માં મંદિરજીનો દિવ્ય દશાબ્દી મહોત્સવ આયોજિત થયો. ૨૨ અને ૨૩ માર્ચ ૨૦૨૬ના દ્વિ-દિવસીય મહોત્સવ અંતર્ગત 'શાલીન માનવરત્ન સન્માન' અર્પણ સમારોહ, મંદિરજી દિવ્ય દશાબ્દી પાટોત્સવ, સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય મહોત્સવનાં ભવ્ય આયોજન થયાં. તે માટે વેમારના સૌ સ્થાનિક ભક્તો સાથે વડોદરા અને અંકલેશ્વર-ત્રિભુવન પ્રદેશના તથા આસપાસનાં મંડળોના ભક્તો સેવામાં લાગી ગયા. મહોત્સવના ત્રણ દિવસ પહેલાં મંડપનિર્માણ, સુશોભન, રોશની, પરિસરસજ્જા આદિ સઘળું સમયસર પૂર્ણ થઈ ગયું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પણ આગોતરા પધારી ગયા અને શ્રી ઠાકોરજી અને ગુરુહરિને રાજી કરવાની ભાવનાથી સેવા-ભક્તિ કરતાં સૌ પર પ્રસન્નતા વરસાવી. અને ૧૯મી તારીખે અચાનક જ વાતાવરણ પલટાયું. અતિશય ઝડપે પવન ફુંકાયો. તોફાની વાવાઝોડું આવ્યું અને સઘળું ધૂળ ભેગું કરી દીધું. મંડપ ઊડી ગયો, સુશોભન વેરવિખેર થઈ ગયું. સઘળી મહેનત પર પાણી ફરી વળ્યું હોય તેવી પરિસ્થિતિ ઊભી થઈ. પણ અહીં દૃશ્ય જુદું હતું. કારણ કે, સૌને પ્રભુનાં કર્તા-હર્તાપણાંનો સ્વીકાર હતો, સંતભગવંત સાહેબજી પ્રતિની અસાધારણ નિષ્ઠા હતી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની દિવ્ય ઉપસ્થિતિ અને આશીર્વાદની હૂંફ હતી ! પ્રભુની આ લીલાને સૌ નીરખતાં હતાં. પવનદેવ અને ઇંદ્રદેવ પોતાની સેવા કરી ગયા બાદ સૌ ભક્તો પુનઃ અત્યંત ઉમંગ સાથે સેવામાં લાગી ગયા. સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી સૌએ સેવા કરી તો માત્ર બે જ દિવસમાં-૨૧ માર્ચની સાંજ સુધીમાં તો ફરી પાછું બધું નવસર્જન પામી ગયું. મંદિરજી અને પરિસરની દિવ્યતા તથા શોભા સૌને અલૌકિક દર્શન આપતી હતી. પ્રત્યેક વ્યવસ્થા ભક્તોની સેવાભાવના અને અપાર ભક્તિનાં વર્ણન કરી રહી હતી. પ્રાદેશિક સંતો સાધુ પૂ. સતીશદાસજી અને સાધુ પૂ. મણિલાલદાસજી જેવા સંતોનાં માર્ગદર્શન અને પ્રેમને પરિણામે ભક્તોમાં પાંગરેલ નિષ્ઠાનાં અદ્વિતીય દર્શન અને અનુભવ થતાં હતાં. ઉતારાવ્યવસ્થા, ભોજનવ્યવસ્થા, સભાવ્યવસ્થા, મંચસજ્જા એમ દરેક સેવાઓમાં ભક્તોની અપાર ભક્તિ વહી રહી છે તેનાં દર્શન થતાં હતાં ! ◆

# ગુરુહરિ સંતભગવંત સાહેબજીનાં ભક્તિભાવે સ્વાગત

**૨૧** માર્ચ ૨૦૨૬ની ઢળતી સાંજે ગુરુહરિ સંતભગવંત સાહેબજી સૌના ભક્તિભાવને સ્વીકારવા ઉપાસના ધામ, વેમારના પ્રાંગણમાં પધાર્યા. ઉપસ્થિત સૌ ભક્તોએ મુખ્ય પથની બંને બાજુ ઊભા રહી ખૂબ ભાવથી કીર્તનગાન, કરતાલ અને હૈયાના આનંદ સાથે ગુરુહરિને આવકાર્યા. મંદિરજીમાં સંધ્યા આરતી અર્પણ કર્યા બાદ સ્વાગતસભા યોજાઈ. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ દશાબ્દી મહોત્સવનો આનંદ વ્યક્ત કરી શુભાશિષ પાઠવી. ભક્તોએ ભેગા મળીને કરેલી અપ્રતિમ ભક્તિને તેઓએ પ્રસન્નતાપૂર્વક બિરદાવી. વેમારમાં છેલ્લાં દસ વર્ષથી મંદિરજીની સેવામાં પ્રવૃત્ત અને અત્યંત મહિમા સાથે સેવારત સેવકો-નિષ્ઠાવાન ભક્તોના પ્રતિનિધિ સ્વરૂપે ચંદ્રકાંતભાઈ-શીલાબહેન, મનીષદાદા-જીતીક્ષાબહેન, ઠાકોરભાઈ-હેમલતાબહેન, સમીરભાઈ-રેખાબહેન, યોગેશભાઈ-અસ્મિતાબહેન, ઉમેશભાઈ-રોમાબહેન, અલકભાઈ-જીનલબહેન, કૃપાબહેન આદિનાં આ પ્રસંગે અભિવાદન કરી સરાહના કરવામાં આવી. આ ઉપરાંત, મંદિરજીમાં શ્રી ઠાકોરજીની સેવા-પરિચર્યામાં પ્રવૃત્ત સાધુ ચિરાગદાસજી, મંદિરજી નિર્માણની સેવામાં જોડાયેલા સંતો-સંદીપદાસજી, કેયૂરદાસજી, પિનાકીનદાસજી તથા સ્થાનિક ભક્તોને ભક્તિના રંગે રંગી માહાત્મ્યસિંચન કરતા પ્રાદેશિક સંતો સતીશદાસજી અને મણિલાલદાસજીના પણ આ પ્રસંગે પ્રસન્નતાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યાં. ચંદ્રકાંતભાઈએ સૌના પરિચય સાથે તેઓનાં સેવા-પ્રદાન અને સમર્પણની મહિમાસભર સુંદર વાતો જણાવી.



ઉપાસના ધામ, વેમારના આંગણે સંતભગવંત સાહેબજીનાં ભાવપૂર્ણ સ્વાગત






ચંદ્રકાંતભાઈ દ્વારા સંતભગવંત સાહેબજીને પુષ્પહાર અર્પણ અને પ્રાસંગિક મહિમાગાન



આશીર્દાન : પ.પૂ. અશ્વિનદાદા

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને વાવાઝોડાને કારણે સર્જાયેલ પરિસ્થિતિમાં ભક્તો દ્વારા પ્રભુના કર્તા-હર્તાપણાના, સર્વોપરિતાનો સ્વીકાર થયો તેની વાતો કરી ભક્તોની મહિમાસંપન્ન ભક્તિને બિરદાવી. શેરડીના સાંઠાના વચલા ભાગ સમાન હાલમાં સત્સંગ માટે ખૂબ જ અનુકૂળ સમયમાં સૌની પ્રભુના ભાવે સેવા-ભક્તિ કરવાની પ્રેરણા આપી. પૂ. અશ્વિન-દાદાની અધ્યક્ષતા હેઠળ સમગ્ર મહોત્સવનાં આયોજન અને ઉદ્‌ઘાટન થયાં તે માટે અપાર પ્રસન્નતા વ્યક્ત કરી. 'વંદું સહજાનંદ રસરૂપ...' પદોનાં ગાન કરી સભા સંપન્ન થઈ. ◆



આશીર્દાન : સંતભગવંત સાહેબજી

મંદિરજી અને સત્સંગની સેવામાં સમર્પિત સંતો-ભક્તોનાં અભિવાદન



# મહાપર્વ શુભારંભ તથા શાલીન માનવરત્ન સન્માન અલંકરણ સમારંભ



પૂ. દીદીજી, પૂ. ભીખુભાઈ અને સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત



સભાસંચાલન : સાધુ પૂ. ડૉ. સરજુદાસજી



પ્રાસંગિક આવકાર : ચંદ્રકાંતભાઈ પટેલ



સાધુ રમેશદાસજી-ઝા, રમેશદાસજી-દયાળુ, અશ્વિનદાસજી ગાંધી અને સતીશદાજી દ્વારા હૃદયવંદન





પૂ. દીદીજી અને પૂ. ભીખુભાઈનાં સ્વાગત-આવકાર

૨૨ માર્ચની શુભ સવારે મંદિરજીના પ્રાંગણમાં નિર્મિત ભવ્ય સભામંડપમાં સૌ પધારી ગયાં. સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં સ્વાધ્યાય પરિવારનાં સંવાહક, શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેજીના ગરવા ગુણવારસાનાં ધારક આદરણીય પરમ સન્માનનીય પૂજ્ય શ્રીમતી ધનશ્રી તલવલકર-દીદીજી તથા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ આદરણીય પરમ સન્માનનીય શ્રીમાન ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલને 'શાલીન માનવરત્ન સન્માન'થી અલંકૃત કરવાના સમારોહની શરૂઆત સ્વાગત-ભક્તિથી થઈ.

એક સુંદર સુશોભિત રથમાં પૂ. દીદીજી અને પૂ. ભીખુભાઈ બિરાજ્યાં અને બીજા કલાત્મક રથમાં સંતભગવંત સાહેબજી બિરાજ્યા. મંચ સુધીના પથ પર વેમાર, વડોદરા અને અંકલેશ્વરની યુવતીઓએ ભક્તિનૃત્ય સાથે ભાવથી સ્વાગત કર્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સૌ સભામાં પધાર્યાં. મંચસ્થ સૌ સંતો, મહાનુભાવોનાં પૂજન, પુષ્પાર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યાં. કાનમ પ્રદેશના અગ્રણી અને નિષ્ઠાવાન અક્ષરમુક્ત ચંદ્રકાંતભાઈ પટેલે સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર આપ્યો.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આદરણીય શ્રીમતી ધનશ્રી તલવલકરજી-દીદીજીનાં બહુઆયામી વ્યક્તિત્વ અને દિવ્ય જીવનનાં પરિચય-દર્શન કરાવ્યાં. ત્યારબાદ તેઓને સન્માન અર્પણ કરાયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ શાલ, પૂ. રતિકાકાએ ખેસ અને સંતભગવંત સાહેબજીએ 'શાલીન માનવરત્ન સન્માન'થી તેઓને અલંકૃત કર્યાં. આ સન્માનને સ્વીકારી પૂજ્ય દીદીજીએ ધન્યતા સાથે હૃદયભાવ વ્યક્ત કર્યા. તેઓએ ગુરુદેવ યોગીજી મહારાજ અને પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેજીના સ્મૃતિપ્રસંગોને વર્ણવી તેઓના પરસ્પર પ્રેમભાવને વ્યક્ત કર્યા. સાહેબદાદા પ્રતિના આદરને પણ ખૂબ પ્રસન્નતાપૂર્વક વ્યક્ત કર્યા. પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેજીના કાર્યને વહેતું રાખવા પ્રભુચરણે પ્રાર્થના યાચી. સ્વામિનારાયણ સંપ્રદાય અને સ્વાધ્યાય પરિવારનાં સૌ એક છીએ તે ભાવના તેઓએ આ પ્રસંગે વિશેષ આનંદ સાથે વ્યક્ત કરી. અત્યંત આદરભાવે તેઓએ સંતભગવંત સાહેબજીનાં પૂજન કરી, પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી અભિવાદન કર્યાં.







આશીર્દાન : પ.પૂ. અશ્વિનદાદા

ત્યારબાદ શિક્ષણ મહર્ષિ આદરણીય શ્રીમાન ભીખુભાઈ પટેલના પરિચય સાધુ પૂ. પીટરદાસજીએ કરાવ્યા. આવા સાલસ વ્યક્તિત્વને પૂ. અશ્વિનદાદાએ શાલ, પૂ. રતિકાકાએ ખેસ અને સંતભગવંત સાહેબજીએ ખૂબ ગૌરવ સાથે 'શાલીન માનવરત્ન સન્માન'થી અલંકૃત કર્યા. આ પ્રસંગે ઉપસ્થિત તેઓનાં ધર્મપત્ની શ્રીમતી સરોજબહેનને પણ તેઓનાં સમર્પણ બદલ બિરદાવ્યાં. શ્રીમાન ભીખુભાઈએ ખૂબ વિનમ્રતાપૂર્વક આ સન્માનને સાહેબજીના આશીર્વાદ માની ધન્યતા વ્યક્ત કરી. સાહેબજીના પ્રસન્નતાપૂર્ણ મુખારવિંદના દિવ્ય સંસ્પર્શને વાગોળી હૃદયભાવ રજૂ કર્યા. 'સમાજમાં રહી સમાજના ઉત્થાનમાં રત રહી સવિશેષ કાર્ય કરતાં વ્યક્તિત્વોને બિરદાવવાં તે ભક્તિ છે' તેમ જણાવી પૂ. અશ્વિનદાદાએ આ સમારોહનો મર્મ સમજાવ્યો.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેજીએ યોગીબાપા માટે કહેલ વાત – 'યોગીજી મહારાજ ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ છે...' તેની સ્મૃતિ કરી ગુરુવંદન ધર્યાં. દીદીજી અને ભીખુભાઈએ પધારી સન્માન સ્વીકાર્યું તે બદલ આભાર વ્યક્ત કર્યો. દીદીજીની દાસત્વભાવના અને ભીખુભાઈની સાલસતાને વર્ણવી. આધ્યાત્મિક સંસ્કાર અને શિક્ષણના સમન્વય સમાન આ બંને મહાનુભાવોની મહાનતાની સુંદર વાતો કરી. આત્માના કલ્યાણ અને રક્ષા માટે પ્રભુનો આશરો અનિવાર્ય છે. પ્રભુના માહાત્મ્યને સમજવા સાધુ અનિવાર્ય છે. સાધુના સંગે આત્માને બળ મળે છે. તેવા સાધુ સાથે જીવ જોડી ભક્તિમાર્ગે પ્રવૃત્ત રહેવા સુંદર સમજ આપી.

આ પ્રસંગે સ્વાધ્યાય પરિવારના ભક્તો, ચારુતર વિદ્યામંડળના પદાધિકારીઓ, અનુપમ મિશનમાં દેશ-વિદેશનાં મંડળોના ભક્તો અને વેમાર તથા આસપાસનાં બાર ગામના મુક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ માણ્યો. સંતોની સંનિધિ, સંતભગવંત સાહેબજીના આશીર્વાદ, પ્રભુની કૃપાના આનંદને હૈયે ધરી સૌએ ધન્યતા અનુભવી. ◆



આશીર્દાન : સંતભગવંત સાહેબજી



પૂ. દીદીજીના પરિચય : પૂ. મનોજદાસજી



પ્રતિભાવ : પૂ. દીદીજી




પૂ. દીદીજીનાં અભિવાદન



પૂ. ભીખુભાઈના પરિચય : પૂ. પીટરદાસજી



પ્રતિભાવ : પૂ. ભીખુભાઈ



પૂ. ભીખુભાઈ પટેલનાં અભિવાદન





સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે પૂ. દીદીજી દ્વારા પૂજન-અભિવાદન

# મંદિરજી દશાબ્દી પાટોત્સવ મહાપર્વ સત્સંગ સભા તથા ગુરુહરિ સંતભગવંત સાહેબજી મહારાજના ૮૭મા પ્રાગટ્યોત્સવે માહાત્મ્યદર્શન સભા

**૨૨** માર્ચની સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીની દિવ્ય સંનિધિમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. સભાસંચાલક મનીષભાઈએ વેમારમાં સત્સંગનાં પગરણ અને વિકાસની યાત્રા વર્ણવી તથા સંતભગવંત સાહેબજીનાં આશીર્વાદ અને સામર્થીની સુંદર વાતો કરી. ત્યારબાદ મંદિરજી અને સંતભગવંત સાહેબજીનાં મહિમાગાનનો દોર શરૂ થયો. મંદિરજીની સેવાથી તથા સંતભગવંત સાહેબજીના આશીર્વાદથી સૌનાં જીવન ઉત્થાનને પામ્યાં, આંતરિક-બાહ્ય સમૃદ્ધિ મેળવી અને સર્વાંગી સુખ, શાંતિ અને આનંદને પ્રાપ્ત કર્યાં તેના અલૌકિક મહિમાની વાતો સંતો-ભક્તોએ કરી. ઉમેશભાઈ (વેમાર), પારુલબહેન (વેમાર), ભાવનાબહેન (વડોદરા), મેહુલભાઈ (વડોદરા), રોહનભાઈ (અંકલેશ્વર)એ ખૂબ ભાવસભર મહિમાગાન કર્યાં. ખુમારી અને મહિમાની પરાકાષ્ઠા સાથે હૃદયના અલૌકિક ભાવ અને પ્રાપ્તિની ધન્યતા આ સૌ ભક્તોએ હૃદયસ્પર્શી પ્રસંગો દ્વારા રજૂ કરી અનુભવદર્શન કરાવ્યાં. પોતાના પ્રભુ અને ગુરુની મહિમાની સરવાણી વહાવી આ ભક્તોએ અનુપમ ભક્તિ અદા કરી.



સભાસંચાલન : મનીષભાઈ પટેલ



મહિમાગાન : પારુલબહેન પટેલ



મહિમાગાન : મેહુલભાઈ પટેલ



મહિમાગાન : સાધુ પૂ. સતીશદાસજી

આ પ્રસંગે પધારેલા વિવિધ મંડળોના ભક્તોએ તૈયાર કરેલ કલાત્મક શુભેચ્છા કૃતિઓ, સ્મૃતિભેટ અને વિશેષ હાર સંતભગવંત સાહેબજીને અર્પણ કરી ભક્તિભાવે હૃદયવંદન ધર્યાં. સાધુ પૂ. સતીશદાસજીએ તેઓના છેલ્લાં પંદર વર્ષનાં કાનમ પ્રદેશમાં વિચરણ દરમિયાન થયેલા અનુભવોને, ભક્તોની સમર્પણ-ભાવનાને અને સૌની પરિપક્વ નિષ્ઠાને બિરદાવી. દરેક પ્રસંગે સંપ, સુહૃદભાવ અને એકતા સાથે કરાતી સેવાભાવનાને પરિણામે કાનમ પ્રદેશના ભક્તો પર વરસેલી સાહેબજીની પ્રસન્નતાનાં દૃષ્ટાંતો સાથે દર્શન કરાવી પ્રાસંગિક ધન્યભાવ વ્યક્ત કર્યા. ત્યારબાદ ભચાઉથી પધારેલા ગવ્યસિદ્ધ વૈદરાજ પૂ. રુદ્રાંશજી મહારાજે આ ઉત્સવમાં થયેલા અનુભવનાં તેમજ સંતભગવંત સાહેબજી પ્રતિના આદરભાવને વ્યક્ત કરી તેઓના ગુણાતીતભાવનાં દિવ્ય દર્શન કરાવ્યાં. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું કે, “આત્મામાં રહેલા પરમાત્મા પ્રકાશિત થાય તો દેહભાવ ઓગળે અને તે સંતનાં વચને મહિમા સાથે સેવા-ભક્તિ કરવાથી થાય. સંપ, સુહૃદભાવ અને એકતાથી કરેલાં કાર્યો પ્રભુની પ્રસન્નતા અપાવે છે. સંતનાં વચને કરેલી આવી સેવા હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી મુક્તિ અપાવે છે. ભગવાનના ભક્તોની નિર્દોષભાવે કરેલી સેવા અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદ આપે છે.” આવા દિવ્ય આનંદની પ્રાપ્તિ કરી લેવા માટે અલૌકિક સમજ આપી. ત્યારબાદ સંધ્યા આરતી અર્પણ કરી સૌ વિસર્જિત થયાં. ◆



મહિમાગાન : ઉમેશભાઈ પટેલ



મહિમાગાન : ભાવનાબહેન પરમાર



મહિમાગાન : રોહનભાઈ પટેલ



આશીર્વચન : પૂ. રુદ્રાંશજી મહારાજ



આશિષવર્ષા : સંતભગવંત સાહેબજી

# મંદિરજીની મૂર્તિઓનો દિવ્ય દશાબ્દી પાટોત્સવ મહાપર્વ



શ્રી મુક્તઅક્ષરપુરુષોત્તમ મહારાજનાં પાટોત્સવ પૂજન





શ્રી ગુણાતીત સ્વરૂપોનાં પાટોત્સવ પૂજન





શ્રી દેવસ્વરૂપોનાં પાટોત્સવ પૂજન





યોગીબાપા અને સાહેબજીની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન



પ્રાસંગિક આશીર્વચન : પૂ. દિલીપદાસજી

**૨૩** માર્ચની સવારે મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં સદ્‌ગુરુ સંતોની પ્રત્યક્ષ સંનિધિમાં અત્યંત ભક્તિભાવ સાથે દસમા પાટોત્સવ પૂજન થયાં. અનુપમ સૂરવૃંદના સંતો-સેવકોએ આ વિધિ અપાર ભક્તિભાવથી કરાવી. અનુપમ મિશનના વડીલ સંતો-સાધુ દિલીપદાસજી, વાસુદેવ-દાસજી, હરસુખદાસજી, ગૌતમદાસજી, રમેશદાસજી-દયાળુ, દિનેશદાસજી-મોદી, હરિકૃષ્ણદાસજી, ચંદુદાસજી, રમેશદાસજી-ઝા, દિનેશદાસજી-ઝાલાવાડિયા અને ઉમેશદાસજીએ અત્યંત પવિત્ર ભાવ સાથે મૂર્તિઓનાં પૂજન કર્યાં. વિવિધ મંડળોના પ્રતિનિધિ ભક્તો યજમાનપદે બિરાજ્યા. તેઓએ ખૂબ શ્રદ્ધા સાથે પૂજનવિધિ કરી ભાવવંદના અર્પણ કરી.

પાટોત્સવ પૂજનવિધિ બાદ શ્રી ઠાકોરજીને શણગાર અર્પણ થયા તે દરમિયાન સૌએ કીર્તનભક્તિ અને વડીલ સાધુ પૂ. દિલીપદાસજીના આશીર્વાદનો લાભ લીધો. શણગાર બાદ છડી પોકારી બુલંદ સ્વરે જયઘોષ કરી શ્રી ઠાકોરજીને વધાવી લીધા. અત્યંત કલાત્મક વાઘાથી સજ્જ મનોહર મૂર્તિઓનાં દર્શને સૌ પરિતૃપ્ત થયાં. સંતોએ પાટોત્સવની આરતી અર્પણ કરી. ધન્યતાની અનુભૂતિ સાથે સૌ કોઈ શ્રી ઠાકોરજી અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને કૃતજ્ઞતા સાથે ગદ્‌ગદભાવે વંદી રહ્યાં. ◆



શ્રી ઠાકોરજીને પાટોત્સવ આરતી અર્પણ



# ગુરુહરિ સંતભગવંત સાહેબજીનો ૮૭મો પ્રાગટ્યોત્સવ તથા
# શાલીન માનવરત્ન સન્માન અલંકરણ સમારંભ

**૨૩** માર્ચ-સંતભગવંત સાહેબજીનો તારીખ મુજબનો પ્રાગટ્યદિન ! તેઓના ૮૭મા મંગલકારી પ્રાગટ્ય દિવસનો આનંદ માણવા અને સૌ સાથે વહેંચવાના ભાવ સાથે સંતો અને અક્ષરમુક્તો સમયસર સભામંડપમાં બિરાજી ગયા. સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યદિન માહાત્મ્યની સાથે વિશ્વવંદનીય યોગગુરુ શ્રી રામદેવજી મહારાજને 'શાલીન માનવરત્ન સન્માન' અર્પણ કરી ભાવ ધરવાનો પણ આજનો અવસર હતો.

આ દિવ્ય પ્રસંગે હરિધામ-સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી, પ.પૂ. નિર્મળ સ્વામીજી અને સંતો તેમજ સંત બહેનો અને અંબરીષ ભક્તો, ગુણાતીત જ્યોત- વલ્લભવિદ્યાનગરનાં સંત બહેનો અને સંત ભાઈઓ, ભચાઉથી વૈદરાજ પૂ. રુદ્રાંશજી મહારાજ, ઉદ્યોગ-સાહસિક શ્રી પીયૂષભાઈ તથા દેશ-વિદેશથી મોટી સંખ્યામાં સંતો અને અક્ષરમુક્તો પધાર્યા, તેઓ સૌનાં સ્વાગત કરી સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આવકાર્યાં અને સન ૨૦૪૦માં ઉજવાનાર વેમાર મંદિરજીના રજત પાટોત્સવ અને સંતભગવંત સાહેબજી શતાબ્દી મહોત્સવની જય બોલાવી સૌના આનંદ-ઉત્સાહમાં વધારો કરી દીધો.



સ્વાગત પ્રવચન : પૂ. મનોજદાસજી

આ દરમિયાન પરમ શ્રદ્ધેય વંદનીય યોગગુરુ શ્રી રામદેવજી મહારાજ અને હનુમાનગઢી-અયોધ્યાના મહંતશ્રી કલ્યાણદાસજી મહારાજ સભામાં પધાર્યા ત્યારે સૌનો આનંદ અનંતગણો વધી ગયો. યુવાઓ દ્વારા સ્વાગતનૃત્ય સાથે સંતભગવંત સાહેબજી સહિત યોગગુરુ શ્રી રામદેવજી મહારાજ અને શ્રી કલ્યાણદાસજી મહારાજનાં ભવ્ય સ્વાગત કરાયાં.



સંતભગવંત સાહેબજી અને પૂ. રામદેવજી મહારાજને પુષ્પહાર અર્પણ





સંતભગવંત સાહેબજી અને મહાનુભાવોનાં ભક્તિનૃત્ય સાથે ભાવપૂર્ણ સ્વાગત



સાહેબજી અને પૂ. રામદેવજી મહારાજનાં પૂ. રુદ્રાંશજી મહારાજ દ્વારા અભિવાદન



મંદિરજીમાં પૂ. રામદેવજી મહારાજ અને પૂ. કલ્યાણદાસજી મહારાજનાં સ્વાગત



પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને હરિધામ-સોખડાના સંતો દ્વારા હૃદયભાવ અર્પણ



**સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ અને શાલીન માનવરત્ન સન્માન અલંકરણ સમારંભનું દિવ્ય મંચદર્શન**


કલાત્મક સુશોભિત રથમાં બિરાજી ત્રણેય સંત-વિભૂતિઓ મંચ પર પધાર્યા ત્યારે સૌ તેઓને વંદી રહ્યાં. મંચસ્થ સૌ સંતો, મહાનુભાવોનાં પૂજન અને પુષ્પાર્પણ કરી આવકાર અપાયા.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ દસ વર્ષ પૂર્વે શ્રી રામદેવજી મહારાજ વેમાર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા તેની સ્મૃતિઓ વાગોળી અને તેઓના અનુપમ મિશન તથા સંતભગવંત સાહેબજી સાથેના દિવ્ય સંબંધને જણાવીને શ્રી રામદેવજી મહારાજની સરળતા અને સંતત્વને વર્ણવી તેઓની સેવાભાવના અને રાષ્ટ્રભક્તિને બિરદાવી. ત્યારબાદ શ્રી રામદેવજી મહારાજને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ શાલ ઓઢાડી, પૂ. રતિકાકાએ ખેસ પહેરાવી, સંતભગવંત સાહેબજીએ ‘શાલીન માનવરત્ન સન્માન’થી અલંકૃત કરી ધન્યભાવે બિરદાવ્યા. આ ક્ષણે સૌએ કરતાલ સાથે તેઓને વધાવી લીધા.



પૂ. રામદેવજી મહારાજના પરિચય : પૂ. અશ્વિનદાદા


શ્રી રામદેવજી મહારાજે આ પ્રસંગે પ્રતિભાવ અર્પણ કરી આનંદ અને ધન્યતા સાથે આશીર્વાદ આપ્યા. વિશેષ તો, સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમ અને આદરને વ્યક્ત કર્યો. કૃતજ્ઞતા વ્યક્ત કરતાં તેઓએ કહ્યું કે, “સાહેબદાદાના તેઓ પર ઘણા ઉપકાર છે. નવધાભક્તિના જીવંત વિગ્રહ સંતભગવંત સાહેબજી છે. ગુરુદેવ યોગીજી મહારાજની સાધુતાને ધારક, સાધુતાના પરમ વૈભવ સમાન સાહેબજી ગુણાતીત મહાપુરુષ છે. સાધુ વસ્ત્રથી નહીં પણ ચરિત્રથી ઓળખાય છે અને સાહેબજી એવા જ બ્રહ્મસ્વરૂપ અલૌકિક સત્પુરુષ છે. ગુરુના વચનને ઝીલનાર અને શ્રદ્ધા સાથે તેમના વચનને જીવનાર એવા અજોડ સાધુ સાહેબજી છે. સાહેબજી મારા માટે પિતા ને ગુરુ સમાન છે. પ્રેમના સાક્ષાત્ અવતાર સાહેબજી છે. સાહેબજીને નાનાં-મોટાં સૌ પ્રતિ જે પૂજ્યભાવ છે તે અદ્વિતીય છે. સાધુ સ્વાવલંબી હોવા જોઈએ તે ભાવ સાહેબજીએ શીખવ્યો અને ‘પતંજલિ યોગપીઠ’રૂપી કર્મયોગની પ્રેરણા આપનાર સાહેબજી જ છે. પુરુષાર્થથી પરમાર્થનું માર્ગદર્શન અમને સાહેબજીએ આપ્યું છે” તેમ જણાવી ઘણો મહિમા ગાયો તથા આધ્યાત્મિક જીવન જીવવા માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યાં.




પૂ. રામદેવજી મહારાજનાં અભિવાદન

પૂ. રુદ્રાંશજી મહારાજે સંતભગવંત સાહેબજી અને શ્રી રામદેવજી મહારાજનાં સન્માન કરી ભાવ ધર્યા. હરિધામ-સોખડાના સૌ સંતો-ભક્તો વતી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતોએ પણ વિશેષ પુષ્પહાર અર્પણ કરી ભાવ ધર્યા.

ત્યારબાદ પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ આશીર્વાદ પાઠવતાં



ધન્યભાવે પ્રતિભાવ અને કૃપાશિષ : પૂ. રામદેવજી મહારાજ



કૃપાશિષ : પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી

જણાવ્યું કે, "સાહેબજી યોગીબાપા પાસે ઠરાવરહિત અને ગુરુમુખી જીવ્યા છે. યોગીબાપાને તેઓએ પ્રસન્ન કર્યા તો યોગીબાપાથી સહજ કહેવાઈ ગયું કે, 'જશુભાઈ સાહેબ તો અમારા ભાગીદાર છે.' સાહેબજી જેવા ગુણાતીત સત્પુરુષનો બ્રહ્મસ્પર્શ જેને થાય તેના સ્વભાવ ઓગળી જાય. સાહેબજીને ગમે છે તેવું જીવન જીવીને ગુરુભક્તિ અદા કરીએ એ જ ધ્યેય રાખવો. દાસત્વભક્તિ સૌનું જીવન બની જાય તેવી પ્રાર્થના!"

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યા. શ્રી રામદેવજી મહારાજે 'શાલીન માનવરત્ન સન્માન' સ્વીકાર્યું તે આ સન્માનનું ગૌરવ વધાર્યા સમાન છે તેમ જણાવી આનંદ વ્યક્ત કર્યો. અને તેઓ દ્વારા સ્વદેશી રાષ્ટ્રભાવનાનો જે વિકાસ થયો છે તેમજ યોગ અને રાષ્ટ્રભક્તિ અર્થે તેઓ થકી જે પ્રયત્નો થાય છે તે સહજ વંદનીય છે તેમ જણાવી શ્રી રામદેવજી મહારાજને બિરદાવ્યા. રામદેવજી મહારાજ ઓલિયા સાધુ છે તેમ જણાવી અનુપમ મિશન દ્વારા તેઓને સન્માન અર્પણ કરી ભક્તિ અદા કર્યાનો સંતોષ વ્યકત કર્યો તેમજ તેઓએ સૌ પર વરસાવેલ પ્રેમને વધાવી સંતભગવંત સાહેબજીએ વંદન ધર્યાં તથા ભગવાન સંતો દ્વારા પ્રગટ છે માટે તેઓની આજ્ઞા પાળી જીવન ધન્ય કરી લેવા સમજ આપી.



કૃપા–આશિષવર્ષા : સંતભગવંત સાહેબજી

દશાબ્દી પાટોત્સવ પ્રસંગે શ્રી ઠાકોરજીને સુંદર અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરી ભક્તોએ ભક્તિ અદા કરી. આખાય મહોત્સવમાં સાધુ પૂ. સતીશદાસજી અને સાધુ પૂ. મણિલાલદાસજીની સેવા, અથાક પુરુષાર્થ અને દિવ્ય માર્ગદર્શન સમૈયાની સર્વાંગી સફળતાના આધારસ્તંભ બની રહ્યા. તેઓનાં પ્રેમસભર જતન અને આધ્યાત્મિક માર્ગદર્શનને પરિણામે ભક્તો અખંડ બળમાં રહી સુહૃદભાવે સેવાપ્રવૃત્ત રહ્યા. તેઓ સૌએ પ્રભુના ભાવે સૌની સેવા કરી સંતભગવંત સાહેબજીનો અંતરનો રાજીપો મેળવ્યો. વડીલ માવતર ચંદ્રકાંતભાઈ, મનીષભાઈ, મનીષદાદા, સમીરભાઈ, ઉમેશભાઈ, ઠાકોરભાઈ, યોગેશભાઈ, બલીભાઈ, મૂકેશભાઈ અને યુવાન-યુવતીઓ, બહેનો અને બાળકોએ તેમજ શંકરદાદા, આશિષભાઈ, અનુપમભાઈ, મેહુલભાઈ, કૌશલભાઈ, તેજસભાઈ અને વડોદરા મંડળના ભક્તો અને રોહનભાઈ, રાજેશભાઈ અને અંકલેશ્વર મંડળનાં ભાઈઓ-બહેનોએ ભેગાં મળીને સમર્પણભાવ, નિષ્ઠા અને મહિમાનાં જે દર્શન કરાવ્યાં તે અજોડ અને અનુપમ બની રહ્યાં. મંદિર અને પરિસરસજ્જા, ભોજન અને પીરસવાની વ્યવસ્થા, ઉતારા અને સભાવ્યવસ્થા, પાર્કિંગ અને આવકારવ્યવસ્થા આદિ સઘળા વિભાગોના સેવકોએ રાત-દિવસ ખૂબ મહિમા સાથે સેવા-ભક્તિ અર્પણ કરી. તેઓની ભક્તિના સંસ્પર્શને અનુભવી, હૈયે ધરી સૌ દિવ્ય આનંદ અને આધ્યાત્મિક ગુણ લઈને વિસર્જિત થયાં. ◆



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**ધુળેટી પર્વ, સંતભગવંત સાહેબજી મહારાજનો ૮૭મો પ્રાગટ્યોત્સવ**
**૩ માર્ચ ૨૦૨૬, મંગળવાર, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**આપણે** બે દિવસથી સદ્‌ગુરુ સંત પ.પૂ. મનોજદાસજીના સ્વમુખે 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ' ગ્રંથના પારાયણ પર વાતો સાંભળીએ છીએ. અત્યારે સાયન્સ અને ટૅક્નોલૉજીએ ખૂબ વિકાસ કર્યો છે અને કલ્પી ન શકાય એવી શોધો માનવજીવનને સુખી કરવા કામ કરી રહી છે. પચ્ચીસ વરસ પહેલાં વિચાર્યું પણ નહોતું એવી સુખ-સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. સાયન્સ અને ટૅક્નોલૉજીથી આટલો બધો વિકાસ આપણે પામ્યાં છીએ એના મૂળમાં જો કોઈ વસ્તુ હોય તો ભારતના સાયન્ટિસ્ટોએ આપેલ 'ઝીરો' (૦)-શૂન્ય છે. ઝીરોની શોધ થયા પછી જ સાયન્સ, મૅથેમૅટિક્સ, ફિઝિક્સ ને બધું અસ્તિત્વમાં આવ્યું છે. ઘણા બધા સાયન્ટિસ્ટોનાં નામ જાહેર થાય છે, એમના પાઠ ભણાવાય છે, એમના પર લેખો લખાય છે; પણ ભારતીય પરંપરામાં જે ઋષિ-મુનિઓએ ઝીરો આપ્યો એ સાયન્ટિસ્ટ્સ-આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્તના નામનો કોઈ જગ્યાએ ઉલ્લેખ જ નથી થતો. જે મૂળ પાયાની વાત છે, જેમના કારણે આપણને આટલી બધી સુખ-સુવિધાઓ પ્રાપ્ત થઈ છે; એ મૂળ સાયન્ટિસ્ટો ભુલાયા છે. ઝીરોની વેલ્યુ કોઈને ખબર નહોતી, પણ ઝીરો (૦)ના કારણે આટલું બધું થયું છે તે સ્પષ્ટ છે.

એમ, માનવમાત્ર સુખની શોધમાં દોડ્યો છે; પણ, સુખ હાથમાં આવ્યું નથી. એ સુખ શેમાં સમાયેલું છે એ વાત સમજાવવા માટે મહારાજ પોતાની સાથે મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને, પોતાના અક્ષરમુક્તોને અને સઘળાં ઐશ્વર્ય-પ્રતાપ લઈને આ બ્રહ્માંડમાં પધાર્યા. ભગવાન શ્રી રામ આવ્યા, ભગવાન શ્રી કૃષ્ણ આવ્યા, ભગવાન શ્રી મહાવીર આવ્યા, ભગવાન શ્રી બુદ્ધ આવ્યા; એ પરંપરામાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે પધાર્યા. એમણે વિશેષતા એ કરી કે, માનવ હોવા છતાં પણ પોતાના ભાવમાં નહિ, પણ પ્રભુના ભાવમાં જીવતા મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીને પોતાની સાથે લાવ્યા. અને બતાવ્યું કે આવા સાધુ બધી પ્રવૃત્તિઓ કરે છે, પણ પોતાના માટે નહીં, પ્રભુ રાજી થાય એ માટે પ્રવૃત્તિઓ કરે છે, બધાં કાર્યો કરે છે પણ પ્રભુની પ્રસન્નતાર્થે-ભક્તિરૂપે કરે છે. આપણે આપણાંમાં રહીને બધી ક્રિયાઓ કરીએ છીએ, જ્યારે તેઓ પ્રભુમાં રહીને કરે છે. એવા ગુણાતીતભાવની સાધુતાનું અદ્‌ભુત દર્શન પોતાના જીવનથી ગુણાતીતાનંદ સ્વામીએ કરાવ્યું. શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'એવા સાધુ થકી અમે આ પૃથ્વી ઉપર અખંડ રહીશું.' આવા ગુણાતીતાનંદ સ્વામીની વાત છડેચોક જો કોઈએ કરી હોય તો એ ભગતજી મહારાજે કરી. ભગતજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જે વાતો કરી એનાથી ખળભળાટ મચી ગયો. ભગતજી મહારાજને પોતાને જે સત્ય સમજાયું હતું એ તેઓ સમાજને આપવા ઈચ્છતા હતા. એ માટે એમનાં કેટલાં બધાં અપમાન થયાં, એમણે કેટલા બધા ભીડા વેઠ્યા! અરે, વિમુખ પણ ઠર્યા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તે વખતમાં કેટલા બધા સાધુઓ હતા, કેટલા બધા ભક્તો હતા! પણ ભગતજી મહારાજની દિવ્ય દૃષ્ટિ ૨૫-૩૦ વરસના યુવાન સાધુ યજ્ઞપુરુષદાસજી ઉપર પડી. તેઓ હજુ 'શાસ્ત્રીજી મહારાજ' તરીકે જાણીતા નહોતા થયા. સાધુ યજ્ઞપુરુષદાસજી તરીકે વિજ્ઞાનાનંદ સ્વામીના શિષ્ય તરીકે સુરતના સમૈયાનું ઍડમિનિસ્ટ્રેશન તેઓ સંભાળતા હતા. ભગતજીએ જોયું કે, આ એક

વિદ્વાન તરવૈયો યુવાન વિરલો છે કે જે ઉપાસનાનું દિવ્ય કામ કરશે. અને ભગતજી મહારાજે દિલ દઈને શાસ્ત્રીજી મહારાજને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતો કરી. અને શાસ્ત્રીજી મહારાજે પણ પોતાના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીજી પાસે એ વાત સાંભળી કન્ફર્મ કર્યું કે ભગતજી મહારાજ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જે વાત કરે છે એ સાચી વાત છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે, એ રૂપ જે થાય એ પ્રભુધારક થાય અને એ રૂપ થાય તો જ અહંશૂન્ય થવાય. અને અહંશૂન્ય થાય તો માણસ જે સુખની શોધમાં નીકળ્યો છે એ સુખ હાથવગું થઈ જાય, શોધવું ના પડે-અંદરથી સુખ-શાંતિ-આનંદ ફૂટે. બધાં સુખોની શોધની પૂર્ણાહુતિ કરે એવી શોધ અક્ષરપુરુષોત્તમ ઉપાસના દ્વારા ભગતજી મહારાજ બહાર લાવ્યા ને શાસ્ત્રીજી મહારાજને આપી. ગઈ કાલે એક પ્રસંગ કહ્યો હતો. યોગીજી મહારાજ-શાસ્ત્રીજી મહારાજના નામથી છાત્રાલયનું નામ પાડવાના હતા. બાપા કહે, “ના પડાય. આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ બધાં માન-સન્માનને ઠેબે મારીને અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવા નીકળ્યા હતા, એટલે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો થાય એ આપણી ગુરુભક્તિ છે; એટલે છાત્રાલયનું નામ ‘અક્ષરપુરુષોત્તમ છાત્રાલય’ રાખો.” શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે એ અક્ષરપુરુષોત્તમ ઉપાસના આપણાં સૌનાં આધ્યાત્મિક જીવન માર્ગદર્શકરૂપે સમજાવી છે.


અમે નાનાં નાનાં બાળકો હતાં ત્યારે યોગીબાપા સોખડા મંદિરે આવે. અમને ટાબરિયાઓને બેસાડીને બાપા કહે, ‘બોલો, સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ.’ ‘સ્વામી’ એટલે ગુણાતીતાનંદ સ્વામી અને ‘નારાયણ’ એટલે સહજાનંદ સ્વામી ! ‘અક્ષર’ એટલે ગુણાતીતાનંદ સ્વામી અને ‘પુરુષોત્તમ’ એટલે સહજાનંદ સ્વામી ! આ વાત બાપાએ જે અમારામાં વાવી તો અત્યારે એ કામ કરે છે. આપણે અહીં આવીને સભામાં બેઠા, આ સંતોનાં દર્શન કર્યાં, સંતોની વાતો સાંભળી-ભલે આપણને સમજ પડી કે ના પડી પણ એક દિવસ એ મોટાં ઝાડ થશે, યાદ રાખો ! ‘મોટાં ઝાડ થશે’ એટલે એ અંદરથી આપણાં કામ કરશે. યોગીબાપા કહેતા, ‘આ સબીજ જ્ઞાન છે, તે કામ કરશે જ.’

માનવમાત્ર ક્યારે સુખી થાય ? સમૃદ્ધિથી સુખી થાય ? તો સમૃદ્ધિવાનને જુઓ તમે. સત્તાથી સુખી થાય ? તો સત્તાવાળાને જુઓ. ફકીર લૂંગીભેર ફરે, કે ઝાડું ફેરવે એમને જુઓ. એટલે કવિઓએ કહ્યું, ‘રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા, ધનપતિ દુઃખી વિકારમેં, વિના વિવેક ભેખ સબ દુખિયા... ઉદ્ધવ મેરો સંત સુખી સંસારમેં.’ વિવેક વગરનો સાધુ પણ દુખિયો છે. જેને અહંશૂન્યતા છે, પોતાનો ભાવ પ્રભુમાં ને ગુરુમાં વિસર્જિત થઈ ગયો છે, પોતાનું ચિત્ત ગુરુમાં ને પ્રભુમાં વિસર્જિત થઈ ગયું છે; એવો જે સાધુ એ સુખિયો છે. અહંકાર બિલકુલ ઝીરો પર આવી ગયો, દાસત્વભાવ પ્રગટી ગયો, પોતે કાંઈ જ નથી-જે કાંઈ છે એ મારા ગુરુ ને મારા પ્રભુ છે; એવા ભાવમાં માણસ જ્યારે રહેતો થશે ત્યારે સુખિયો થશે. પણ એ ભાવમાં રહેતા થવા માટે જેમાં જોડાવાનું છે એવા ગુણાતીતભાવને પામેલા પ્રગટ સાધુ જોઈશે, જોઈશે ને જોઈશે. એવી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સરળમાં સરળ વ્યાખ્યા પ.પૂ. દાદુકાકાએ કૃપા કરીને કરી આપી કે, ‘પ્રગટની ઉપાસના એ અક્ષરપુરુષોત્તમની ઉપાસના !’ અને એની સાધના પ.પૂ. પપ્પાજીએ બતાવી કે, ‘પ્રગટ સત્પુરુષને વિશેની વાસના એ ઉપાસના !’ એમને રાજી કરવાની જે વાસના થઈ એ ઉપાસના ! એનાથી શું થાય ? સત્પુરુષની આજ્ઞા પાળીએ, કર્તા-હર્તા માનીએ, ભક્તોની નિર્દોષભાવે અને મહિમાથી સેવા કરીએ તો અહંકાર ઓગળતો જાય, અને અહંકાર ઓગળતા-ઓગળતા ઝીરોનેસ પર આવી જવાશે. પછી દુનિયાની કોઈ શક્તિ-વ્યક્તિ-પદાર્થ તમારો આનંદ ઓછો નહીં કરી શકે, શાંતિ ખોરવી નહીં શકે, સુખમાંથી ચલિત નહીં કરી શકે-આ વાત ભગતજી મહારાજે આપણને શિખવાડી છે.

શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજની બે પેઢી હોમાઈ ગઈ. દૃષ્ટિમાત્રે લાખો માણસો ભેગાં કરી શકે એટલી એમની કેપેસિટી હતી,

**અહંશૂન્ય થાય તો
માણસ જે સુખની શોધમાં નીકળ્યો છે
એ સુખ હાથવગું થઈ જાય,
શોધવું ના પડે -
અંદરથી સુખ-શાંતિ-આનંદ ફૂટે.**





જેને અહંશૂન્યતા છે,
પોતાનો ભાવ પ્રભુમાં ને ગુરુમાં
વિસર્જિત થઈ ગયો છે,
પોતાનું ચિત્ત ગુરુમાં ને
પ્રભુમાં વિસર્જિત થઈ ગયું છે;
એવો જે સાધુ એ સુખિયો છે.

પણ એમણે એના પર ધ્યાન ના આપ્યું. એમણે આપણાં સૌના જીવમાં ઉપાસના દૃઢ થાય અને એ પ્રકારનું આપણું જીવન બને એ માટે પોતે સમર્પિત થઈને કાર્ય કર્યું. એને પરિણામે આજે પ્રમુખસ્વામીજી, મહંત સ્વામીજી, ડૉક્ટર સ્વામીજી, ભક્તિપ્રિય સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, ગુરુજી, પ્રેમસ્વરૂપ સ્વામીજી, દિનકરભાઈ, ભરતભાઈ, આપણા અશ્વિનભાઈ, શાંતિભાઈ, મનોજભાઈ, સંત બહેનો સૌએ જીવન જીવીને એમનાં થકી એ ઉપાસનાનો એટલો લાંબો-પહોળો પ્રસાર થયો છે કે અત્યારે નાનું બાળક પણ આ વાતને સમજી શકે.

આપણે ખરેખર નસીબદાર છીએ, ભાગ્યશાળી છીએ કે, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ માર્ગે આપણે ચાલીએ છીએ. હવે એનાથી આગળ જવું છે. ૧૪મી મે, ૧૯૬૬માં બાપાએ અમદાવાદમાં અમને કહ્યું કે, 'તમને સાધુ બનાવવા છે પણ ભગવાં કપડાંવાળા નહીં, આ જ કપડે, તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' ભગવા હૃદયના સાધુ એટલે ગુણાતીતભાવ ! ભગવા હૃદયના સાધુ એટલે પોતાનું અસ્તિત્વ ગુરુમાં ને પ્રભુમાં વિસર્જિત થઈ ગયું ! ભગવા હૃદયના સાધુ એટલે આ દેહ જ્યાં સુધી કામ કરે છે ત્યાં સુધી પ્રવૃત્તિ કરવાની-પણ ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિ, ભગવાનને ગમે એવું કામ કર્યા જ કરવાનું ! ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય એટલા માટે ગુણગાન ને મહિમા ગાવ. ભક્તોમાં ઉત્સાહ-ઉમંગ વધારો. ભગવાનને અર્થે જે ભક્તો સેવાઓ કરે છે, ભક્તિ કરે છે એ ભક્તો જીવનમાં બનતા પ્રસંગોમાં ડિસ્ટર્બ ના થાય, પ્રસંગોમાંથી આનંદપૂર્વક બહાર આવી અને સુખિયા થાય એના માટે ભજન કરવાનું-એ સાધુઓનું કામ છે.

આજે આપણે બધાં પ્રાર્થના એ કરીએ કે, ભગવા હૃદયના સાધુ બનાવવાનો બાપાનો જે સંકલ્પ છે એ અમે-ભગવાંધારી સાધુઓ, વ્રતધારી સાધુઓ, વ્રતધારી સંત બહેનો અને એવી સમર્પિત દીકરીઓ-આપણે સૌ સમર્પિત થઈને જીવન જીવીએ. અને જેમણે ભગવાનના અર્થે પોતાનું ધન-ધામ-કુટુંબ કરી રાખ્યું છે એવા એકાંતિક ગૃહસ્થો-એ સર્વનાં હૃદય ભગવાં બની રહે એવી આજના દિવસે આપણાં સૌની પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ છે !

કશું છોડવાનું નથી. ઘર નથી છોડવાનું, કપડાં નથી બદલવાનાં, પણ ખરેખર આપણાંપણાનો ભાવ છોડવાનો છે. મારાપણાનો ભાવ છૂટ્યો, દાસત્વભાવ પ્રગટ્યો એ ભગવા હૃદયનો સાધુ ! હવે, એ છૂટે કેવી રીતે ? તો જેમને આ ભાવ છૂટ્યો છે એ છોડાવી શકે. આપણે આટલાં બધાં બેઠાં છીએ, બધાંને દોરડાંથી બાંધી દીધાં હોય તો કોણ કોનું દોરડું છોડે ? બધાં બંધાયેલાં હોય તો કોઈ કોઈને છોડી ના શકે. પણ એક જ જણ જો છૂટ્ટો હોય-બંધાયેલો ના હોય તો ફટફટ દોરડાંનાં બંધન કાપી નાખી બધાંને છૂટાં કરી શકે. એમ, પોતાના ભાવોમાં જે બંધાયા નથી, પ્રભુના ભાવમાં જે જીવન જીવે છે એવા સાધુ સાથે જો આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાઈશું તો આપણાં બંધન છૂટી જશે. એટલે આપણાં માટે ગુરુ અગત્યના છે, જેઓ આપણાં આંતરિક બંધનો છોડાવી પ્રભુમાં જોડે છે.

અમે ગમે તેવા હતા પણ અમારા ગુરુ યોગીજી મહારાજ મહાન હતા. યોગીબાપાએ કહ્યું કે, 'છાત્રાલય છોડો.' તમે વિચાર કરો, એમને ખબર હતી કે, આ છોકરાઓ ઘર-સંસાર છોડીને અમારા અર્થે સંસ્થા ને છાત્રાલયમાં જીવન જીવવા આવ્યા છે, છતાં કહે, 'પ્રમુખસ્વામીજી કહે એમ કરો.' પ.પૂ. પ્રમુખસ્વામીજી કહે, 'યોગીબાપાએ તમને દાદુભાઈ સાથે કામ કરવાનું કહ્યું છે ને દાદુભાઈ સાથે તમને જોડ્યા છે એટલે તમે દાદુભાઈ સાથે રહો અને તમે છાત્રાલય છોડી દો.' પ.પૂ. પ્રમુખ સ્વામીની રુચિ અને યોગીબાપાની આજ્ઞા પ્રમાણે છાત્રાલય છોડીને અમે બહાર નીકળ્યા. પણ અશ્વિનભાઈ, શાંતિભાઈ ને અમો બધાને યોગીબાપા માટે ખૂબ પ્રેમ હતો, તેથી એમનામાં એટલો બધો વિશ્વાસ હતો કે એમની આજ્ઞા પાળીએ એમાં બધું આવી જાય. એટલે છાત્રાલયમાંથી નિશ્ચિંતતા સાથે નીકળ્યા કે ગુરુઆજ્ઞાથી નીકળ્યા છીએ, તો હવે આપણને સૌને ગુરુ જ સંભાળશે. અને અત્યારે જોઈએ છીએ કે એમ જ થયું. સૌને સુખિયા સુખિયા બનાવી દીધા.

બાપાનું તો એ પ્લાનિંગ હતું. ૧૪મી મે પછી ૨૮મી મેએ વિમુખનો ઠરાવ પસાર થયો. ૧૪મી મેએ પ.પૂ. યોગીબાપાએ આ વાત કરી ત્યારે તો કલ્પના પણ નહોતી કે આવું થશે. અમે છાત્રાલય છોડીને નીકળી ગયા. પણ બાપા સર્વોપરી ! અમને કાકાજીનો યોગ આપ્યો. ૧૯૬૩માં યોગીબાપાએ કહ્યું કે, 'કાકાજીની આજ્ઞામાં રહેજો.' ૧૯૬૬માં પ.પૂ. કાકાજીએ કહ્યું કે, 'હવે પપ્પાજીની આજ્ઞામાં રહેજો.' તો પ.પૂ. પપ્પાજીની આજ્ઞામાં રહ્યા. અને ૧૯૮૬માં પ.પૂ. પપ્પાજીએ કહ્યું કે, 'તમે બ્રહ્મજ્યોતિ રહેવા જાવ છો તો અશ્વિનભાઈ, શાંતિભાઈ ને તમે મળીને તમારી કમિટી જે કરે એમાં અમારી આજ્ઞા આવી ગઈ, જાવ તમને બાપાએ કહ્યું છે !' ૧૯૮૬ પછીથી જ સ્વતંત્ર રીતે અનુપમ મિશનનું અહીંયાં કામ ચાલુ થયું. પણ એમાં પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબાનો પ્રેમ, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. પ્રમુખ સ્વામીજી, પ.પૂ. મહંત સ્વામીજી—આ બધાના અદ્ભુત આશીર્વાદ અને અને બધાંનો સાથ-સહકાર મળ્યો એના પરિણામે આ બધું થઈ રહ્યું છે, નહીંતો આ થઈ શકે એવું નથી.

યોગીબાપા પોતે નિયમ-ધરમ બહુ પાળતા. કોઈ એમાં ભૂલ કાઢી જ ના શકે. 'વેદરસ', 'શિક્ષાપત્રી' અને 'ધર્મામૃત' આ ત્રણ ગ્રંથ સાધુઓ માટે અજોડ છે ! એ ત્રણે ત્રણ ગ્રંથ મુજબ યોગીબાપાનું જીવન હોય એવું જોઈ શકાય એવું એમનું અદ્ભુત જીવન હતું ! છતાં પણ કોઈ દિવસ નિયમ-ધરમ પર સભામાં તેઓએ બહુ વાતો નથી કરી. તેઓ ખાનગીમાં મળે, એકલા મળે ત્યારે અમને નિયમો આપતા, પણ સભામાં એમણે એક જ વાત કરી હતી કે, 'ભગવાન ને ભગવાનના ભક્તોની નિર્દોષભાવેયુક્ત મહિમાથી સેવા કરો અને સંપ, સુહૃદભાવ, એકતા રાખી, હળીમળીને કામ કરો.'

સમગ્ર શાસ્ત્રોનો, સમગ્ર જ્ઞાનનો સાર કે, સંપ, સુહૃદભાવ, એકતા માટે તમે જે કરો એ સાચી તપશ્ચર્યા છે. હળીમળીને કરો એ ખરેખર પ્રભુ તરફની સાચી ભક્તિ છે. એવું કરવામાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનાં છોતરાં નીકળી જશે. એટલે સંપ, સુહૃદભાવ, એકતા આપણે રાખીને, હળીમળીને, ભલે પોતપોતાંની રીતે, પોતપોતાંની સંસ્થાની રીતે કામ કરીએ; પણ એકબીજાંની સંસ્થાને પૂરક થઈએ, એકબીજાંની સંસ્થાને મદદરૂપ થઈએ, એકબીજાંની સંસ્થાનાં ગુણગાન ને મહિમા ગાઈએ. સૌને ભગવાં હૃદયના સાધુ બનાવવાના આશીર્વાદ યોગીબાપાના છે એ સૌનાં જીવનમાં સાકાર થાય એવી આપ બધાં બેઠાં છો એ સૌને મારી પ્રાર્થના ! આપ એવા આશીર્વાદ વરસાવજો.

આપણે બધાં સંકલ્પ ને પ્રાર્થના કરીએ કે, આ દુનિયામાં લડાઈઓ-યુદ્ધ ચાલી રહ્યાં છે એમાં બધા ભક્તોનું-દૈવી જીવોનું રક્ષણ થાય. અંદરથી શાંતિ, ઉચાટ ના રહે, ભક્તિ રહે એવી પ્રાર્થનાઓ કરીએ. અને બાપાના જે આશીર્વાદ છે-ભગવા હૃદયના સાધુ-ત્યાગી હોય કે ગૃહસ્થ હોય બધાંને થઈ શકે એવું બાપાએ આપ્યું છે. તો એવું આપણાં સૌનું હૃદય ભગવું થઈ જાય એવી પ્રાર્થના કરીએ. ખરેખર, ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન ને ગુણાતીતાનંદ સ્વામી, સર્વ ગુણાતીત સ્વરૂપો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી, પપ્પાજી, બા, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, ગુરુજી, પ્રેમસ્વરૂપ સ્વામીજી, અમારા અશ્વિનભાઈ, શાંતિભાઈ, મનોજદાસ ને બધા સંતો ને આપ સૌના સાથ-સહકારથી પ્રભુના માર્ગે અમે ચાલી રહ્યા છીએ. આપનો પ્રેમ, આપનો ભાવ, આપ સાથે છો એટલે અમને ખૂબ બળ મળે છે. તો આપણે ભેગાં મળીને પ્રભુના કાર્યને-જે બાપાએ કહ્યું, 'અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો છે'-એટલે માનવમાત્રને સુખી કરવાના જે કાર્યનો પ્રારંભ એમણે કર્યો છે એ કાર્ય આપણે સંપ, સુહૃદભાવ, એકતા રાખી, હળીમળીને કરીએ અને ભેગાં મળી પ્રભુભક્તિનો પરમ આનંદ માણીએ એવાં આપણાં સૌનાં તંત્ર પ્રભુ ચોવીસ કલાક ને બારેય મહિના રાખે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થના !

સૌને જય શ્રી સ્વામિનારાયણ ! ◆

પોતાના ભાવોમાં
જે બંધાયા નથી,
પ્રભુના ભાવમાં જે જીવન
જીવે છે એવા સાધુ સાથે જો
આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાઈશું તો
આપણાં બંધન છૂટી જશે.









# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

## હે યોગીબાપા !

અમે આપનાં સૌ...
થયાં છે... થઈ રહ્યાં છે... થવા ઈચ્છે છે તે સૌ
આપના પ્રાગટ્યમંગલે પ્રાર્થના કરીએ છીએ...
ગુરુવર્ય પ.પૂ. સાહેબ દ્વારા આપ... શાસ્ત્રીજી મહારાજ
સ્વામી-શ્રીજી વિચરો છો તે સહજ સંપૂર્ણ મનાવી દો.
આપે કેવળ શાસ્ત્રીજી મહારાજનું... શ્રીજી મહારાજનું ગમતું કર્યું...
તેમનાં ગમતાં ગમાડ્યાં તેવો સંબંધનો મહિમા અમને સમજાવી દો...
જે આપને ગમે છે તેવો સુહૃદભાવ...
આપને ગમે છે તેવી ભીડાભક્તિમાં
વર્તન કરવા અને સત્સંગમાં દાસ થઈ રહેવા બળ દો !
આપે વર્તન કરી... જીવન જીવીને ઉપદેશ દીધા...
આજ્ઞા કરી તો તે અનુસરવા બળ પણ દીધાં
સ્નેહના તાંતણે બાંધ્યાં...
વાત્સલ્યના ધોધમાં ઓળઘોળ કર્યાં અને
અંતઃ શત્રુઓથી રક્ષા કરી,
તેવી જ રક્ષા અમારા આતમની
ગુરુવર્ય પ.પૂ. સાહેબ કરી રહ્યા છે તે સ્વીકારી
તેઓની આજ્ઞાને જીવન બનાવવા શક્તિ દો...
તેઓના ચરણે અમારું સઘળું અર્પણ કરવા બળ પૂરો.
અમે સૌને નમીએ... સૌને વંદીએ... સૌમાં આપનાં દર્શન કરીએ.
સૌના ગુણ જોઈએ... દોષ કદી દેખાય જ નહિ...
સેવા કરી સૌને રાજી કરીએ.
આપની સ્મૃતિ રહે... ગુરુવર્ય સાહેબની સ્મૃતિ રહે
તેવું ભક્તિભર્યું નિર્મલ અમારું તંત્ર બની રહે તેવી કૃપા કરો.
સાહેબની આજ્ઞામાં જીવન જીવવાના આપે આદેશ દીધા છે...
તેઓનાં સંબંધવાળાં માથાનાં મુગટ માનવા
ને સૌના દાસ થઈને સત્સંગમાં હોમાઈ જઈએ
તે આપનું ગમતું છે...
તે અનુસરવા જીવન જીવી સહજાનંદ માણવા...
પ્રસારવા અને અખંડ ધારવા બળ દો !
ભક્તિ અને ભાવે અમને પૂર્ણ ભરો ! ◆



સાધુ [illegible]દાસના જય સ્વામિનારાયણ.

*અમિત-કૃતિ નિવાસ, બ્યુએના પાર્ક, LA, USA, ૨-૬-૨૦૦૫*



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

હોળી પર્વ, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૯૮મો પ્રાગટ્યોત્સવ
૨ માર્ચ ૨૦૨૬, સોમવાર, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**'વંદું** પ્રાગજી સદ્‌ગુરુને' ભગતજી મહારાજનું નામ પ્રાગજી હતું. તેઓના સમયના ગુણાતીતાનંદ સ્વામીના ત્રણ શિષ્યો–ભગતજી મહારાજ, જાગા સ્વામીજી અને કૃષ્ણજી અદા. ભગતજી મહારાજ પોતે 'ગુણાતીત મૂળ અક્ષરબ્રહ્મ છે' તેવું માનતા અને એ પ્રમાણે તેઓ જીવતા હતા. અને તે વાત સ્થાપિત કરવા માટે એમની સાથે જેમનું જેમનું પણ હેત-પ્રેમથી જોડાણ થયું તેમને તેઓ તે જ એકડો ઘુંટાવતા. એના પરિપાક સ્વરૂપે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' વિશેની દઢતા થઈ, અને જેમાંથી આપણે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના અનુયાયીઓ બન્યાં. એવા ભગતજી મહારાજનો આજે આપણે સૌ પ્રાગટ્યદિન ઊજવીએ છીએ. ભગતજી મહારાજે પોતાનું 'સ્વ' ગુરુ ગુણાતીતમાં ઓગાળી દીધું હતું. તેઓના મહિમાની વાતો કરવા માટે આપણે બહુ ટૂંકા પડીએ, બહુ નાના પડીએ. ભગતજી મહારાજના જીવનના અનેક પ્રસંગોનું આપણે વારંવાર વાંચન કર્યું છે, શ્રવણ કર્યું છે, મનન કર્યું છે અને થોડી મનમાં એવી અભિલાષા ને ભાવના કરી છે કે, જેવા ભગતજી મહારાજ એમના ગુરુ ગુણાતીતને સેવીને એમનારૂપ થઈ ગયા એવું આપણે પણ વર્તમાનકાળે આપણા પ્રગટ ગુરુહરિનું સેવન કરીને, એમના દાસ થઈને, આપણા અસ્તિત્વને એમના શ્રીચરણોમાં અર્પણ કરી શકીએ.

સવારે કહ્યું એમ, શરીરબળ–શારીરિકબળ, મનોબળ, આત્મબળ અને હરિબળ ! હરિબળ–જેનું મેં મારી સમજણ પ્રમાણે અર્થઘટન કર્યું કે, 'દઢ આશરો !' બાળમંડળની એક દષ્ટાંતકથા છે–'શરણે છું, શરણે છું.' અંધારું થઈ ગયેલું એટલે છૂટું પડી ગયેલું, ભૂલું પડી ગયેલું બકરીનું એક બચ્ચું સિંહનાં પગલાં આગળ બેસી ગયું. આખી રાત જુદાં જુદાં હિંસક પ્રાણીઓ આવ્યાં ત્યારે પેલું બચ્ચું સિંહનું પગલું બતાવીને એટલું જ રટણ કરે કે, 'શરણે છું, શરણે છું.' છેલ્લે સિંહ પોતે આવે છે ત્યારે પણ પગલું બતાવીને કહે છે, 'શરણે છું, શરણે છું.' વનનો રાજા–શક્તિશાળી પ્રાણી–સિંહને પણ એમ થાય છે કે મારે શરણે છે તો મારાથી મરાય નહીં, મારાથી તો તરાય. તેથી ત્રાડ પાડીને હાથીને બોલાવ્યો અને કહ્યું, 'આને પીઠ ઉપર બેસાડીને ગામના પાદરે મૂકી આવ, એની માતાથી અને એના ટોળાથી આ બચ્ચું છૂટું પડી ગયું છે.' એટલે જેને 'હરિબળ' કહીએ છીએ એને બીજા શબ્દોમાં કહું છું, 'દૃઢ આશરો !' પરમ પૂજ્ય દાદુકાકાનાં કેફ અને મસ્તીની સ્મૃતિ કરીએ કે, 'મૈં કિસકી ઘરવાલી હું ?' મારો ધણી કોણ છે ? મારો બાપ કોણ છે ? હું કોને આશરે છું ? હું કોની ઉપાસના કરું છું ? હું જેમને આશરે છું, હું જેમની ઉપાસના કરું છું એ વાતની દઢતા ! એટલે પ્રાપ્તિ તો થઈ છે, પણ એની પ્રતીતિનો અનુભવ પણ આપણને આપણા જીવન દ્વારા થાય ! એવા અનુભવનાં–અનુભૂતિ–પ્રતીતિનાં દર્શનરૂપે આપણા વહાલા ભગતજી મહારાજનું જીવન છે.

બધાં પ્રકારનાં બળોમાં શ્રેષ્ઠ બળ–હરિબળ લેવાનો જે મુદ્દો છે એ જ ભગતજી મહારાજનું જીવન છે. તેઓના શારીરિક બળની વાત તો આપણે સૌ જાણીએ છીએ. તેઓએ દેહભાવના તો ફૂચા કરી નાંખ્યા. એમણે ગુરુની આજ્ઞાથી ગુરુની પ્રસન્નતા મેળવવા માટે જે સેવાઓ કરી તે ભક્તિ માનીને કરી, નિર્દોષબુદ્ધિ રાખીને–એટલે કે સિદ્ધાંત સાચવીને કરી એવા અનેક પ્રસંગો ભગતજી મહારાજના જીવનચરિત્રમાં લખાયા છે. જેનાં દષ્ટાંત આપણે વારંવાર આપ્યાં છે ને સેવા કરતી વખતે આપણે એ જીવનમંત્રને આપણી નજર સમક્ષ રાખવાનો છે. ૩૦૦ દેગડા પાણી ભરીને આંબાના રોપાને પાવા કે ચૂનાની ભઠ્ઠી પીલવી એવી જાતજાતની શારીરિક સેવાઓ વિશેષ નિર્દોષબુદ્ધિ સાથે કરી છે. અને સાથે ઉપાસનાનો સિદ્ધાંત કે, 'કર્તા–હર્તા મારા પ્રભુ છે, મને મળ્યા એ મારા ગુણાતીત ગુરુ છે'–એ સિદ્ધાંતની દઢતા ! તો એકને બદલે બે કોથળા ખભે ચઢાવનારા સાથીદાર સંતો કે મુક્તોના કોઈ

ભાવફેરની વાત એમની આગળ કોઈ રજૂઆત કરે તો એને હંમેશાં સવળું જ લે કે, મને એક ફેરામાં બે ફેરાનું પુણ્ય મળે છે. બે ગુણી ચઢાવનારાને તો એમને વિશે ઈર્ષ્યાનો ભાવ હોય કે, 'ગુરુનો બહુ વહાલો છે અને લાડકો થઈને ડાહ્યો થવા જાય છે તો લે'-એમ કરી બે ગુણી ચઢાવે. કદાચ એવા ભાવથી પણ એકને બદલે બે કોથળા જ્યારે એમના ખભે નંખાયા ત્યારે પણ સાથી મુક્તોને વિશે નિર્દોષબુદ્ધિ રાખીને સેવા કરી. અને નિર્દોષબુદ્ધિ રાખવાનું કારણ-મારા ગુરુ, મારા પ્રભુ જ એને વર્તાવી રહ્યા છે ! તો ઉપાસનાના સિદ્ધાંતે સહિત શરીરબળનો સદુપયોગ તો કર્યો, પણ સાથે સાથે આ સિદ્ધાંત પ્રમાણે પોતે જીવીને આપણને સર્વને એ સિદ્ધાંત પ્રમાણે જીવવાની પ્રેરણા આપી.

ઉપાસનાનાં પાંચ પગથિયાંમાંનું એક સ્ટેપ-મારા જીવનમાં મને જે મળ્યા છે એ જ ભગવાન મારા માટે સર્વોપરી છે. 'સર્વોપરી, સર્વવ્યાપી, સર્વ નિયંતા, સમ્રાટ પ્રભુની સેવામાં હું સમર્પિત થવા માટે આવ્યો છું.' ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને કહ્યું કે, 'આ જ્ઞાન થોટમો ટિયું નથી, એ જો શીખવું હોય અને સિદ્ધ કરવું હોય તો બધું મૂકીને અહીંયાં મારી પાસે રહેવા આવી જાવ અને હું કહું એમ કરો.' તો એ પહેલી શરતથી તેઓએ સંપૂર્ણપણે શરણાગત થઈને, ગુરુની સર્વોપરી સત્તાનો સ્વીકાર કરીને તેઓનું શરણું સ્વીકાર્યું ! ગુણાતીતાનંદ સ્વામીએ એમની એક વાતમાં કહ્યું છે કે, 'આ દેહ ૭૦-૮૦ વરસ રહેશે...' આપણે પ્રભુની રીતે પ્રભુનું કાર્ય કરવા માટે, ગુરુની રીતે ગુરુને પ્રસન્ન કરવા માટે આ તંત્રને વાપરવાનું છે. તો એમના શરણે રહીને, એમની આજ્ઞાનું પાલન કરતાં કરતાં આપણું તંત્ર પણ ધીરે ધીરે ધીરે શુદ્ધ, પવિત્ર અને દિવ્ય બનતું જાય છે. તો આ દેહનો શ્રેષ્ઠ ઉપયોગ દેહના ભાવથી ઉપર ઊઠીને બ્રહ્મભાવમાં જવા માટેનો છે-એ ગુણાતીતનું મિશન છે. એને બીજા શબ્દોમાં ગુણાતીતાનંદ સ્વામીએ એક વાતમાં કહ્યું છે કે, 'આપણો જન્મ બે વાત સિદ્ધ કરવા સારુ થયો છે, એક અક્ષરરૂપ થવું અને બીજું પુરુષોત્તમમાં જોડાવું.' ભગતજી મહારાજે અહીંથી જ એકડો માંડ્યો કે, 'આપણો જન્મ અક્ષરરૂપ થઈ પુરુષોત્તમમાં જોડાવા માટે છે.' તો જ દેહને આ રીતે વાપરી શકાય, દેહના ભાવને પરિવર્તિત કરીને બ્રહ્મભાવ સુધી પહોંચાડી શકાય.

ગુણાતીતાનંદ સ્વામીએ એમને એવા આશીર્વાદ આપ્યા હતા કે, 'મારા આશીર્વાદ છે, તમે મુંબઈ જાવ અને ૬૦ હજાર રૂપિયા કમાશો.' પણ ત્યારે જન્મીને શું કરવાનું છે, એ મૂળભૂત મુદ્દો એમને દૃઢતાથી સમજાઈ ગયો હતો. ક્રમે ક્રમે ક્રમે ગુરુ ગુણાતીતે જે જે આશીર્વાદ આપ્યા અને એમની પાસે બીજા બધા જ્યારે ફરિયાદ લઈને આવ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી એમ કહે છે કે, 'હું શું કરું ? હાથ છૂટી બલાની માફક આ પ્રાગજી ઉપર હું રાજી થઈ ગયો છું.' એટલે એક એવું કોઈ કારણ કે કોઈ એક એવો પ્રસંગ આપણે દર્શાવી ના શકીએ કે, આને કારણે ગુણાતીતાનંદ સ્વામીએ રાજીપો આપ્યો, પ્રસન્નતા આપી. આપણે એમના જીવનને અને એમના જીવનના પ્રસંગોને આ રીતે જોતા જઈએ તો તેઓએ શરીરનો પૂરેપૂરો ઉપયોગ પ્રભુનું કાર્ય કરવા માટે ગુરુની આજ્ઞામાં યાહોમ કરીને દેહભાવના ફૂચેફૂચા કરી દીધા. એટલે કહ્યું કે, ભગતજી મહારાજની વાત કરવા માટે આપણે બહુ નાના પડીએ. પણ છતાંય આજે એમનો પ્રાગટ્યદિન છે તો એમના જીવનપ્રસંગોને વાગોળીએ તો એમાંથી આપણને કંઈક બળ અને પ્રેરણા મળે.

બીજું બળ છે મનોબળ ! ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે, 'કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે તે વાત નિત્ય વિચારવી.' ભગતજી મહારાજે મનોબળ પ્રાપ્ત કરવા માટે પોતાના ગુરુના વચનનો જ આધાર લીધો છે. મન આપણને રમાડે કે આપણે મનને જીતીને એને પ્રભુના કામમાં, ગુરુની આજ્ઞામાં પરોવવું છે તે જોવાનું છે. ગુરુહરિ સાહેબદાદા માટે પપ્પાજીએ એમ કહ્યું કે, "જશુભાઈ તો મન વગરના પુરુષ છે." શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, 'અમને મનુષ્ય જેવા ન માનવા અને દેવ જેવા પણ ન માનવા, પણ મન વગરના માનવા.' મનોબળ મજબૂત રાખવા માટે મારા ગુરુએ શું કહ્યું છે ? મારા પ્રભુએ શું કહ્યું છે ? એ વાતનું સતત અનુસંધાન રાખવું. 'આ વાતનો વિચાર નિત્ય કરવો' એવી ટકોર આપણને ગુણાતીતાનંદ સ્વામીએ કરી છે.

શારીરિક બળ અવશ્ય જરૂરી છે-'પહેલું સુખ તે જાતે નર્યા.' શરીર સારું હશે તો આ લોકની પાંચેય ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા લેવાનાં બધી જ પ્રકારનાં સુખ આપણે લઈ શકીશું. અને એનાથી આગળ, સંતની કૃપાથી ભગવાનનું સુખ આપણે જે પામવાના છીએ તેના માટે પણ શરીર નિરોગી હોવું જોઈએ એ પ્રાથમિક વાત છે. એટલે સંપ્રદાયના નિયમ પ્રમાણે આહાર અને વિહારની પણ મર્યાદા ને સંયમ હોવાં જરૂરી છે. અને આમાં નિયમપાલનની દૃઢતા-એ દૃઢ મનોબળની સાથે જોડાય છે.

આવા ભગતજી મહારાજના અદ્‌ભુત પ્રસંગો છે ! વડતાલના સમૈયામાં એક ભક્ત આવતા હતા. એને ગામના ભક્તોએ કહ્યું કે, 'પ્રાગજી ભક્ત તમને મળે તો અમારા તરફથી 'જય શ્રી સ્વામિનારાયણ' કહેજો.' પેલા ભાઈ કહે, 'હું પ્રાગજી ભક્તને ઓળખતો નથી, તેમને કેવી રીતે ઓળખવા ?' તો કહે, 'ઘણા બધા માણસોની વચ્ચે જેમનું અપમાન થતું હોય, છતાં જેમના મુખારવિંદ પર પ્રભુપ્રાપ્તિની, ગુરુવચનના પાલનની અલમસ્તાઈ હોય, એમાં સહેજ પણ ઝાંખપ ના હોય, જેઓ સદાય હસતા ને પ્રસન્ન હોય તે પ્રાગજી ભક્ત ! સાધુતાનું, દેહના ભાવને જીતવાના ભાવનું, મનને જીતીને સંયમમાં રાખવાનું, મંદિરમાં છું, ભક્તોની વચ્ચે છું તો માન મળે કે અપમાન મળે ત્યારે મારાં વિચાર-વાણી-વ્યવહાર કેવાં હોવાં જોઈએ એવી સ્થિરતાનું દર્શન-પ્રાગજી ભક્તની ઓળખાણ તરીકે પેલા ભક્તોએ પેલા અજાણ્યા ભક્તને વર્ણવ્યું. કહ્યું કે, 'જેમનું અપમાન થતું હોય, છતાંય પણ જે હસતા હોય, પ્રસન્ન હોય તો જાણજો, ઓળખજો કે એ પ્રાગજી ભક્ત છે, અને એમને અમારા દંડવત્ પ્રણામ કરીને 'જય શ્રી સ્વામિનારાયણ' કહેજો.' કોઈ પણ વ્યક્તિને ઓળખાવવી હોય તો ઘણી બધી રીતે ઓળખાવાય. પણ આ તો કહે, 'તમે જ શોધી લેજો.' કેવી રીતે શોધી લેજો ? તો એ જીવતા જ એવી રીતે હશે, એમનું વર્તન જ એવું હશે કે જે બીજાથી નોખા પડતા હશે. અને

એવા જે બીજાથી નોખા પડતા હોય અને જેમનું આવું બ્રહ્મસમાધિનું-સ્થિતપ્રજ્ઞ અવસ્થાનું જીવન-વર્તન હોય એ પ્રાગજી ભક્ત હશે, એમને દંડવત્ પ્રણામ કરજો.

પોતાના ગુરુ ગુણાતીતાનંદ સ્વામીજી એ મૂળ અક્ષરબ્રહ્મ છે અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતની જે વાત ને દઢતા ભગતજી મહારાજ કરતા હતા તે, તે સમયના સંતો અને ભક્તો હજુ ગ્રહી નહોતા શક્યા, પચાવી નહોતા શક્યા. તો વિચાર કરો અને પોતાની જાતને વિશે ધન્યતાનો ભાવ કરો કે, આજે આપણે એમનો ૧૯૮મો પ્રાગટ્યદિન ઊજવીએ છીએ ત્યારે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતો ગાઈ-વજાડીને કહી શકીએ છીએ. ૧૦૦-૧૫૦ વર્ષના સમયમાં કેટલું પરિવર્તન થઈ ગયું !

પરમહંસોએ કીર્તનમાં ગાયું છે એમ, 'મારા જેવો બીજાને ભાગ્યશાળી માનવો એવી ભૂલ કરશો મા.' એટલે પોતાની જાતને માટે ધન્યતા અને આનંદનો ભાવ લાવવા માટે આપણને આ જે સત્સંગ પ્રાપ્ત થયો છે, આપણી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની શુદ્ધ સમજણ દઢ કરવા માટે ગુરુહરિ સાહેબદાદાએ અત્યંત અનુગ્રહ કરીને 'ઉપાસના કથામંગલ' ગ્રંથની વાતોનો અદ્ભુત શ્રવણલાભ આપણને પ્રાપ્ત કરાવ્યો છે-એ વર્તમાનકાળે આપણને મળેલી પ્રાપ્તિ છે ! આપણે એ વાતને જેમ જેમ સમજતા જઈશું, સ્વીકારતા જઈશું, આપણા જીવનમાં અપનાવતા જઈશું, આચરણમાં લાવવાનો થોડો ઘણો પણ હાંહાંગડથલરૂપ પ્રયત્ન કરીશું તો એના પરિણામે ત્રીજા બળ-આત્મબળની પ્રાપ્તિ થશે. શારીરિક બળ, મનોબળ અને ત્રીજું આત્મબળ ! આત્મબળ એટલે શરીર-દેહના ભાવથી ઉપર ઊઠી આત્માના ભાવમાં જીવવું. 'હું દેહ નથી, હું તો આત્મા છું, અક્ષર છું અને મારે વિશે પરમાત્મા-પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ નિવાસ કરીને રહ્યા છે'-આવી આત્મબળની વાત પણ ગુણાતીતાનંદ સ્વામીએ કરી છે.

ભગતજી મહારાજના સમયમાં સત્સંગની સભામાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાત કરે તો ઉપદ્રવ થતો. ચાલુ પ્રવાહથી નોખી વાત હતી. અને ત્યારે ભગતજી મહારાજને સત્સંગમાંથી વિમુખ પણ કરવામાં આવ્યા હતા. એમની વાત સાંભળવી નહીં, એમને સભામાં બોલવાનો મોકો આપવો નહીં-એવા એમના પર ઘણા બધા પ્રતિબંધો લગાવવામાં આવ્યા. ઘણી બધી રીતે એમનાં અપમાન, તિરસ્કાર કરવામાં આવ્યાં. પાછાં દરજીની નાતના એટલે તે વખતના વર્ણાશ્રમની દૃષ્ટિએ પણ એમને ઘણાં અપમાનો સહન કરવાં પડ્યાં. ત્યારે એમણે એમ કહ્યું, 'ઉપરથી ખુદ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે આવે અને મને વિમુખ કરે તો પણ હું વિમુખ થાઉં એવો નથી.'-આ આત્મબળ ! કેટલો બધો જબરજસ્ત આત્મભાવ ! આજે મને જે વિમુખ કરી રહ્યા છે એને પણ મારા પ્રભુ જ વર્તાવી રહ્યા છે. પછી ઉપરથી આવીને પ્રભુ મને વિમુખ કરે એમ નહીં, પણ આ મારી સાથેના સમકાલીન લોકો સૌ પોતપોતાની સમજણ પ્રમાણે જે રીતે જીવી રહ્યા છે, તેઓ મને વિમુખ કરે પણ હું વિમુખ થાઉં એવો નથી. મારો જે સિદ્ધાંત, મારી જે દૃષ્ટિ, મારો જે અભિગમ-એ હંમેશાં હકારાત્મક છે, ગુરુ તરફ છે, પ્રભુ તરફ છે; કોઈના કહેવાથી એમાં કાંઈ ફેર પડવાનો નથી.

આવી દશાનાં દર્શન તો નરસિંહ મહેતા જેવા ભક્તે કરાવ્યાં છે. નરસિંહ મહેતા હરિજનવાસમાં કીર્તન કરવા ગયા એટલે નાગર બ્રાહ્મણોએ એમને નાત બહાર મૂક્યા. તે સમયે નરસિંહ મહેતાએ કીર્તન કરીને એમ ગાયું કે-'એવા રે અમો એવા રે એવા, વળી તમો કહો છો તેવા રે; ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે...' નાતમાં રાખવા હોય તો રાખો, ના રાખવા હોય તો ના રાખો, પણ મારો દામોદર પ્રત્યેનો જે ભક્તિભાવ છે, જે નિષ્ઠા છે, જે આશરો છે અને જે મારા જીવનનું સર્વસ્વ છે; એમાં કશો ફેર પડશે નહીં.-આવી હિંમત એટલે આત્મબળ ! શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રમાં પણ આવા અનેક પ્રસંગો છે. કોઈ પ્રસંગે એમણે એમ કહ્યું છે કે, 'આ અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે મુંડાવ્યું છે.' કોઈકે એમ કહ્યું કે, 'તમારા આસન ઉપર-વ્યાસપીઠ ઉપર બેસીને પેલો આવી કથા કરે છે.' ત્યારે કહે, 'જો અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાત કરતો હોય તો મારા માથા ઉપર બેસીને કરે તો પણ એ મને માન્ય છે.'-આ બધા શબ્દો-જે સિદ્ધાંત, જે ઉપાસના જેમના દ્વારા પ્રાપ્ત થઈ છે તે ગુરુના પ્રગટ સ્વરૂપના વિશેનો શાસ્ત્રીજી મહારાજનો ભાવ દર્શાવે છે.

અને ચોથી વાત-હરિબળની ! હવે આ બધું જે કંઈ પણ થયું છે, થઈ રહ્યું છે તે મને મળ્યા તે મારા સર્વોપરી પ્રભુ, મારા ઈષ્ટદેવ જ મારા જીવનમાં કરી-કરાવી રહ્યા છે. કર્તા-હર્તા મને મળ્યા તે મારા પ્રગટ ગુરુહરિ જ મને, હું છું એ ભૂમિકાથી આગળ લેવા માટે, વધારવા માટે કરી-કરાવી રહ્યા છે. પોતે પણ કરે છે અને બીજાંને પ્રેરીને બીજાંના દ્વારા પણ કરાવે છે.

મહારાજના વખતમાં સત્સંગમાં 'ન્યાલકરણ' એવો એક શબ્દપ્રયોગ થતો. મેં માંગ્યું, મેં ધાર્યું, મેં ઈચ્છ્યું-એ પ્રમાણે મળ્યું તો 'ન્યાલ' કરી દીધા ! પણ મેં માંગ્યું, મેં ઈચ્છ્યું, મેં ધાર્યું, મેં કહ્યું એ પ્રમાણે થવાને બદલે બીજું કંઈક જુદું જ થયું હોય ત્યારે હકારાત્મક રહી હંમેશાં પ્રભુ સન્મુખ રહેવાની વાત ભગતજી મહારાજે એમના જીવન દ્વારા સમજાવી. જ્યારે કર્તા-હર્તાપણાના ભાવમાં આપણે હારી જઈએ છીએ, ચૂકી જઈએ છીએ ત્યારે વગર કર્યાં આપણે વિમુખ જ છીએ અને જો આપણે કર્તા-હર્તાપણાના ભાવમાં જાગ્રત રીતે રહેવાનો પ્રયત્ન કર્યો છે તો એના પરિણામે, પરિણામ જે આવે છે તે અંતે એવું રૂડું આવે છે કે આપણને પ્રભુ, ગુરુ સુખદ અનુભવની પ્રાપ્તિ કરાવે છે.

ભગતજી મહારાજે એમના ભક્તોને એક પત્રમાં લખ્યું કે, 'આવોને તો નિરાંત કરીને આવજો.' તમે પ્રગટ બ્રહ્મસ્વરૂપ એવા ગુરુનો સમાગમ કરવા માટે આવો છો, એમનાં દર્શન કરવા માટે આવો છો, એમની વાણીનું શ્રવણ કરવા માટે આવો છો. એટલે તેઓ ટકોર કરે છે કે, 'મહુવા આવો છો તો નિરાંત કરીને આવજો.' આપણે ગુરુહરિ સાહેબદાદાનો ખૂબ ખૂબ આભાર માનીએ. એક દિવસને બદલે ચાર દિવસના કાર્યક્રમ કર્યા. અને જેઓ ચાર દિવસ માટે નિરાંત કરીને આવ્યાં છે એમને દર્શનની ધન્યતાનો આનંદ થાય છે ! આપ સર્વને અમારા સૌ સંતોના હૃદયપૂર્વકના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ◆

Swami Shreeji



Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhada Madhya 44 :**
***'Daivi-Asuri jiva na lakshan nu'***
**30 March 2025, 'Aksharmahol' Brahmajyoti, Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

***Shriji Maharaj asked Muktanand Swami, 'When a person perceives a flaw in a devotee, does that person perceive the same amount of flaws in that devotee as he had noticed previously, or does he perceive more flaws?' Muktanand Swami replied, 'It would seem that he would perceive the same amount of flaws as he previously perceived.'***

What are the characteristics of godly people and what are those of ungodly people? If we were to look, then Ravana, Kansa, Shishupal, Duryodhan, Jarasangh, Kalyavan, Hiranyakashyap were all ungodly, and even today there are many such ungodly people. They were human beings just like us, but when we look at pictorial depictions, they show Ravana as having ten heads; Hiranyakashyap as having horns etc. In pictures, they show them as being so different to human beings and having bizarre forms! Ravana was a human being; not only was he a king, but he was also an exceptional administrator. Additionally, he was extremely learned, and one who practiced great austerities. Through his austerities, he pleased Shankar Bhagwan so much and asked for the boon of invincibility, such that no one could kill him. God granted him that boon but left a slight window open, saying that he could only be killed if someone struck an arrow into his belly button, otherwise he could not be killed.

Having attained all this, why are they known as being *asuras* – ungodly? Firstly, they deny God, they harass the devotees of God, and their focus is on looting the community. One with such *asuri-bhav* gains great pleasure from seeing someone in pain. If some good work is happening, they find a way to disrupt it. For those who have such characteristics, we will say such and such person is crazy or that he is an *asura,* meaning he is ungodly. Why would people call someone crazy? The reason is everything he talks about is bizarre. In society, his actions are such, that people would call him foolish, crazy, dumb etc.; but at the end of the day, he is still a human being. In this way, the one who is ungodly, is one who troubles others. But where does that *asuri-bhav* come from? Maharaj is showing us this.

Within us, there are two states of being and feeling, one is godly, the other is ungodly. One or the other blossoms. For the one who has taken refuge in God, has accepted God, carries out *seva* according to the instructions of Santo, the godliness within such a person blossoms, and the ungodly sentiments are transformed and become godly. However, if one sees faults in

devotees, maligns them, backbites, gossips or criticises them, then it means that one awakens all the negative energy within, which gives rise to power that is used in negative ways. Such a person uses all his strength in negative ways, and so becomes a criminal, a thug, is involved in violence, fighting, troubling others – all of these are people who are ungodly. For this reason, God says, never look at faults in others. If you pick faults in others, and hurt devotees, God says it is I that reside in their hearts. So, when a devotee is pained, or a devotee is put into trouble, the person that does this attains a state of dull, spiritual denseness and ignorance, and thus becomes ungodly.

Yesterday, there was a video clip that came through in which there was a rabbit shown to be jumping around, running around, and in spite of doing so much exercise only has a life span of 15 years. Whereas a tortoise is so slow, does not move much, does not do anything and in spite of this has a life span of 200 to 300 years. So the person on the video comments that the rabbit after exercising so much lives only 15 years, whereas the tortoise lives for 200 years without doing anything and so the moral of the story is we do not need to exercise. But understand this now, the tortoise is born with denseness and inertia. It has to live for 200 to 300 years, but it simply has to lay around for all that time! If one maligns the devotees of God, one either develops a state of ungodliness or a state of dense inertia. So many people are religious, but they are not grasping this principle.

At present, in religion and among Santo – on some petty matter or other, so many people jump onto the bandwagon without having understood anything, and then speak anyhow about *sampradaya* or *Ishta-dev.* But they do not know that in doing so they will attain a state of ungodliness. If one speaks out of ignorance or contempt, or for whatever reason rants and raves, he does not realise that in speaking against an entire *sampradaya*, the entire Sant community or for their *Ishta-dev*, he is hurting the hearts of thousands of devotees, and the *prarabdh*[1] that arises from that clings to the speaker of those words. Such a person becomes one with *asuri-vrutti*. In this way, *asuras* are on the increase in the world.

*Daivi-bhav,* or the sentiment of godliness, means to see and speak about the virtues in others, to sing their glory. Keep your *desh, kaal, kriya* and *sang*[2] good. If you associate with good people and stay in a region where there is the sentiment to serve others, it means that your *desh-kaal* is good. Shri Swaminarayan Bhagwan has said that mandir and Santo are the places which nurture and increase our *daivi-bhav.* Whatever we do with the *aagna*[3] of Santo, nourishes all the values of humanity within us. Maharaj has said to us that human beings are all the same, but because of variation in *desh, kaal* and *sang,* differences arise – and thus we get people with *daivi* characteristics and people with *asuri* characteristics.

Yogiji Maharaj has showered his grace upon all of the organisations walking on the path of Akshar Purushottam Upasana. Yogiji Maharaj always explained that no matter even if someone opposes you, but we must not think negatively of them. We must pray for them, ask God to grace them with pure intellect, such that they are able to see the truth. If this principle is

**[1] *Prarabdh* simply put, refers to the consequences which one has to endure as a result of one's previous actions. With respect to the law of karma, it means deeds whose consequences are already set in motion.**

**[2] *Desh* refers to location, country or the physical place where a devotee lives. *Kaal* refers to the prevailing era or time. *Kriya* refers to deeds, rituals or daily activities. Sang refers to association or company.**

**[3] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit.**

understood, then we would never negatively perceive anyone who opposes us, speaks badly about us, or wishes ill for us. The characteristic of God's devotee is to endure; to always wish good for others, always do good for others, to focus on the virtues of others, to spread good things about others. That is what you call a devotee! God is eternally by the side of such a devotee and is always in their protection. Bhagwan Swaminarayan says, if one only looks towards one's own flaws and only sees good in others, then God is pleased with such a person.

In Vachanamrut Gadhada Pratham 16, it says that however much good you see in others and speak about it, is how much your own goodness will increase. When one speaks of the virtues of others, whose glory increases? The glory of the person one speaks about will certainly increase, but the glory of the speaker will also increase alongside. People feel drawn to the person who sings the virtues of God and God's devotees, they feel love for such a person, they enjoy listening to such a person and in this way the glory of such a person increases. One must always speak of the virtues of others, spread good about others. The highest wisdom; the essence of the essence is to recognise God and to speak of and spread the glory of God and his devotees. That is true wisdom. No matter what you talk about, but you must always speak about the glory of God, about the life and divine pastimes of God, such that one can know God and one's faith and refuge in God becomes firm. When you speak of the virtues of his devotees, then *nirdosh-bhav*[4] automatically becomes firm. And Yogi Bapa would always say, '*Nirdosh-buddhi* is the supreme *seva*!' In this way, whatever traces of negativity are within us, which trouble us, whatever sentiments of ego, jealousy, obstinacy or flaws of anger, lust etc., will dissolve. You do not have to stop eating, you do not have to fast; but whatever weaknesses you have which the body hungers for, will not remain. Whether you get food or you do not, whether the food is too salty or too spicy, you do not become angered by it. Whether you get a good place to sit or not, whether you are sat at the front or at the back, or whether you are left standing; no matter what happens, you will not get disturbed. If there is no negativity within, then one will always be joyful.

Bhagwan Swaminarayan has said that we have been given a special opportunity to nourish the *daivi-bhav* within us. However much you do in this lifetime will carry forward to the next lifetime. For example, say you are studying in the first year of college in Amdavad. You then transfer to Anand; would they make you go back and repeat your 10$^{th}$ standard? They will admit you into the same year in Anand, as the one you were studying in Amdavad. Similarly, if you were to pass on, you shed your mortal frame, and when your soul gains another mortal frame, you will start from exactly where you left off. It means everything you do now does not go to waste, it stays with you, lifetime after lifetime. In a previous lifetime, however much you lived to please God, will be to your advantage in this lifetime. So, one must always remain firm in the refuge of God, and absolutely firm in one's conviction! Whatever has happened in my life, whatever is happening, and whatever will happen is only by the wish of my Lord, Bhagwan Swaminarayan and the wish of the Satpurush, and it is all only for my ultimate good. When one lives with this conviction, drawing on the strength of chanting and prayer, drawing on the strength of *seva* and drawing on the strength of speaking of *mahima*, then the body and everything within it is purified. It will lead to *divya-bhav*[5] – *daivi-bhav* and thereby one will live in joy.

**[4] The inner understanding that God and all of God's devotees are faultless.**

**[5] The inner understanding that God and all of God's devotees are divine.**

It is said that when a cancerous tumour is surgically removed, but if the tiniest particle of the tumour is left behind, the cancer returns. After surgery, doctors then put the patient on scheduled treatments of chemotherapy and radiation. Finally, after five to seven years, the doctor will declare the patient free of cancer. Similarly, we too want to be completely free of *asuri-bhav*. If we are able to live 100% with *daivi-bhav*, then fountains of joy will burst forth from within as mentioned in the bhajan, *'Jag aakha ma shodhi rahyo e anand tari paas chhe…'* You will not have to go looking for that complete joy – it will happen when one has complete *daivi-bhav*.

There are many *daivi* beings. Many are worshipped, many receive respect and praise, whereas many are scorned. Why are they worshipped, or what is it that makes them receive praise and respect? It is because of good education, good works, and altruistic activities. Joban Vadtalo was someone with complete *asuri-bhav*, but Bhagwan Swaminarayan, through his Santo completely transformed him and made him worthy of praise and respect. Takho Pagi, Suro Pagi were all Kathis of Kathiawad and everyone was scared of them, but simply with Maharaj's grace, they attained *daivi-bhav* and thereby earned the praise and respect of everyone.

In the world, whoever worships Lord Shiva, for them Lord Shiva is supreme. Those who worship Shri Krishna Bhagwan believe him to be supreme. Everyone believes their chosen deity to be supreme. But to undercut someone to prove that your God is greater is something that God has forbidden. Bhagwan Swaminarayan has said in the Shikshapatri, 'If you perchance pass any Dev, Devi or Mataji mandir, you must bow to it and give due respect.' When I was a child, I had read this, so every morning when I would go to the mandir, out of one handful of rice I would give some rice grains in the Mataji Mandir, some rice grains in the Mahadev mandir, some rice grains in the Jagaji Mandir, and place the other whole fistful of grains in the Swaminarayan mandir. Maharaj has said in the Shikshapatri that when you go to the mandir, you should not go empty-handed, and whichever mandirs come on the way, you should bow to them. And so, I would go to the mandir every morning with two fistfuls full of rice grains.

So, sing the *mahima* and praises of God, sing the *mahima* of Santo and devotees, perform their *seva*, then godliness will arise within and you will attain *daivi-bhav*, that is absolutely certain!

If we believe Maharaj to be supreme and if by chanting his name and performing his *seva* so much is attained, then why is nothing happening to me? There should be some change inside shouldn't there? So we need to introspect, examine our shortcomings and then pray to be rid of them, live according to the *aagna* of our Guru, immerse ourselves in the *seva* of devotees with *nirdosh-bhav* and *divya-bhav*, and then everything will be understood. Maharaj has said that those who malign, criticise or cause friction with others will fall into *asuri-bhav.* Ravana harassed Shri Ramchandra Bhagwan, Hanumanji and his devotees, and so he was known as an *asura*. Kansa and Jarasangh harassed Shri Krishna Bhagwan, Duryodhan insulted Shri Krishna Bhagwan in the royal court, so they were known as *asuras* and never found any peace.

Maharaj says simply sing the *mahima* of Santo and devotees and perform their *seva,* do dhun and prayer, then whatever negativities are within us, which we call *asuri-bhav*, will transform and become *daivi-bhav*. If there is *daivi-bhav* then you will become completely fulfilled and content. Always keep good company, then *asuri-bhav* will not have the slightest chance to enter. Keep the company of those who are always speaking about the *mahima* of others, then that will become a habit. May our lives become like this; that is our prayer!

Jai Shri Swaminarayan. ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ માર્ચ, રવિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી ‘મંડળથી મંદિર સુધી’ પ્રદર્શનની મુખ્ય સભામાં પધાર્યા. સદ્‌ગુરુ સંતો અને પ્રદેશના પ્રતિનિધિ સ્વરૂપે યુવકો સાથે દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કર્યો. સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. સૌ ભક્તોને લઈને ‘મંડળથી મંદિર સુધી’ના પ્રદર્શન વિભાગમાં પધાર્યા. પ્રારંભમાં શ્રી ઠાકોરજીને મંત્રપુષ્પાંજલિ અર્પણ કર્યા પછી એક પછી એક એમ અલગ અલગ પ્રદેશનાં પ્રદર્શન નિહાળી સૌ કાર્યકર્તાઓની ભક્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા. સાંજે ‘યોગીપ્રસાદ’માં સૌ સંતો-ભક્તો સાથે ‘શારદા મંદિર’ સ્કૂલ, નડિયાદમાં ભજવાયેલ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું રૅકોર્ડિંગ નિહાળી ધન્યતા અનુભવી. આ કાર્યક્રમના પ્રેરક સાધુ પૂ. સુનીલદાસજીનાં અભિવાદન કરી આશીર્વાદ આપ્યા.

**૨ માર્ચ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા કથિત ‘શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ’ પારાયણના પ્રથમ સત્રમાં પધારી કથા પારાયણનો લાભ લીધો. અને પધારેલાં સૌને દર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજના ૧૯૮મા પ્રાગટ્યદિનની સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૩ માર્ચ, મંગળવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી પ્રાગટ્યોત્સવમાં પધારેલા સૌ સંતો-ભક્તો માટે ધૂન-પ્રાર્થના કરી. કલાત્મક સુશોભિત રથમાં બિરાજમાન થઈ સભામંડપમાં પધાર્યા, જ્યાં સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપી મંચ ઉપર નિજ આસને બિરાજ્યા. ગુણાતીત સમાજના અને અન્ય સામાજિક સંસ્થાઓના આગેવાનો દ્વારા પુષ્પહાર અર્પણ થયા તે સૌના ભાવનો સ્વીકાર કરી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવી કૃતાર્થ કર્યાં. સાંજે સદ્‌ગુરુ સાધુ પ.પૂ. મનોજદાસજી દ્વારા કથિત ‘શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ’ના દ્વિતીય સત્રમાં પધારી કથા-પારાયણનો લાભ લીધો. અંતે સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૪ માર્ચ, બુધવાર...** સદ્‌ગુરુ સાધુ પ.પૂ. મનોજદાસજી દ્વારા કથિત ‘શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ’ના અંતિમ સત્રમાં પધારી કથા પારાયણનો લાભ લીધો તથા ઉપસ્થિત સૌ ભક્તો પર અત્યંત પ્રસન્નતા વરસાવી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ‘યોગી વિદ્યાપીઠ’ના ૩૯મા વાર્ષિકોત્સવમાં પધાર્યા. મુખ્ય અતિથિશ્રી નિરંજનભાઈ (કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી)ને સત્કાર્યા તેમજ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને પધારેલા મહેમાનોને આશીર્વાદ આપ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સૌ કલાકાર વિદ્યાર્થીઓને તેમજ પૃષ્ઠભૂમાં રહીને જેઓએ સેવા કરીને કાર્યક્રમને દીપાવ્યો તે સૌને બિરદાવ્યાં.

**૫ માર્ચ, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ‘અક્ષરમહોલ’માં સભામાં વડોદરાથી પધારેલ ઈલાબહેન-ડૉ. પીયૂષભાઈ અને તેઓનાં સ્નેહીજનોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

**૬ માર્ચ, શુક્રવાર...** યુ.કે.થી પધારેલ અશોકભાઈ ગણાત્રા-વનિતાબહેન તથા પરિવારના મુક્તો સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ પાઠવ્યા. શિણાય-કચ્છથી પધારેલ ગોપાલભાઈ અને પરિવારને આશીર્વાદ આપ્યા.

**૭ માર્ચ, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની સંધ્યા આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. પ.પૂ. કાકાજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. દેશ-વિદેશથી પધારેલા અને વિદાય લઈ રહેલા ભક્તોને શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા.

**૮ માર્ચ, રવિવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીબાપાએ બનાવેલ

૫૧ સંતોમાંના અ.નિ. સાધુ શ્રીજીજીવન સ્વામીજીની કંથારિયા મંદિરે યોજેલ ત્રયોદશીની મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ.થી પધારેલ મૂળ વલ્લભવિદ્યાનગરનાં તુષારકુમાર-સુષ્માબહેનના વેવાઈ સંદીપભાઈ- સંગીતાબહેનને આશીર્વાદ પાઠવ્યા.

**૯ માર્ચ, સોમવાર...** 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજી સમક્ષ ધૂનમાં પધાર્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ પાઠવ્યા. અ.નિ. પૂ. અતુલભાઈ લેખડિયાના અક્ષરધામગમન નિમિત્તે ધૂન-પ્રાર્થના કરી. તેઓનાં જીવનમાહાત્મ્યની ઘણી વાતો કરી.

**૧૦ માર્ચ, મંગળવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કરીને 'અક્ષરમહોલ'માં સભામાં આશીર્વાદ પાઠવ્યા. મધ્ય બપોરે 'અક્ષરમહોલ'માં બિરાજી ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો.

**૧૧ માર્ચ, બુધવાર...** આખો દિવસ 'ઉપાસના'માં નિવાસ કરીને ભક્તોને મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૨ માર્ચ, ગુરુવાર...** સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ માર્ચ, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીના ૮૯મા પ્રાગટયદિન નિમિત્તે તેઓનાં જીવનમાહાત્મ્યની અદ્ભુત વાતો કરી, આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ માર્ચ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. પૂ. સતીશભાઈ (યુ.કે.)ના જન્મદિવસ નિમિત્તે તેઓને યાદ કરી તેઓના મહિમાની વાતો કરી સૌને આનંદ કરાવ્યો.

**૧૫ માર્ચ, રવિવાર...** તુંડી, બારડોલી, અમદાવાદ, હૈદરાબાદ આદિ ગામ-શહેરથી પધારેલા ભક્તોને સત્સંગલાભ આપ્યો. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ રાજશ્રીબહેન ઠક્કરનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ માર્ચ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, રાજશ્રીબહેન ઠક્કરને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૧૭ માર્ચ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૮ માર્ચ, બુધવાર...** યુ.એસ.એ.થી પધારેલ મહેન્દ્રભાઈ રાય-કુસુમબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ માર્ચ, ગુરુવાર...** યુ.એસ.એ.થી પધારેલ પીયૂષભાઈ પટેલ અને પરાગભાઈ કાશીપરાને સત્કાર્યા તથા આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ માર્ચ, શુક્રવાર...** જયશ્રીબહેન (વિજયભાઈ ઠક્કર-યુ.કે.નાં બહેન) તથા નમ્રતાબહેન શોધનને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. 'યોગીતીર્થ'માં પધારી ત્યાં ઉતારો કરી રહેતાં યુ.કે.-નિવાસી સોનિયાબહેન-વિનુભાઈ નકારજાના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી.

**૨૧ માર્ચ, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં સભામાં અ.નિ. જિતુભાઈ પોપટની વાર્ષિક પુણ્યતિથિએ પરિવારજનોને આશીર્વાદ આપ્યા. વેમાર દશાબ્દી મહોત્સવમાં પધારતા સંતો-ભક્તોને વિદાય આપી. સાંજે વેમાર 'ઉપાસના ધામ' મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સભામાં આશીર્વાદ પાઠવ્યા. સમીરભાઈના નૂતન ઘરમાં પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા, રાત્રિરોકાણ કર્યું.

**૨૨ માર્ચ, રવિવાર...** સવારે 'ઉપાસના ધામ' વેમાર-મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થના કરીને 'શાલીન માનવરત્ન સન્માન' સમારંભમાં પધાર્યા. શ્રી સ્વાધ્યાય પરિવારનાં અધિષ્ઠાતા એવા પૂ. દીદીજી શ્રીમતી ધનશ્રી તલવલકરજી તથા શ્રીમાન ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલ (માનનીય અધ્યક્ષશ્રી, ચારુતર વિદ્યામંડળ)ને 'શાલીન

માનવરત્ન સન્માન' ઍવૉર્ડ તાલીઓના ગડગડાટ સાથે અર્પણ કરવામાં આવ્યા.

**૨૩ માર્ચ, સોમવાર...** સવારે 'ઉપાસના ધામ' વેમાર મંદિરે શ્રી ઠાકોરજી મહારાજની દિવ્ય મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કર્યાં. પૂ. યોગગુરુ સ્વામીશ્રી રામદેવજી મહારાજ (પતંજલિ યોગપીઠ), પૂ. કલ્યાણદાસજી મહારાજ (મહંતશ્રી, હનુમાનગઢી), પૂ. રુદ્રાંશજી મહારાજ (નાડીવૈદ્ય, ભચાઉ) પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી, પ.પૂ. નિર્મળ સ્વામીજી આદિ વડીલ સંતો-ભક્તોને સત્કાર્યા. પ.પૂ. સ્વામીશ્રી રામદેવજી મહારાજને આનંદસભર માહોલમાં 'શાલીન માનવરત્ન સન્માન' ૨૦૨૬થી અલંકૃત કરવામાં આવ્યા. પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી અને પ.પૂ. રામદેવજી મહારાજના આશીર્વાદનું શ્રવણ કરી ધન્યતા અનુભવી. વેમાર સ્થિત સમીરભાઈ-દિવ્યાબહેનના ઘરે પધારેલા સૌ ભક્તોને કલ્યાણદાસજી મહારાજ અને સાહેબજી મહારાજે આશીર્વાદ આપ્યા. ત્યાંથી વિદાય લઈ સાંજે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા. નિજ મંદિરજીમાં આરતી-દર્શન-ધૂન પ્રાર્થના કર્યાં. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે કીર્તનસંધ્યામાં અને સ્વયંના પ્રાગટ્યદિન નિમિત્તે સભામાં પધારી ભક્તોના ભાવ સ્વીકારી, આશીર્વાદ આપ્યા.

**૨૪ માર્ચ, મંગળવાર...** બ્રહ્મજ્યોતિ-મોગરીમાં રાજકોટ, મોરબી, સુરત, અમદાવાદથી પધારેલ ભક્તોને આશીર્વાદ આપ્યા. યુ.કે. પરત પધારતાં પૂ. વિનુભાઈ-સોનિયાભાભીને વિદાય-આશીર્વાદ આપ્યાં.

**૨૫ માર્ચ, બુધવાર...** બુધવારની સંતસભામાં પધારી સંતોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પારુલબહેન-વ્રજેશભાઈ પટેલના નૂતન આવાસમાં સંતો સાથે પધરામણી કરી. ઘરમંદિરમાં ધૂન-પ્રાર્થના કરી, પરિવારજનોને આશીર્વાદ આપ્યા.

**૨૬ માર્ચ, ગુરુવાર...** આજે શ્રીહરિ જયંતી પર્વે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ આપ્યા. રાત્રે મંદિરજીના પ્રાંગણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી રામજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે યોજેલ ઉત્સવસભામાં પધારી સૌ સંતો- ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૨૭ માર્ચ, શુક્રવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ આપ્યા. યુ.કે. પરત પધારતાં ભાવિશાબહેનને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૨૮ માર્ચ, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૯ માર્ચ, રવિવાર...** તુંડીથી પધારેલ ભક્તોને ગોષ્ઠિના લાભ સ્વરૂપે આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ માર્ચ, સોમવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં પધારી વચનામૃત ગઢડા અંત્ય ૮, 'સદાય સુખિયા રહેવાનું'નું અદ્ભુત નિરૂપણ કરી આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ. પરત પધારતાં કુસુમદીદી તથા યુ.કે. પરત પધારતાં ગોવિંદભાઈ નકારજા-ભાનુબહેનને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૩૧ માર્ચ, મંગળવાર...** સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સોખડા અરવિંદભાઈના ઘરે પધાર્યા. પરિવારનાં સૌએ અર્પણ કરેલ સ્વાગતના ભાવ ઝીલી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. સદ્ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા અને સંતો સાથે નિજ પ્રાગટ્યસ્થાનમાં પધારી આરતી-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યાંથી મોહનભાઈના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. પ.પૂ. યોગીબાપાની મહાપ્રસાદીરૂપ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ જૂના મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. મંદિરના મહંતશ્રી પ.પૂ. પ્રેમપ્રકાશ સ્વામી સાથે યોગીબાપાના પ્રસંગો વાગોળી ગોષ્ઠિનો આનંદ કર્યો. ત્યાંથી પ.પૂ. અશ્વિનદાદાના પૂર્વાશ્રમના ઘરે પધારી મોટા ભાઈ અરુણભાઈના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. ત્યાંથી હરિધામ મંદિરે પધારી પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના સ્મૃતિમંદિરે દર્શન-પ્રદક્ષિણા-ધૂન- પ્રાર્થના કરી, સૌ સંતોના સ્વાગતભાવ ઝીલી મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, સૌની ભાવભરી વિદાય લઈ બ્રહ્મજ્યોતિ પધાર્યા. ◆

# આચરણ દ્વારા બોધ !

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**વર્ષ** ૨૦૨૬ની એ પ્રથમ યુવાસભા હતી અને એમાં અમારે કંઈક અલગ પ્રયોગ કરવો હતો. તે દિવસે ૧૦ વર્ષનાં ત્રણ બાળકોએ યુવાનેતાની ભૂમિકા સંભાળી અને જેઓ ખરેખર યુવાનેતાઓ હતાં તેઓ સભાર્થી બન્યાં અને પેલાં બાળકો દ્વારા તૈયાર કરાયેલી દરેક પ્રવૃત્તિઓનું પાલન કરવાં લાગ્યાં.

એક રમત દરમિયાન, એક બાળક-કે જે અત્યારે યુવાનેતાની ભૂમિકામાં હતો-તેણે રમત થોભાવીને સૌને યાદ અપાવ્યું કે, "યાદ રાખજો, આપણે અહીં માત્ર આનંદ કરવા માટે ભેગાં થયાં છીએ. રમતમાં જીત મેળવવી એ કંઈ મહત્ત્વની બાબત નથી; પણ આનંદ કરવો એ મહત્ત્વનું છે!" મેં અને અન્ય લીડરે વિસ્મયપૂર્વક એકબીજાંની સામે જોયું. એ બાળક એ જ વાત દોહરાવી રહ્યો હતો કે જે અમે અવારનવાર સભામાં કહેતાં હોઈએ છીએ !

પ્રવૃત્તિઓના અંતે અમે-'સભાર્થીઓએ' તેમાંથી શું શીખ્યાં તેના પોતપોતાના અનુભવો રજૂ કર્યા. તે પછી પેલાં બાળકો અમારી પાસે આવ્યાં અને અમને પ્રોત્સાહન આપતાં હોય તેમ અમારી પીઠ થાબડીને કહ્યું, 'તમે બહુ સરસ રીતે રજૂઆત કરી !' અમે તો દંગ જ રહી ગયાં ! કારણ કે, અમે પણ હંમેશાં સભાના અંતે તેઓને આ જ રીતે પ્રોત્સાહિત કરતાં હોઈએ છીએ. બહારથી રમતિયાળ જણાતાં આ બાળકો ખરેખર તો આપણી દરેક ક્રિયાનું અત્યંત બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યાં હોય છે અને આપણી ધારણા કરતાં અનેકગણું વધારે આપણાં આચરણમાંથી ગ્રહણ કરતાં હોય છે. તે દિવસે એક સાદું સત્ય વધુ સારી રીતે સમજાયું કે, 'તમે જેવું વર્તન કરો છો તે જોઈને બાળકો શીખે છે.'

વિચાર કરો કે, જો તમે તમારા બાળક સાથેની ભૂમિકાની અદલાબદલી કરો અને તેને કહો કે, "આજે તું મા/બાપ અને હું તમારી દીકરી/દીકરો." અને જો તેઓ આબેહૂબ તમારી જ નકલ કરે, તો તમને કેવું લાગશે ? અને હવે તેઓ કેવું વર્તન કરશે-તે માટે તમને શું લાગે છે ? આ પછીની સભાએ આ બોધપાઠને વધુ દૃઢ બનાવ્યો. અમે જોયું કે, એક નાનો બાળક ૧૨ વર્ષના એક કિશોરની કોઈ તોફાની ચેષ્ટાનું અનુકરણ કરતો હતો. અમે પેલા કિશોરને પ્રેમથી ટકોર કરી કે, "જો, તું અહીં આ નાનાં બાળકો માટે 'રોલ મૉડેલ' છે, તેઓ તને જોઈને જ બધું શીખે છે." થોડીવાર પછી એક પ્રવૃત્તિ દરમિયાન કે જેમાં અમારે એકબીજાંના સકારાત્મક ગુણો વિશે બોલવાનું હતું. ત્યારે મને કોઈના વિશે સારું કહેવા માટે શબ્દો નહોતા મળતા. મારું મગજ તદ્દન સુન્ન થઈ ગયું હતું. ત્યારે પેલા ૧૨ વર્ષના કિશોરે મારી સામે જોઈને વ્યંગમાં કહ્યું, "તમે પણ અહીં અમારા માટે 'રોલ મૉડેલ' જ છો ને ! અમે પણ તમને જોઈને અને તમારી પાસેથી જ શીખીએ છીએ." તેના આ શબ્દોએ મને વિચારતી કરી દીધી. તેનાથી મને બીજાના ગુણો મનમાં યાદ આવે તેવી રાહ જોવાને બદલે બીજાનું હંમેશાં શુભ જોવાની દૃષ્ટિ કેળવવી જોઈએ તેની અગત્ય સમજાઈ.

'આપણે જે ઉપદેશ આપીએ, તેનું આપણે પોતે જ આચરણ કરવું.' એ વિચારનો આદર્શ ગુરુહરિ સાહેબદાદા પૂરો પાડે છે. એક વખત જ્યારે સદ્‌ગુરુ સાધુ પૂજ્ય મનોજદાસજીએ એક લોગોની ડિઝાઈન બાબતે અભિપ્રાય મેળવવા માટે ગુરુહરિ સાહેબદાદાને તે બતાવી ત્યારે એમાં ફેરફારો કરવાનો સીધો નિર્દેશ સાહેબદાદા કરી શક્યા હોત. પરંતુ, તેના બદલે તેઓએ વિનમ્રતાથી સૂચવ્યું, "આ અક્ષરો થોડા મોટા કરીએ તો ?" તેઓ "અક્ષરો મોટા કરો" એવું કહી શક્યા હોત, પણ તેઓએ "કરીએ તો" કહેવાનું પસંદ કર્યું. એક નાનકડો તફાવત, પણ તેઓએ આધિપત્યના બદલે વિનમ્રતા અપનાવીને એક ઉત્તમ બોધ પૂરો પાડ્યો !

"આચરણ દ્વારા બોધ !" એવું બોલવું સરળ છે, પણ તેવું જીવવું ઘણું કઠિન છે. ધારો કે તમે ગાડી ચલાવો છો અને ત્યારે તમે મૉબાઈલ પર ઝડપથી મેસેજ પણ જોઈ લો છો. પછી થોડા દિવસો કે થોડાં વર્ષો પછી જો તમારું બાળક પણ ગાડી ચલાવતી વખતે એવું જ કરે, ત્યારે તમે તેને ક્યા મોઢે રોકી શકશો ? આવું કરવાનું તે બાળક ક્યાંથી શીખ્યું ?

જ્યારે આપણું વર્તન આપણે જેવાં આદર્શ માતા-પિતા બનવા માંગતાં હોઈએ તેની સાથે મેળ ખાતું નથી ત્યારે તે આપણાંમાં એક અપરાધભાવ જન્માવી શકે છે. તાજેતરમાં જ મેં એક વાત સાંભળી હતી, જે મને યાદ રહી ગઈ છે : **"કોઈ પણ વ્યક્તિ એવા વિચાર સાથે સવારે નથી ઊઠતી કે, આજે હું ખરાબ માતા કે પિતા બનવાનો પ્રયત્ન કરીશ."** આને બીજા શબ્દોમાં જોઈએ તો, કોઈ પોતાનો દિવસ એમ વિચારીને શરૂ નથી કરતા કે, "આજે હું મારા બાળક પર ગુસ્સો કરીશ." અથવા "આજે હું મારાં બાળકોને સમય નહીં આપું."

જ્યારે મનમાં ગ્લાનિ ઉદ્‌ભવે ત્યારે પોતાને આ પ્રશ્નો પૂછવા :

- શું આ ગ્લાનિ મને એવું બતાવી રહી છે કે, મારે ક્યાં સુધારો કરવાનો છે ?
- શું આ ગ્લાનિ મને મારાં કાર્યો અને મારાં મૂલ્યો વચ્ચેનો તફાવત દર્શાવે છે ?

જો જવાબ 'હા' હોય તો, તેમાંથી કંઈક શીખવાનું છે.

- અથવા, શું આ ગ્લાનિ બિનજરૂરી અપેક્ષાઓના કારણે ઉદ્‌ભવી રહી છે ? જેમ કે, મારે હંમેશાં મારાં બાળકો માટે ઉપલબ્ધ રહેવું જોઈએ અથવા મારે ક્યારેય વિરામ ના લેવો જોઈએ.

જો આમ હોય તો, જતું કરવાની ભાવના રાખીને વધુ કરુણાભર્યો અભિગમ અપનાવવો યોગ્ય રહેશે. આપણાં બાળકો-પછી તેઓ કોઈ પણ ઉંમરનાં હોય, તેઓ કેવળ બાળકો જ નથી; પણ **તેઓ કુશાગ્ર નિરીક્ષકો, શ્રોતા અને શીખનારાઓ હોય છે.** તેઓ સારું-નરસું બંને શીખે છે. જો આપણે જમતી વખતે મૉબાઈલ વાપરીએ અથવા ટી.વી. જોઈએ, તો તેઓ તેવું જ શીખે છે. આપણે જો કઠોર અથવા અસભ્ય ભાષા બોલીએ તો તેઓ તે પણ શીખે છે.

ગુરુહરિ સાહેબદાદા એક પ્રસંગ કહેતા હોય છે. એક માતા પોતાના બાળકને રોજ પ્રાર્થના કરવાનું કહે છે, પણ બાળક માતાનું કહ્યું માનતો નથી. એક દિવસ બાળક જુએ છે કે, તેની માતા પ્રાર્થના કરી રહી છે. બીજા દિવસે પણ એ બાળક એવું જ જુએ છે. પરિણામે, થોડા દિવસોમાં, કોઈનાય કહ્યા વગર, બાળક પોતે બેસીને પ્રાર્થના કરવા લાગે છે. આવી અદ્‌ભુત શક્તિ માતા-પિતામાં રહેલી હોય છે. આનો અર્થ એ નથી કે, માતા-પિતા, તેઓનાં બાળકોનાં દરેક વર્તન માટે જવાબદાર હોય છે; બાળકો તેમનાં મિત્રો અને તેમની આસપાસના વાતાવરણમાંથી પણ ઘણું શીખે છે. જોકે, માતા-પિતા પાસે પોતાનાં હકારાત્મક વર્તન દ્વારા બાળકના જીવનનું ઘડતર કરવાની સુવર્ણ તક રહેલી હોય છે.

આપણે થોડું થોભીએ અને આપણાં વર્તન પ્રત્યે વધુ સજાગ બનીએ. યાદ રાખીએ કે, આપણાં બાળકો આપણી વાતોથી નહીં, પણ આપણાં વર્તનથી શીખે છે. આપણે આપણા ગુસ્સાનું કેવી રીતે નિયમન કરીએ છીએ. ભૂલ થયા પછી આપણે આપણી જાત સાથે કેવી રીતે સંવાદ કરીએ છીએ, આપણે આપણા મૉબાઈલ પાછળ કેટલો સમય વિતાવીએ છીએ-આપણું વર્તન તેમને કોઈ પણ બોધ કરતાં અનેકગણું વધારે શીખવે છે. આપણાં બાળકો આપણે તેઓને કંઈક કરવાની સલાહ આપીએ તેનાથી નહિ પણ આપણાં વર્તનથી શીખે છે. આપણે એવી રીતે જીવવાનો પ્રયત્ન કરીએ કે જે આપણાં મૂલ્યોને ઉજાગર કરે. યાદ રાખીએ કે, આપણાં બાળકો સતત આપણને નિહાળી રહ્યાં હોય છે અને આપણાં વર્તન દ્વારા શીખી રહ્યાં હોય છે. ◆

**(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'- ફેબ્રુઆરી ૨૦૨૬ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)**

# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

~ વિશ્વા એસ. ગોસ્વામી (B.A. Sem.-06)
(યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી.)

**પરમ** આદરણીય વિરલ વિભૂતિ, માન-અપમાનમાં એકતા ધરાવનારા, યુવકોને પોતાનું હૃદય માનનારા, સ્વયં સમર્પિત સેવા કરનારા, 'ભગવાન સૌનું ભલું કરો' અને 'ભગવાન ભજી લેવા'નો મંત્ર આપનારા, અનુકરણીય, વંદનીય, પ્રશંસનીય બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને આપણાં સૌનાં વંદન!

<u>જન્મ-બાળપણ :</u> જગતમાં વિશ્વવંદનીય પૂજ્ય યોગીજી મહારાજ તરીકે પ્રતિષ્ઠિત થયેલા ઝીણાભાઈ ધારી ગામના દેવચંદભાઈ અને પુરીબાને ત્યાં સંવત ૧૯૪૮, વૈશાખ વદ બારશ અર્થાત્ ૨૩ મે ૧૮૯૨ના રોજ જન્મ્યા હતા. બાળપણમાં તેઓ તેજસ્વી મુખવાળા, રૂપાળા અને આકર્ષક હતા. તેમની માતા જ્યારે તેમને લઈ કામ પર જતાં ત્યારે ઝીણાભાઈ શ્રીકૃષ્ણની જેમ પોતાના જમણા પગનો અંગૂઠો ચૂસ્યા કરતા. બાળપણથી જ તેઓ આધ્યાત્મિકતામાં ખૂબ રસ ધરાવતા તેથી મંદિરનાં નિત્યદર્શન, દેવોની પૂજા, ધ્યાન કરવું જેવી પ્રવૃત્તિઓ કરતા. સમય જતાં તેઓ નીડર, સ્પષ્ટવક્તા, સમયનો સદુપયોગ કરનારા, નૈતિકતાથી કાર્ય પાર પાડનારા, આદર્શ વિદ્યાર્થી બને છે. મંદિરના પૂજારી અર્થાત્ મોહનકાકાના ખરાબ સ્વાસ્થ્ય અને ઉંમર વધવાના કારણે ઝીણાભાઈને મંદિર સંભાળવાની જવાબદારી પ્રાપ્ત થાય છે. ઝીણાભાઈ આ જવાબદારીનો સ્વીકાર કરી મંદિરની સાર-સંભાળ, દેવોને પ્રસાદ ધરવો, ફૂલોની માળા કરવી, બાળમિત્રોને બોલાવી સત્સંગ કરવો જેવી વિવિધ પ્રવૃત્તિઓ હોંશે હોંશે કરતા.



<u>યાત્રા-પ્રેરક પરિબળો :</u> ઝીણાભાઈએ ૭મા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો એવા સમયે જૂનાગઢથી સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીજી પોતાનું સંતમંડળ લઈને ધારી પધારે છે. ઝીણાભાઈ ખૂબ રાજી થાય છે અને સંતોની ભાવપૂર્વક સેવા કરે છે. તેમના નિઃસ્વાર્થ અને નિર્મળ સેવાભાવથી પ્રસન્ન થઈ કૃષ્ણચરણદાસ સ્વામીજી ઝીણાભાઈને પ્રશ્ન પૂછે છે, 'ઝીણા, સાધુ થઈશ ?' 'હા, સ્વામી સાધુ બનાવો તો વધુ સારું ! મારી એ જ ઈચ્છા છે' કહી, ઝીણાભાઈ પોતાની સંમતિ પ્રગટ કરે છે. ત્યારબાદ એક વર્ષ પછી માતા-પિતાના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરી જૂનાગઢમાં કૃષ્ણચરણદાસ સ્વામીજી પાસેથી પાર્ષદી દીક્ષા ગ્રહણ કરે છે. અહીં પણ તેઓ સેવાનું અને પુરુષાર્થનું નિરંતર કાર્ય કરતા.

'હરિના ભજનમાં એ તો હરખાય,
નિઃસ્વાર્થભાવે સૌનું ભલું કરી જાય.'

ઝીણાભાઈએ સ્વપ્નમાં ઘણીવાર જાગા ભક્તનાં દર્શન અને ઉપદેશોને ગ્રહણ કર્યાં હતાં. તેમનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન રાજકોટમાં કૃષ્ણજી અદાના ઘરે થાય છે. અને મનોમન શાસ્ત્રીજી મહારાજને પોતાના ગુરુ કરી લે છે.

ફરતાં ફરતાં યોગીજી મહારાજ સરધાર પાસેના હજડિયાળા ગામમાં આવી પહોંચે છે. બપોરનો સમય હતો એવા સમયે ગરાસિયા ભક્તો આવે છે. યોગીજી મહારાજ તેમને આવકાર આપવા માટે ઊભા થાય છે ત્યારે યોગીજી મહારાજના પગની ઊર્ધ્વરેખા જોઈ ગરાસિયા ભક્ત કહે છે, 'આપના પગમાં તો ઊર્ધ્વરેખા છે. ઊર્ધ્વરેખાવાળા પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય.'-આ સાંભળી યોગીજી મહારાજ પોતાના પગ ઢાંકી દે છે. અને કહે છે કે, 'ના, હું તો માત્ર સેવક છું.' કહી પોતાનો નિર્મળ દાસત્વભાવ દર્શાવે છે.

સંવત ૧૯૬૭ ચૈત્ર સુદ તેરશ અર્થાત્ ૧૧ એપ્રિલ ૧૯૧૧ના રોજ આચાર્ય શ્રીપતિપ્રસાદદાસજી મહારાજ સવારે વડતાલમાં ખૂબ ધામધૂમથી ત્યાગીની દીક્ષા આપી 'જ્ઞાનજીવનદાસજી'એવું નામ આપે છે. જૂનાગઢના સંતો-હરિભક્તો 'યોગી' અને 'કૃષ્ણચરણદાસ સ્વામી' 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા. ત્યારબાદ યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની સેવામાં જોડાય છે.

<u>વ્યક્તિત્વ :</u> યોગીજી મહારાજ સાચા અર્થમાં તપસ્વી સાધક હતા. સાદગી અને સેવાપ્રિય. તેઓ હંમેશાં જાડાં વસ્ત્રો પહેરતાં. દિવસમાં એકવાર ભોજન લેતા અને દર ત્રણ દિવસે નિર્જળા ઉપવાસ કરતા. તેઓ સંયમશીલ પણ એવા જ હતા. અન્નકૂટ કે નવી રસોઈ હોય ત્યારે ઉપવાસ ગ્રહણ કરતા. તેમને બાળકો અને યુવાનો ખૂબ પ્રિય હતાં. તેઓ નાના-મોટા સૌને બોલાવતા, વાતો કરતા, આશીર્વાદ આપતા અને સર્વનું હિત ઈચ્છતા. તેમનું મોં હંમેશાં મલકતું, તેમનું પ્રિય ભજન 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...' હતું. તેઓ સ્વામિનારાયણ મહામંત્રનું અખંડ ભજન કરતા અને ભગવાન, સંતો ને ભક્તોની નિરંતર સેવામાં જ મગ્ન રહેતા. તેઓ માન-અપમાનમાં

એકતા ધરાવતા અને પોતાનું અપમાન ધીરજપૂર્વક સ્વીકારી લેતા કારણ કે 'ખમવું' એને તેઓ ક્ષમાગુણ કહેતા. પરોપકારની ભાવના ધરાવતા યોગીજી 'અપકારનો બદલો ઉપકારથી વાળવો' એવા ભાવથી જીવતા. યોગીજી મહારાજ પ્રેમની મૂર્તિ, નિર્માની સંત હતા.

યોગીજી મહારાજ અદ્વિતીય સેવાભાવ ધરાવતા. જ્યારે શાસ્ત્રીજી મહારાજ તેમને અક્ષરમંદિર, ગોંડલના મહંત બનાવે છે ત્યારે પણ અખંડ સેવા કરતા. તેઓ કહેતા કે, 'દાસના દાસ થવું એ સૌથી મોટી પદવી છે, મોટા સાહેબ થઈએ તો પણ સેવા કરવી, કારણ કે જ્ઞાન શીખી અને સેવા કરતા જાય તે વધતા જાય.'

ઉંમરમાં નાના હોવા છતાં યોગીજી મહારાજ એવા મહાન હતા. સવારમાં વહેલા ઊઠી નાહી-ધોઈ ત્રણસો રોટલા ઘડે. બધી રસોઈ પોતે કરે અને બધાને જમાડી-પીરસી અંતે જમે અને વાસણ અજવાળવાની સેવા કરે. મંદિરના બાંધકામમાં પણ મદદ કરતા અને મનમાં એક જ ભાવ રહેતો, 'દેવની સેવા ક્યાંથી મળે ?' યોગીજી મહારાજ નાનામાં નાની સેવા કરવામાં પણ પાછા પગ ના કરતા. તેઓ પોતાની જાત ઘસીને સેવાનું કાર્ય કરતા. આવા નિઃસંકોચપણે સેવા કરનારા સંતનું જીવન આજના જમાનામાં નમ્રતા અને કાર્યશીલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

<u>**પ્રભુ અને ગુરુભક્તિ :**</u> એકવાર શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજને એકાદશીના સમૈયામાં મોકલે છે ત્યારે ભક્તોના આગ્રહને વશ થઈ યોગીજી મહારાજ શ્રીજી મહારાજને થાળ ધરે છે અને વિનંતી કરે છે ત્યારે શ્રીજી મહારાજ એ થાળ આરોગે છે. એ જોઈને સૌને ખાતરી થાય છે કે શ્રીજી મહારાજ યોગીજી મહારાજને વશ છે.

જ્યારે સારણગાંઠના લીધે યોગીજી મહારાજનું ઑપરેશન કરવામાં આવે છે ત્યારે ભાનમાં આવતાં સૌ પ્રથમ 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?' એવો પ્રશ્ન પૂછે છે જેમાં તેમનો અપરંપાર ગુરુમહિમા જોવા મળે છે.

જ્યારે શાસ્ત્રીજી મહારાજ આ પૃથ્વી પરથી વિદાય લે છે ત્યારે કહે છે, 'મારામાં અને યોગીમાં એકેય રોમનો ફેર નથી, હું તે યોગી અને યોગી તે હું છું.' ત્યારબાદ સૌને યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થાય છે અને યોગીજી મહારાજ સર્વ કાર્ય સંભાળે છે.

<u>**કાર્યો :**</u> યોગીજી મહારાજે સમાજ સુધારણાના ક્ષેત્રે પણ કાર્ય કર્યું હતું. તેમણે સત્સંગમંડળો અને પ્રાસાદિક સ્થાનોમાં રેલવે સ્ટેશનોની સ્થાપના કરી હતી. તેઓ યુવાનોને જ્ઞાન પ્રદાન કરતા. જેમાં તેઓ વ્યસનથી દૂર રહેવું, વડીલોનું, માતા-પિતાનું સન્માન કરવું અને પગે લાગવું. કપાળ પર તિલક કરવું વગેરે વાતો શીખવતા. તેઓ યુવાનો વિશે કહેતા કે, 'યુવકો મારું હૃદય છે.' તેઓ યુવકોનું પાલન-પોષણ-ઘડતર ખૂબ ચીવટપૂર્વક કરતા. જ્યારે યુવાનો છૂટા પડે ત્યારે ધર્મના રક્ષણની ભલામણ કરતા. યોગીજીના જીવન-પ્રભાવ-વિચારથી પ્રભાવિત અને પરિવર્તન પામેલા યુવાનોની ઈચ્છાથી ઉચ્ચ શિક્ષણ પામેલા એકાવન (૫૧) નવયુવાનોને યોગીજી મહારાજે ત્યાગી (સાધુ)ની દીક્ષા આપી હતી.

યોગીજી મહારાજે ગામડે-ગામડે મંદિરોનું બાંધકામ, સત્સંગમંડળો, જ્ઞાનશિબિરો કરી હતી. તેમણે 'અમૃતપર્વ' નામનો સ્મારક ગ્રંથ અને 'યજ્ઞપુરુષ સ્મૃતિ' જેવા ગ્રંથો પ્રગટ કરાવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજનો જન્મશતાબ્દી મહોત્સવ ઉજવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ 'સત્સંગ પત્રિકા'ની શરૂઆત કરી હતી. મુંબઈમાં સંસ્કૃતના અભ્યાસ માટે પાઠશાળા સ્થાપી હતી. 'યોગીગીતા'માં યોગીજી મહારાજે પોતાના જીવનનાં આચરણ દ્વારા ઉપદેશનાં મોતી આપ્યાં છે. આમ સેંકડો હરિમંદિરો, જ્ઞાનશિબિરો, નવા સત્સંગી કરી સત્સંગની પ્રવૃત્તિનાં બીજ સ્થાપ્યાં હતાં અને સત્સંગની પ્રવૃત્તિને વેગવંતી બનાવી વિકાસ કર્યો હતો.

તેમની આ પ્રવૃત્તિ માત્ર ભારત પૂરતી સીમિત રહેતી નથી. પરંતુ આફ્રિકા, લંડન, કેનેડા, અમેરિકા જેવા દેશોમાં પણ સત્સંગનાં બીજ રોપણ કરી સત્સંગની સુવાસ વિશ્વકક્ષાએ ફેલાવી હતી. જ્યારે તેઓ ભારત પરત ફરે છે ત્યારે તેમનાં યશોગાન, સ્વાગત અને અભિવાદન કરવામાં આવે છે. તેમનાં કાર્યો પૂર્ણ થાય છે. અચાનક માંદગી ગ્રહણ કરે છે અને મુંબઈ સારવાર માટે લઈ જવામાં આવે છે. પરંતુ સંવત ૨૦૨૭ પોષ વદ અગિયારસ, ૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ 'જય શ્રી સ્વામિનારાયણ !' કહી સ્વતંત્ર થકા સ્વધામ પધારે છે.

સર્વનું કલ્યાણ અને શ્રેષ્ઠ પ્રદાન કરવાના અર્થે પોતાનું જીવન સમર્પિત કરનારા ધારીમાં પ્રગટ યોગીજી મહારાજ જેમના નામ પર આપણી ધારી ગામમાં આવેલી કૉલેજ યોગીજી મહારાજ મહાવિદ્યાલય ઓળખાય છે એવા યોગીજી મહારાજ કે જેમનું શબ્દગત વર્ણન ન થઈ શકે એવા નિઃસ્પૃહી સંતને નમન કરતાં એટલું કહીએ કે...

"ધન્ય છે આ પાવન ધરા ધારીની,
જેમાં અવતર્યા યોગીજી જેવા સંત;
ધારી જેણે સ્વામિશ્રીજી અંગોઅંગ,
કર્યાં આત્યંતિક કલ્યાણ મુમુક્ષુનાં અનંત !"

◆

## ફ્રિમૉન્ટમાં અનુપમ મિશન કેર્સ (AM CARES)નો વાર્ષિકોત્સવ

સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને સદ્‌ગુરુ સંતોની પ્રેરણાથી અમેરિકાના ફ્રિમૉન્ટ મંડળમાં આરંભ પામેલ અનુપમ મિશન કેર્સ (Anoopam Mission Centre for Community Advancement, Recreation, Enrichment and Service) પ્રવૃત્તિને એક વર્ષ પૂર્ણ થયું, તેના આનંદની ઉજવણી વાર્ષિકોત્સવ સ્વરૂપે ૮ માર્ચ ૨૦૨૬ના રોજ ફ્રિમૉન્ટ ચર્ચ હૉલમાં આયોજિત કરવામાં આવી. આ પ્રસંગે ફ્રિમૉન્ટ સિટીના મેયર ડૉ. રાજ સાલવાન મુખ્ય અતિથિ સ્વરૂપે પધાર્યા. અનુપમ મિશનના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ, ફ્રિમૉન્ટ મંડળના સંચાલક ભાવેશભાઈ પટેલ, સામાજિક આગેવાનો-મહેશભાઈ, રાજુભાઈ, કેન, લોરી આદિએ પધારી બાળકોની પ્રવૃત્તિઓને માણી. બાળકોના વાલીઓ પણ મોટી સંખ્યામાં પધાર્યા.

આખા વર્ષ દરમિયાન જે આધ્યાત્મિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અનુપમ મિશન કેર્સ અંતર્ગત કરવામાં આવી તેની સુંદર પ્રસ્તુતિ બાળકો દ્વારા કરવામાં આવી. ફોટોગ્રાફ્સ સ્વરૂપે વાર્ષિક પ્રવૃત્તિઓની સ્મૃતિ પ્રદર્શની રજૂ કરાઈ, તેનાં પણ સૌએ દર્શન કર્યાં. આ પ્રસંગે યુવા લીડર્સે અનુપમ મિશન દ્વારા થતી શિક્ષણ, આરોગ્ય, આપાત્કાલીન રાહત તથા અન્ય સામાજિક સેવાઓ અને સમાજોત્કર્ષની પ્રવૃત્તિઓ અંગે પ્રેઝન્ટેશન દ્વારા સુંદર માહિતી આપી. ડૉ. રાજ સાલવાને પ્રાસંગિક વક્તવ્યમાં અનુપમ મિશન કેર્સ અંતર્ગત થતી પ્રવૃત્તિઓને બિરદાવી અને તેમાં સહાયભૂત થયેલ સક્રિય યુવાકાર્યકર્તાઓની સેવાભાવનાની સરાહના કરી. સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવ સાથે મંડળના સૌ ભક્તોએ ભેગા મળી સંપ, સુહૃદભાવ અને એકતાથી સેવાનાં આયોજન કર્યાં. ઉપસ્થિત સૌ વાલીઓએ પરદેશમાં ઊછરતી ભાવિ પેઢીનાં જતન અને સંસ્કારસિંચન અર્થે અનુપમ મિશન દ્વારા થતી સાંસ્કૃતિક અને સર્વાંગી ઘડતરની પ્રવૃત્તિઓ પ્રતિ સંતોષ અને આનંદ વ્યક્ત કરી ધન્યતા અનુભવી. ◆

## સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

*** ઇંગ્લૅન્ડ :** અનુપમ મિશનના ડેન્હમ સ્થિત મંદિરજીમાં સંતભગવંત સાહેબજીનો ૮૭મો પ્રાગટ્યોત્સવ ખૂબ ભક્તિભાવ સાથે ૮ માર્ચના રોજ ઉજવાયો. ભક્તોએ મંદિરને ભવ્ય રીતે સુશોભિત કર્યું. અનુપમ સૂરવૃંદ દ્વારા કીર્તનભક્તિ અર્પણ થઈ. પૂ. દિનકરઅંકલ (શિકાગો) અને પૂ. હિંમત સ્વામીનાં સાંનિધ્યમાં 'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી' તે વિષય આધારિત ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ગુણાતીત સમાજની વિવિધ સંસ્થાઓમાંથી સંતો-ભક્તો પધાર્યા અને સંતભગવંત સાહેબજીના મહિમાનું દર્શન કરાવ્યું. આ ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો સહભાગી થયા. યુવાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સાહેબજીના શ્રીચરણે પ્રાર્થનાઓ ધરી. પૂ. હિંમત સ્વામીએ સંતભગવંત સાહેબજીની આજ્ઞા પ્રમાણે જીવન-સમર્પણની પ્રેરણા અને આધ્યાત્મિક સમજ આપી. પૂ. દિનકરઅંકલે સાહેબજીના દિવ્ય સ્વરૂપનાં દિવ્ય દર્શન કરાવી આદરભાવ અને પ્રેમભાવ વ્યક્ત કર્યા. ઓમ બિઝનૅસ ઈ-ડિરેક્ટરીનું મુક્તાર્પણ થયું. સભાને અંતે હિંદુ સમાજની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી, 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરી સભા વિસર્જિત થઈ. ◆

*** ઍલનટાઉન, અમેરિકા :** ૨૧ માર્ચ ૨૦૨૬, શનિવારના પવિત્ર દિવસે અમેરિકાના ઍલનટાઉન સ્થિત મંદિરજીમાં શ્રી ઠાકોરજી અને સ્થાનિક સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં સંતભગવંત સાહેબજીના ૮૭મા પ્રાગટ્યપર્વની મહિમાસંપન્ન ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી.



ફ્રિમૉન્ટમાં અનુપમ કેર્સના વાર્ષિકોત્સવે વડીલો-મહાનુભાવો સાથે સહભાગી બાળવૃંદ





ઇંગ્લૅન્ડ મંદિરમાં પૂ. દિનકર અંકલના સાંનિધ્યે સાહેબજી પ્રાગટ્યોત્સવની ભક્તિવંદના

આવાહ્‌ન શ્લોક અને ધૂન કરીને સભાનો પ્રારંભ થયો અને પછી નિષ્કુળાનંદ સ્વામીજી રચિત ‘આજ આનંદ મારા ઉરમાં, મળી મુને મહા મોંઘી વાત રે…;’ ભજન પર સંતભગવંત સાહેબજીની સ્મૃતિ કરાવતા વિડીયોનાં દર્શન કર્યાં. ત્યારબાદ આ જ ભજનના આધારે સહજ અને દિવ્યએ સુંદર સંવાદ દ્વારા સભાના મુખ્ય થીમને પ્રસ્તુત કર્યો. માલ્યા અને પ્રેમ દ્વારા ‘માયા વિથ મુકતો’ પોડકાસ્ટ સ્ટાઈલથી નીરજભાઈ, નીલભાઈ અને ચાંદનીબહેન સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી, જેમાં ત્રણેય યુવાઓએ પોતાનાં જીવનના ગુરુહરિ સાહેબજી સાથેના પ્રસંગો દ્વારા તેઓના દિવ્ય ગુણો વિષે વાત કરી. તે જ રીતે વિહિતા અને એશાએ ક્રિષ્નાબહેન, શીતલબહેન અને સુજાતાબહેન સાથે ‘ચાઈ સાઈડ ચેટ’ પોડકાસ્ટ સ્ટાઈલથી પ્રશ્નોત્તરી કરી ગુરુહરિના દિવ્ય ગુણોના હૃદયસ્પર્શી પ્રસંગોનાં વર્ણન કર્યાં. ‘ઘનશ્યામ સભા’નાં નાનાં બાળકોએ ‘સાહેબદાદા ઓ વહાલા દાદા…’ ભજન પર સુંદર નૃત્ય કર્યું. સ્મિતાબહેન (બફેલો) અને બંકિમભાઈ (ઍલનટાઉન)એ સ્વાનુભવોની વાતો કરી સૌને સાહેબજીના મહિમામાં તરબોળ કર્યાં. સાધુ પૂ. નરેન્દ્રદાસજી અને પૂ. જયેશદાસજીએ આશીર્વાદ વરસાવી ગુરુહરિના મહિમાની સરવાણી વહાવી, જેને માણી સૌ ધન્ય થયાં.

પૂ. અશ્વિનદાદા અને ગુરુહરિ સાહેબજીના વિડીયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. સભાનું સંચાલન હર્ષભાઈ (શિકાગો)એ સુંદર રીતે કર્યું. રાજવીબહેને સમગ્ર કાર્યક્રમનું આયોજન કરનાર યુવાઓ-પ્રેમ, માલ્યા, એશા, વિહિતા, મિહિતા અને મૈત્રીની સેવા-ભક્તિને બિરદાવી હૃદયપૂર્વક આભાર માન્યો. જયંતભાઈ અને જિજ્ઞાસાબહેને તેઓ સૌને સ્મૃતિભેટ અર્પણ કરી. અંતે રાજાભાઈએ ઍલનટાઉન, લૅન્સડેલ, ન્યૂજર્સી, બફેલો, મેરીલૅન્ડ તથા બૉસ્ટનથી પધારેલા સૌ ભક્તોનો હૃદયપૂર્વક આભાર માન્યો તેમજ સુશોભન, ઑડીયો-વિડીયો અને રસોડા વિભાગમાં સેવા અર્પણ કરનાર સેવકોની ભક્તિને બિરદાવી. અંતે સૌએ સમૂહ આરતીનો લાભ લઈ, ગુરુપ્રાગટ્યના સહજાનંદની અનુભૂતિ સાથે અપાર આનંદ માણ્યો. ◆

*** મેરીલૅન્ડ, અમૅરિકા :** સંતભગવંત સાહેબજીના ૮૭મા પ્રાગટ્યપર્વની ઉજવણી મેરીલૅન્ડ મંડળના ભક્તોએ ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ અતુલભાઈ-સ્વાતિબહેનના ઘરે ભેગા થઈને ભક્તિભાવે કરી. સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. કૌશિકદાસજી આ પ્રસંગે ઍલનટાઉનથી પધાર્યા. અદ્‌ભુત વિડીયોદર્શન માણી સૌ સંતભગવંત સાહેબજીના મહિમામાં તરબોળ થયાં. ડૉ. એન. સી. પટેલે મહિમાગાન કર્યું. સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. કૌશિકદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. સાહેબજીની જીવનભાવના, ભક્તો પ્રત્યેનો પ્રેમ અને સામર્થીનાં દર્શન પોતાના અનુભવોને આધારે વર્ણવી અદ્‌ભુત મહિમા ગાયો. સંતોનાં સાંનિધ્યે ગુરુહરિના મહિમામાં ભીંજાઈ સૌએ અલૌકિક આધ્યાત્મિક આનંદ માણ્યો. ◆

*** ઉપાસના ધામ, પિયોરિયા-અમૅરિકા :** ૨૧ માર્ચ ૨૦૨૬, શનિવારની સોહામણી સંધ્યાએ અમૅરિકાના પિયોરિયા સ્થિત અનુપમ મિશનના ઉપાસના ધામમાં સંતભગવંત સાહેબજીનો મહારાજનો ૮૭મો પ્રાગટ્યોત્સવ ઊજવવા માટે સૌ ભક્તો એકત્ર થયા. સભાનો આરંભ આવાહ્‌ન શ્લોક, ધૂન-ભજન દ્વારા થયો. આ પ્રસંગે લૂઝિઆનાથી પધારેલ પ્રિયંકાબહેને પોતાના જીવનમાં સંતભગવંત સાહેબજીના સમાગમથી આવેલ હકારાત્મક બદલાવની ખૂબ સરસ વાતો કરી મહિમા ગાયો. સંતભગવંત સાહેબજીના ફક્ત એક જ વારનાં દર્શનથી, તેઓના દિવ્ય પ્રેમ અને બોધથી અભિભૂત થયેલા સુનિશભાઈએ સુંદર મહિમાદર્શન કરાવ્યું. ત્યારબાદ યૂથસભામાં આવતાં પાંચથી પંદર વર્ષનાં દીકરા-દીકરીઓએ સંતભગવંત સાહેબજીના જીવનપ્રસંગો દર્શાવતું એક સુંદર નાટક ભજવ્યું અને સાથે નિયમિત સભામાં હાજરી આપવાનો સંદેશ આપ્યો. બિનલબહેન અને પ્રાર્થનાબહેને પ્રાસંગિક નૃત્યભક્તિ અર્પણ કરી ભક્તિભાવ વ્યક્ત કર્યા. સંતભગવંત સાહેબજીની જીવનગાથાનાં દિવ્ય દર્શન કરાવતી વિડીયોનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. ◆





ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરમાં સાહેબજી પ્રાગટ્યોત્સવે હૃદયભાવ અર્પણ



મેરીલૅન્ડ મંડળના ભક્તો દ્વારા સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી

*** ફ્રિમૉન્ટ, અમેરિકા :** ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ અમેરિકાના ફ્રિમૉન્ટ મંડળના ભક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ઊજવણી ભારતથી પધારેલ વડીલ સાધુ પૂ. ડૉ. ભરતદાસજી-પૂ. ઘનશ્યામદાસજી અને અમેરિકાના પૂ. જયેશદાસજી-પૂ. કૌશિકદાસજીનાં દિવ્ય સાંનિધ્યમાં કરી. આ પ્રસંગે અનુપમ મિશન, અમેરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા. મોટી સંખ્યામાં ભક્તોએ ભેગા મળી વિવિધ રીતે સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યદિનની ભક્તિવંદના અર્પણ કરી. આ પ્રસંગે પ્રસ્તુત સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ સાહેબજી' વિડીયોદર્શન માણી સૌએ ધન્યતા અનુભવી. ભક્તિસભર કીર્તનગાન અને માહાત્મ્યગાન થયાં. સાધુ પૂ. ડૉ. ભરતદાસજી અને પૂ. જયેશદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. મંડળનાં આગેવાન ભાવેશભાઈ-છાયાબહેનનાં માર્ગદર્શન હેઠળ સઘળાં આયોજન સુંદર ને સુચારુ કરાયાં. સૌએ ભેગાં મળીને સંપીને સેવા-ભક્તિ અદા કરી સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વને વધાવી લીધું. ◆

*** વાનકુંવર, કેનેડા :** ૨ એપ્રિલ ૨૦૨૬, ગુરુવારના રોજ મુરેવિલ કમ્યુનિટી હૉલ, વાનકુંવર ખાતે સંતભગવંત સાહેબજીના ૮૭મા પ્રાગટ્યપર્વની ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી. લગભગ એક મહિના અગાઉથી સૌ આ ઉત્સવની સેવાઓમાં પ્રવૃત્ત થયાં હતાં. આ દિવ્ય અને પાવન અવસરે અનુપમ મિશન, ઍલનટાઉનથી પધારેલા સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. અરવિંદદાસજીનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થયું તેનો અનેરો આનંદ સૌને હૈયે હતો. નેહલભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌનાં સ્વાગત કર્યાં. ત્યારબાદ સાહેબદાદાના લાડકા એવા 'ઘનશ્યામસભા'નાં બાળકોએ પોતાની કાલી-ઘેલી ભાષામાં સાહેબદાદાએ શિખવાડેલાં સૂત્રો વિશે વાત કરી અને ખૂબ સુંદર ભજન ગાયું. યુવતીમંડળે સંતભગવંત સાહેબજીએ આપેલ સૂત્ર 'થિન્ક પૉઝિટિવ, રેસ્ટ વિલ ફૉલો' આધારિત સુંદર ને પ્રેરણાદાયી નાટક રજૂ કર્યું. ત્યારબાદ સંતભગવંત સાહેબજીના વિડીયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. અરવિંદદાસજીએ સ્વાનુભવો જણાવી સંતભગવંત સાહેબજીના દિવ્ય સ્વરૂપનાં અલૌકિક મહિમાગાન કરી આશીર્વાદ પ્રદાન કર્યા. પૂ. જયેશદાસજીએ સમગ્ર મંડળના પ્રતિનિધિ સ્વરૂપે ક્રીતેશભાઈ, સ્નેહલભાઈ, હિતેશભાઈ, શૈલેશભાઈ, મિહિરભાઈ, ધ્રુવભાઈનાં પૂજન કરી અભિવાદન કર્યાં અને સૌની સેવા અને સહયોગ બદલ ધન્યભાવ વ્યક્ત કર્યા. અંતે ચિત્રાંગભાઈએ પધારેલ સૌ સંતો-ભક્તો તથા સેવા આપનાર સૌનો હૃદયના ભાવથી આભાર વ્યક્ત કર્યો. સમગ્ર સભાનું સંચાલન નેહલભાઈ અને ક્રિષ્નાબહેને કર્યું. ◆

*** ટૉરોન્ટો, કેનેડા :** કેનેડામાં ટૉરોન્ટો ખાતે અનુપમ મિશનના મંદિરજીમાં ભક્તો દ્વારા ૨૮ માર્ચ ૨૦૨૬ના રોજ સંતભગવંત સાહેબજીનો પ્રાગટ્યપર્વ સંતોની નિશ્રામાં ખૂબ ધામધૂમથી ઉજવાયો. સૌનો ઉત્સાહ વધારવા સાધુ પૂ. જયેશદાસજી ખાસ ઍલનટાઉન, અમેરિકાથી પધાર્યા. સભામાં ઉપસ્થિત સંતો, મહેમાનોનું પૂજન કરી કલગી દ્વારા સ્વાગત થયાં. સવિશેષ કેનેડાનાં યુવકો-યુવતીઓ દ્વારા 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ'ના પારાયણ રૂપે વિશેષ ભક્તિ અર્પણ કરવામાં આવી. તેઓની ભક્તિસભર રજૂઆત માણી સૌએ તેઓને કરતાલ સાથે વધાવી લીધાં. આ પ્રસંગે અમીબહેને મંડળમાં ચાલતા ગુજરાતી ક્લાસની માહિતી આપી અને તેમાં સહભાગી થતાં નાનાં ભૂલકાઓ દ્વારા ગુજરાતીમાં ભક્તિ અપર્ણ થઈ. ત્યારબાદ નાનાં બાળકો અને કિચન ટીમનાં બહેનોએ કીર્તનભક્તિ અર્પણ કરી. આ ઉત્સવ દરમિયાન ખાસ સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ વિડીયો આશીર્વાદમાં માર્ગદર્શન આપ્યું કે, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી.' ત્યારબાદ 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ' પારાયણમાં જે યુવકો-યુવતીઓએ સેવા-ભક્તિ અર્પણ કર્યાં હતાં તેમનાં અભિવાદન કરવામાં આવ્યાં. આ પ્રસંગે ગુરુને



ફ્રિમૉન્ટ-અમેરિકામાં સંતોનાં સાંનિધ્યે સાહેબજી પ્રાગટ્યપર્વે ભક્તિ અર્પણ




વાનકુવર, કેનેડામાં સાહેબજી પ્રાગટ્યોત્સવે ભક્તિઅર્ઘ્ય અર્પણ



ટૉરોન્ટો-કૅનેડામાં સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી

રાજી કરવા અને કિશોરોને તૈયાર કરવા 'નીલકંઠ સભા' શરૂ કરવામાં આવશે તેની જાહેરાત થઈ. બફેલો, અમેરિકાથી પધારેલાં સ્મિતાબહેને પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા સૌને સંતભગવંત સાહેબજીના મહિમામાં તરબોળ કર્યાં. અંતે સાધુ પૂ. જયેશદાસજીએ ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા. ◆

*** પર્થ, ઑસ્ટ્રેલિયા :** ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ ઑસ્ટ્રેલિયાના પર્થ મંડળના ભક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના ૮૭મા પ્રાગટ્યદિનની ઉજવણી ખૂબ ભાવથી કરી. સૌએ સુશોભન, રસોઈ, સભાવ્યવસ્થા, ટૅકનિકલ તૈયારીઓ વગેરેની જવાબદારી સ્વીકારી ખૂબ ઉત્સાહપૂર્વક બધું સમયસર ગોઠવી દીધું. સભા આરંભે માહાત્મ્યકીર્તનો ગાઈને ગુરુહરિની સ્મૃતિમાં સૌ લીન થયાં. કેયૂરભાઈએ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોનાં જીવનદર્શન તથા અનુપમ મિશનની સ્થાપના, તેની સેવાકીય પ્રવૃત્તિઓ અને સંતો દ્વારા ગુરુહરિના કાર્યમાં સમર્પણનાં વર્ણન કરી સંતભગવંત સાહેબજીના મહિમાનું અદ્‌ભુત ગાન કર્યું. ત્યારબાદ સંતભગવંત સાહેબજી પ્રાગટ્યસ્થાન, શાળા-મહાશાળા અને અન્ય પ્રાસાદિક સ્થાનો, ગુરુદેવ યોગીજી મહારાજનાં આશીર્વચનો, સદ્‌ગુરુ સંતો દ્વારા ગવાયેલ મહિમા આદિને દર્શાવતા વિડીયોનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. સંતભગવંત સાહેબજીએ આપેલ જીવનસૂત્રો આધારિત પ્રસ્તુતિ દીપ્તિબહેને બાળકો પાસે તૈયાર કરાવી, જેને આ પ્રસંગે રજૂ કરાઈ. સંતભગવંત સાહેબજીએ આપેલ બોધસૂત્રોના અમલથી જીવનમાં આવતાં હકારાત્મક પરિણામોની રજૂઆત માણી સૌ અત્યંત પ્રસન્ન થયાં. સૌએ સંપીને હર્ષભેર સેવા-ભક્તિ અદા કરી ગુરુહરિના પ્રાગટ્યપર્વે ભાવવંદના ધરી. ◆

*** બ્રિસ્બૅન, ઑસ્ટ્રેલિયા :** ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ ઑસ્ટ્રેલિયામાં બ્રિસ્બૅન મંડળના ભક્તોએ ભેગા મળીને મરુકા કૉમ્યુનિટી હૉલ ખાતે સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યોત્સવ ઉજવણીનું સુંદર આયોજન કર્યું. આ પ્રસંગે વિશેષ કીર્તનભક્તિ અર્પણ થઈ. શાસ્ત્રીય સંગીત સાથે કીર્તનો પ્રસ્તુત થયાં. બાળકો-યુવાઓ દ્વારા વૅસ્ટર્ન વાદ્યો સાથે પણ કીર્તનભક્તિ અર્પણ કરવામાં આવી. પરદેશમાં ઊછરતી ભાવિ પેઢી આવી હૃદયભાવના સાથે ભક્તિ અર્પણ કરે તે સહજ અનુપમ બાબત બની રહી. તેઓની આ ભાવસભર પ્રસ્તુતિએ સૌને મુગ્ધ કરી દીધાં. સંતભગવંત સાહેબજી પ્રતિના તેઓના હૈયામાં ઊભરતા પ્રેમને સૌ વંદી રહ્યાં. ત્યારબાદ સંતભગવંત સાહેબજીનાં જીવન અને કાર્યો વિશે સુંદર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજીની અલૌકિક ગુણાતીત અવસ્થા, દિવ્ય સામર્થી અને અજોડ દાસત્વભાવનાં દર્શન-અનુભવ પામી સૌ ધન્ય થયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આ પ્રસંગે ફોન દ્વારા આશીર્વાદ વરસાવી સૌની ભક્તિભાવનાને બિરદાવી. ◆

## સાઠંબા સ્થિત મંદિરજીની મૂર્તિઓનો ૧૯મો પાટોત્સવ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી સાઠંબામાં નિર્માણ પામેલ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરનો ૧૯મો પાટોત્સવ ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ સંતોનાં સાંનિધ્યમાં સંપન્ન થયો. પ્રાદેશિક સાધુ પૂ. અશોકદાસજી-બાબુના પ્રધાન આચાર્યપદે પાટોત્સવ



પર્થ-ઑસ્ટ્રેલિયા મંડળના ભક્તો દ્વારા સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી



બ્રિસબૅન-ઑસ્ટ્રેલિયામાં સાહેબજી પ્રાગટ્યદિને બાળકો દ્વારા વિશેષ ભક્તિ અર્પણ

મહાપૂજાવિધિ કરવામાં આવી. પાટોત્સવ વિધિના યજમાનપદે સુરેશભાઈ-ચંદ્રિકાબહેન બિરાજ્યાં. સંતોએ મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કર્યાં અને સૌ સંતો-ભક્તો સાથે ભેગા મળીને પાટોત્સવની આરતી અર્પણ કરી. પાટોત્સવસભામાં સંજયભાઈ, પ્રજ્ઞેશભાઈ, પ્રકાશભાઈ (શાંતિપુરા)એ પ્રાસંગિક મહિમાગાન કર્યાં.

સાધુ પૂ. નરેન્દ્રદાસજી અને પૂ. નિખિલદાસજીએ સૌની સેવા-ભક્તિને બિરદાવી. સાધુ પૂ અશોકદાસજી-બાબુએ આશીર્વાદ આપતાં મહિમાથી ભક્તિ કરી, સંતભગવંત સાહેબજીને રાજી કરી, જીવન ધન્ય કરી લેવાની સમજ આપી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. તેઓએ સૌ ભક્તોને અભિનંદન પાઠવ્યાં અને ૧૯ વર્ષ દરમિયાન કરેલાં કાર્યોને વધાવીને રાજીપો વ્યક્ત કર્યો તથા હજી વધારે ઉત્સાહ સાથે સૌ જોડાઈ શકે તેવી પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. ◆

## પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજી પ્રાગટ્યદિન મહિમાવંદના

સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે 'અક્ષરમહોલ'માં યોજાતી નિત્ય રાત્રિ સત્સંગસભામાં ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીનો ૮૯મો પ્રાગટ્યદિન યોજાયો. આ પ્રસંગે સંતો-ભક્તોએ ભેગા મળી મહિમાવંદના અર્પણ કરી.

'અક્ષરમહોલ'માં આસન પર પ.પૂ. ગુરુજીની મૂર્તિ પધરાવવામાં આવી, જેનાં પૂજન અને પુષ્પહાર અર્પણ કરી સંતોએ ભાવવંદના ધરી. આ પ્રસંગે પ.પૂ. ગુરુજીની ગુરુદેવ યોગીજી મહારાજ પ્રત્યેની નિષ્ઠા, પૂ. કાકાજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિ, સંતો પ્રત્યેનો સુહૃદભાવ અને ભક્તોનાં દિવ્ય જતનની માહાત્મ્યસંપન્ન વાતો કરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પ્રાસંગિક રૂડા આશીર્વાદ પ્રદાન કરી પ.પૂ. ગુરુજીના મહિમાનું ગાન કર્યું. પ.પૂ. ગુરુજીના યુવાકાળથી યોગીજી મહારાજ સંગે દીક્ષિત થઈ પ.પૂ. કાકાજીના પ્રેમમાં ભીંજાઈ, પ.પૂ. પપ્પાજી પ્રત્યેના આદરભાવ, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી અને સંતો પ્રતિના સુહૃદભાવની જીવનગાથા સંતભગવંત સાહેબજીએ વર્ણવી. પ.પૂ. કાકાજીની આજ્ઞાથી પ.પૂ. ગુરુજી દ્વારા થયેલાં દિલ્હી અને પંજાબમાં સત્સંગવિકાસનાં કાર્યો જણાવ્યાં તથા પૂ. આનંદીદીદી, સંત બહેનો અને સમર્પિત ભાઈઓના દાખડાને બિરદાવ્યો. પ.પૂ. કાકાજી જેવી સર્વદેશીયતા અને સુહૃદભાવને સાકાર કરનાર પ.પૂ. ગુરુજીના મહિમાનાં દર્શન કરાવી આશીર્વાદ પાઠવ્યા. ◆

## શ્રી રામનવમી-શ્રી હરિજયંતીની ઉજવણી

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૨૬ માર્ચ, ૨૦૨૬ના રોજ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાદુર્ભાવદિનની ઉજવણી કરવામાં આવી. નૂતન મંદિરજીના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે શ્રી હરિના ૨૪૬મા પ્રાગટ્યપર્વની સભાનું સુંદર આયોજન કરાયું. અનુપમ સૂરવૃંદના સંતો-યુવાઓ દ્વારા અલૌકિક કીર્તનભક્તિ અર્પણ કરવામાં આવી. ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં માહાત્મ્યનાં સુમધુર કીર્તનો ગાઈ સૌને તેઓની સ્મૃતિમાં મુગ્ધ કરી દીધાં. સંતોની સંનિધિ, મંચની રમ્ય સજ્જા, વાતાવરણની પવિત્રતા, ભક્તોનાં હૈયે ધબકતો ભક્તિભાવ અનેરી દિવ્યતા પ્રસરાવતાં હતાં. પ્રભુ શ્રી રામ અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિઓ તથા સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં પૂજન-પુષ્પાર્પણ કરી વંદના ધરવામાં આવી.

પ્રાસંગિક માહાત્મ્યદર્શન પ્રવચન સાધુ પૂ. પંકજદાસજી અને ભાવિશાબહેન (યુ.કે.) દ્વારા કરવામાં આવ્યાં. હરિનામ, હરિબળ અને શ્રી હરિના પ્રગટ સ્વરૂપ એવા ગુરુહરિના મહિમાની સુંદર વાતો પોતાના અનુભવો અને પ્રસંગોના આધારે કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ



સાઠંબા સ્થિત મંદિરજીની મૂર્તિઓના ૧૯મા પાટોત્સવે પૂજાવિધિમાં રત સંતો-ભક્તો



પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના ૮૯મા પ્રાગટ્યદિને સભામાં સાહેબજીનાં આશીર્દાન

ઈષ્ટદેવ અને પ્રગટ ગુરુહરિના આશરાની, ઉપાસનાના સિદ્ધાંતોની ચોટદાર વાતો કરી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

ત્યારબાદ શ્રી હરિજયંતીની સમૂહ આરતી અર્પણ કરી ઉપસ્થિત સૌએ ભક્તિ અદા કરી. આ પ્રસંગે આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, કરમસદના ભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ ધન્યતા અનુભવી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી ઉત્સવ આયોજન કરનાર સૌ સંતો-યુવાનોની ભક્તિને બિરદાવી. શ્રીજી મહારાજે પૃથ્વી પર પધારી ભક્તોનાં દુઃખ ઉડાડ્યાં અને સુખ આપ્યાં તે કૃપાની અદ્‌ભુત વાતો કરી. ભગવાનના સંતો અને ભક્તો નિર્દોષ છે, તેમના ગુણ ગાઓ, સાંભળો અને જુઓ તો ગુણાતીતભાવને પામી જવાય અને એ સિદ્ધાંત પાકો કરાવવા પ્રભુ આ બ્રહ્માંડમાં પ્રગટ્યા; તેમ જણાવી નિષ્કામભક્તિની સુંદર સમજ આપી. ભગવાન શ્રી રામના મહિમાની, પ્રગટ ઉપાસનાના સિદ્ધાંતોની સરવાણી વહાવી આદર્શ જીવન જીવવા બળ દીધાં.

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી દેશ-પરદેશના અનેક ભક્તોએ આખો દિવસ ઉપવાસ કરી, સત્સંગલક્ષી વાંચન, મહિમાગાન અને સેવા-ભક્તિમાં રત રહી વિશેષ ભક્તિ અદા કરી. ◆

*** ઉપાસના ધામ, સુરત :** ૨૬ માર્ચ ૨૦૨૬ના દિવસે સુરત મંડળના ભક્તોએ ભેગા મળીને મહાપવિત્ર શ્રી રામનવમી, શ્રી હરિજયંતીની ભક્તિસંપન્ન ઉજવણી કરી. ધૂન અને કીર્તનગાન સાથે સભાનો પ્રારંભ થયો. બહેનોએ ખૂબ ભાવથી ભજનો ગાઈને સૌ ભક્તોને ભક્તિમાં તરબોળ કર્યા. રીધાન દ્વારા 'બાળ ઘનશ્યામ ચરિત્ર', વંશવી સરવૈયા દ્વારા 'નીલકંઠ વર્ણી ચરિત્ર', પાવની પટેલ દ્વારા 'શ્રી સહજાનંદ ચરિત્ર'માંથી પ્રસંગોનાં વર્ણન કરવામાં આવ્યાં. નાની ઉંમર હોવા છતાં આ બાળકો-યુવાઓએ ભક્તો સમક્ષ સુંદર રીતે ચરિત્રગાન કરી લાભ આપ્યો. સુરત પ્રદેશના પ્રાદેશિક વડીલ સાધુ પૂ. કાનજીદાસજીએ સૌ ભક્તો પર સરસ આશીર્વાદ વરસાવી માર્ગદર્શન પ્રદાન કર્યાં. પૂનમભાઈ શર્માના આભાર પ્રવચન બાદ આ શુભ પર્વે ભક્તોએ શ્રી ઠાકોરજી મહારાજને આરતી અર્પણ કરી વંદના ધરી. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** શ્રી રામનવમી અને શ્રી હરિજયંતીના મહામંગલકારી દિન ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સત્સંગભક્તિ અર્પણ કરવામાં આવી. સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. ચંદ્રેશદાસજી, નરસીદાદા, બિમલભાઈ શેઠ (અમેરિકા) આદિની પુનિત ઉપસ્થિતિમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ અને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાદુર્ભાવપર્વની ભક્તિભાવે ઉજવણી કરવામાં આવી. સંતોએ શ્રી રામચંદ્રજી અને શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનાં પૂજન કરી ભાવવંદના ધરી. સૂરવૃંદનાં યુવાનો-યુવતીઓએ કીર્તનભક્તિ દ્વારા શ્રી રામ ભગવાન અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહિમાનાં કીર્તનોનો રસથાળ પીરસી સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને ભક્તિમાં લીન કરી દીધા. ચેતનભાઈ વ્યાસ અને દીયાબહેને પ્રાસંગિક મહિમાગાન કરી પ્રભુની સર્વોપરિતા, સામર્થી અને વત્સલપણાના દિવ્ય પ્રસંગો રજૂ કર્યા. અંતે સમૂહ આરતી અર્પણ કરી સૌએ પ્રભુચરણે ભક્તિઅર્ઘ્ય ધર્યો. ◆

## નીલકંઠવર્ણી બાલવાડી તથા વિદ્યાલય, શિણાયનો વાર્ષિકોત્સવ

૩૦ માર્ચ ૨૦૨૬, મંગળવારના રોજ અનુપમ મિશન સંચાલિત શિણાય સ્થિત 'નીલકંઠવર્ણી બાલવાડી' તથા 'નીલકંઠવર્ણી વિદ્યાલય'ના ૧૩મા વાર્ષિકોત્સવના ભાગરૂપે ભવ્ય કીર્તનસંધ્યાનું આયોજન થયું. કાર્યક્રમનો પ્રારંભ સંતો અને મહેમાનશ્રીઓના વરદ હસ્તે દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો. ત્યારબાદ સંતોનું અને મહેમાનોનું ખેસ, પુષ્પગુચ્છ અને મૉમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ શાળાનાં આચાર્યા શ્રીમતી અમીબહેન પાટડિયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું. સાધુ પૂ. સંદીપદાસજી અને સાધુ પૂ. અશોકદાસજી દ્વારા



મોગરી મંદિરજીના પ્રાંગણમાં શ્રી હરિજયંતી પર્વે સમૂહ આરતી અર્પણ




ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે શ્રી હરિજયંતીની ઉજવણી

આશીર્વચન પાઠવવામાં આવ્યાં. કાર્યક્રમના મુખ્ય મહેમાન C.R.C. શ્રી જિજ્ઞેશભાઈ ચૌધરીએ વક્તવ્ય આપ્યું. શૈક્ષણિક વર્ષમાં શાળામાં ધોરણ ૧થી ૧૦માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ તેજસ્વી વિદ્યાર્થીઓને સંતભગવંત સાહેબજી મહારાજ સુવર્ણ જયંતી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત દરેક ધોરણના શ્રેષ્ઠ વિદ્યાર્થી, શ્રેષ્ઠ ગણવેશ, શ્રેષ્ઠ સુલેખન કરનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા. ધોરણ ૧થી ૯ના વિદ્યાર્થીઓ, શિક્ષકો શ્રી ક્રિષ્નાબહેન તથા શ્રી વિરલભાઈ દ્વારા વિવિધ કીર્તનોનાં સુંદર ગાન કરવામાં આવ્યાં. કીર્તનસંધ્યામાં વાદકવૃંદમાં દુર્ગેશભાઈ (તબલાં), તક્ષભાઈ (કીબૉર્ડ) અને ફેનીલભાઈ (ઑક્ટોપૅડ)એ સાથ પુરાવ્યો. કાર્યક્રમના અંતમાં સૌ ખૂબ ઉત્સાહથી ગરબે ઝૂમ્યાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષકો મનીષાબહેન તથા વિરલભાઈએ કર્યું. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદા પ્રાગટ્યદિન વંદના

૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદાના ૮૯મા પ્રાગટ્યદિન નિમિત્તે સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે સૌ સંતો-ભક્તોએ બ્રહ્મજ્યોતિ, મોગરીના 'પારમિતા' સભાખંડમાં ભેગા મળીને હૃદયવંદના અર્પણ કરી. ૧ એપ્રિલ તેઓનો નિર્વાણદિન પણ હોવાથી વિશેષ ભક્તિઅર્ઘ્ય અને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યાં.

આ પ્રસંગે આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, કરમસદ મંડળના ભક્તો પધાર્યા અને માહાત્મ્યધારામાં ભીંજાયા. પૂર્વાબહેન પટેલે પ્રાસંગિક મહિમાગાન કરી સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદાના ગુરુભક્તિના પ્રસંગો, સાધુહૃદયના અનુભવો, દિવ્ય પ્રેમ અને જતનની સુંદર વાતો કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ પૂ. વી. એસ.દાદાના સંતભગવંત સાહેબજી સાથેના એકાત્મભાવને દર્શાવતા જીવનપ્રસંગોને સંભારી તેઓની અનાસક્ત અવસ્થા, કર્મઠ અને કુનેહસભર સ્વાભાવિક અવસ્થાના પ્રસંગો અને





નીલકંઠવર્ણી વિદ્યાલયના તેજસ્વી વિદ્યાર્થીઓનાં અભિવાદન... વિદ્યાર્થીઓ દ્વારા કીર્તનસંધ્યા

શૂરવીરતાની અદ્‌ભુત વાતો કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ તેઓને 'વીર વિઠ્ઠલદાસ' તરીકે સંબોધી તેઓના શૂરવીરતાભર્યા જીવન, પ્રામાણિક અને વફાદારીપૂર્વકની સેવાભાવનાની વાતો કરી આશીર્વાદ વરસાવ્યા. અંતે સંતભગવંત સાહેબજીએ ગુરુદેવ યોગીજી મહારાજ પ્રત્યેની સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદાની ગુરુભક્તિ, નિયમપાલનમાં અડગતા, ગુરુઆજ્ઞાપાલન માટેની તત્પરતાના પ્રસંગો વર્ણવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## બારાસડીમાં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે કીર્તન-સત્સંગ આનંદ

૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ બારડોલીની નજીક આવેલ બારાસડી ગામે નિર્માણાધીન 'અનુપમ સંસ્કાર ધામ'ના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્યે કીર્તનભક્તિ અને સત્સંગસભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાત પ્રદેશના અક્ષરમુક્તો મોટી સંખ્યામાં લાભ લેવા પધાર્યા. ઉત્સવ પ્રારંભે યુવતીઓ દ્વારા સ્વાગતનૃત્ય સાથે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને આવકાર અપાયો. મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિખ્યાત કલાકારો દ્વારા ભાવવાહી કીર્તનભક્તિ પ્રસ્તુત થઈ. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ પ્રાસંગિક આશીર્વાદ વરસાવ્યા. સંતભગવંત સાહેબજીએ બારાસડીમાં નિર્માણાધીન નૂતન મંદિરજી અને તેમાં બિરાજમાન થનાર શ્રી ઠાકોરજીની સેવામાં જોડાનાર સર્વે સુખિયાં થશે તેવા આશીર્વાદ વરસાવ્યા. કીર્તનભક્તિ અદા કરનાર સૂરવૃંદના કલાકારો, આ પ્રસંગે પધારનાર સૌની સેવા-ભક્તિને તેમજ પ્રાદેશિક સંતો દ્વારા થતા દાખડાને ખાસ બિરદાવ્યા. ◆



## विश्व वंदनीय योगगुरु स्वामीश्री पूज्य रामदेवजी महाराज



योग एवं आयुर्वेद के माध्यम से विश्व समस्त के सुस्वास्थ्य के प्रेरणास्रोत और भारतीय आयुर्वेद विज्ञान के ज्ञाता परम वंदनीय योगगुरु स्वामीश्री पूज्य रामदेवजी महाराज नि:स्वार्थ सेवा की साक्षात् मंगल मूरत है। उनका निर्मल और निर्दोष व्यक्तित्व उनकी परम शीलवान साधुता का उमदा परिचय है। उनकी अहम्शून्यता और साहजिक जीवनशैली अत्यंत प्रेरक एवं आदर्श है। योगगुरु स्वामीश्री पूज्य रामदेवजी महाराज के हृदय की धड़कन रूप राष्ट्रभक्ति आज अनेकों को मूल्यनिष्ठ जीवन का पथदर्शन कराती है। प्रेरित करती है। योग के प्राचीन भारतीय शास्त्रोक्त दर्शन एवं जीवनशैली को वैश्विक स्तर पर प्रतिष्ठित करने वाले परम श्रद्धेय स्वामीश्री पूज्य रामदेवजी महाराज देश के गरिमापूर्ण महर्षि है। हरिद्वार में स्थापित 'पतंजलि योगपीठ' के माध्यम से आयुर्वेद के पुनरुत्थान तथा स्वदेशी ज्ञान परम्परा के संरक्षण एवं प्रसार में उनका योगदान उन्हे अनुपम कर्मयोगी बनाता है। ◆



स्वामिश्रीजी

॥ शालीन मानवरत्न ॥

योग के बहु-आयामी वैश्विक प्रसार
आयुर्वेद प्रतिपादित जीवनशैली के लोक आचरण के प्रति सेवारत
राष्ट्रभक्ति एवं मानव कल्याण के प्रति समर्पित
स्वदेशी अभियान के सामर्थ्य संपन्न सारथी एवं
राष्ट्र के गौरवपूर्ण सांस्कृतिक ज्योतिर्धर
परम सम्माननीय श्रद्धेय विश्व योगगुरु स्वामी श्री पूज्य रामदेवजी महाराज को
॥ शालीन मानवरत्न ॥
सम्मान से विभूषित करते हुए
अनुपम मिशन
आनंद, गौरव एवं भक्तिरूपी कर्तव्य पालन के संतोष की धन्यता का अनुभव करता है।
सहृदयी सर्व संत गण की मंगलमयी प्रार्थना सह

આપના જ સુહૃદયી જશાભાઈ સાહેબના
શુભાશિષ સહ જયશ્રી સ્વામિનારાયણ!

अनुपम मिशन

२३ मार्च २०२६
अनुपम मिशन,
उपासना धाम, वेमार, भारत

## પરમ આદરણીય પૂજ્ય શ્રીમતી ધનશ્રી તલવલકર-દીદીજી



પ્રેમલ, સંવેદનશીલ અને પરગજુ એવાં નારાયણી પ્રતિભા પૂજ્ય શ્રીમતી ધનશ્રી તલવલકરજી એક ગૌરવશાળી અને સર્વ સુહૃદ વ્યક્તિત્વ છે ! શ્રદ્ધેય પરમ પૂજ્ય શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેજીના ગરવા આધ્યાત્મિક ગુણવારસાને ધારી, તેને વિસ્તારતાં શ્રીમતી ધનશ્રી તલવલકરજી અનુયાયીઓનાં હૃદયમાં '

અધ્યાયના અણમોલ રત્નસ્વરૂપાં પૂજ્ય શ્રીમતી ધનશ્રી તલવલકરજી શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં જ્ઞાન, કર્મ અને ભક્તિયોગને સાચા અર્થમાં જનસામાન્યની જીવનશૈલીમાં વાવી, તેઓના સર્વાંગી વિકાસ અર્થે અહોરાત્ર સેવામાં સમર્પિત છે. અનુકંપાસભર હૃદયભાવના સાથે છેવાડાનાં માનવીઓને સ્વાધ્યાય પરિવારની મુખ્ય ધારામાં જોડી તેઓશ્રી સૌનાં જીવનને ઉન્નત બનાવી રહ્યાં છે. વિશ્વના અનેક દેશોમાં પ્રસાર પામેલા સ્વાધ્યાય પરિવારનાં સુવ્યવસ્થિત પ્રબંધનને નેતૃત્વ પ્રદાન કરી તેઓશ્રી જનસામાન્યનાં કલ્યાણ અર્થે નિરપેક્ષભાવથી જનસેવામાં પોતાનું જીવન અર્ધ્યરૂપે અર્પણ કરી રહ્યાં છે. ◆



સ્વામિશ્રીજી

॥ शालीन मानवरत्न ॥

પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેજીના
ગરવા આધ્યાત્મિક ગુણવારસાનાં ધારક સ્વાધ્યાય પરિવારનાં સંવાહક
કરુણા અને સંવેદનાસભર સામાજિક અને સાંસ્કૃતિક નેતૃત્વનાં પ્રેરણામૂર્તિ
પરમ સન્માનનીય પૂજ્ય શ્રીમતી ધનશ્રી તલવલકર-દીદીજીને
॥ શાલીન માનવરત્ન ॥
સન્માનથી અલંકૃત કરી
અનુપમ મિશન
આનંદ, ગૌરવ તથા ભક્તિરૂપ કર્તવ્યપાલનનો સંતોષ અનુભવે છે.
સહૃદયી સર્વ સાધકો અને સંતોની શુભ પ્રાર્થના સહ

આપના જ સુહૃદયી જશાભાઈ સાહેબના
શુભાશિષ સહ જયશ્રી સ્વામિનારાયણ!

અનુપમ મિશન

૨૨ માર્ચ ૨૦૨૬
અનુપમ મિશન,
ઉપાસના ધામ, વેમાર, ભારત

## આદરણીય શ્રીમાન ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલ



સંવેદનશીલ અને દૃષ્ટિવંત નેતૃત્વશક્તિથી સભર, સેવાપરાયણ અને વિકાસલક્ષી શિક્ષણના સંવાહક શ્રીમાન ભીખુભાઈ પટેલ ખૂબ સાલસ વ્યક્તિ ! સેવાની મહેક જીવનઆચરણ દ્વારા સહજ પ્રસરાવનાર તેઓશ્રી ધીર અને શીલવાન મહાનુભાવ ! શિક્ષણનગરી વલ્લભવિદ્યાનગરમાં પ્રવૃત્ત ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સી.વી.એમ. યુનિવર્સિટીના પ્રમુખશ્રી શ્રીમાન ભીખુભાઈ પટેલની નૂતન વિદ્યાકીય પ્રકલ્પો અને શૈક્ષણિક પ્રવૃત્તિ ક્ષેત્રે અત્યંત સર્વસરાહનીય ભૂમિકા છે. તેઓએ સમૂહલગ્ન, શિષ્યવૃત્તિ, કૃષિપ્રવૃત્તિ, સ્ત્રીજાગૃતિ, યુવકપ્રવૃત્તિ અને સાંસ્કૃતિક ક્ષેત્રે નેતૃત્વ લઈ, તે માટે યોગ્ય માર્ગ પ્રશસ્ત કરી સમાજ ઉત્કર્ષનાં અનેક નોંધપાત્ર સેવાકાર્યો સાકાર કર્યાં છે. સાદગી, વિનમ્રતા અને સરળતાથી શોભતા મૃદુભાષી શ્રીમાન ભીખુભાઈએ 'સર્વજન હિતાય અને સર્વ જન સુખાય'ને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે અવિરત સેવાપ્રવૃત્ત અને સકારાત્મક અભિગમ ધરાવતા તેઓશ્રી બહુ-આયામી વ્યક્તિત્વના જીવંત પ્રેરણામૂર્તિ છે. ◆



સ્વામિશ્રીજી

॥ शालीन मानवरत्न ॥

સરળ વ્યક્તિત્વ અને સંવેદનશીલ નેતૃત્વથી સંપન્ન
આદર્શ સમાજસેવક અને પરમાર્થી વિભૂતિ
નીતિ પ્રબોધિત સદ્માર્ગે દૃષ્ટિવંત શિક્ષણના સુવાહક
પરમ સન્માનનીય શ્રીમાન ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલને
॥ શાલીન માનવરત્ન ॥
સન્માનથી અલંકૃત કરી
અનુપમ મિશન
આનંદ, ગૌરવ તથા કર્તવ્યપાલનનો સંતોષ અનુભવે છે.
સહૃદયી સર્વ સાધકો અને સંતોની શુભ પ્રાર્થના સહ

આપના જ સુહૃદયી જશાભાઈ સાહેબના
શુભાશિષ સહ જયશ્રી સ્વામિનારાયણ!

અનુપમ મિશન

૨૨ માર્ચ ૨૦૨૬
અનુપમ મિશન,
ઉપાસના ધામ, વેમાર, ભારત





ઉપાસના ધામ, વેમારમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજને દિવ્ય દશાબ્દી પાટોત્સવપર્વે ભાવવંદના-પ્રાર્થના અને ભક્તિભાવે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ







અનુપમ સંસ્કાર ધામ, બારાસડી ખાતે નિર્માણાધીન નૂતન મંદિરજીના પ્લિન્થ લૅવલે સંતભગવંત સાહેબજી અને સંતો દ્વારા પૂજન-પુષ્પાંજલિ-પ્રાર્થના અર્પણ... સભામાં આશીર્દાન



અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદાના પ્રાગટ્યદિનની સભામાં સાહેબજીનાં આશીર્દાન





ઈંગ્લૅન્ડની ધર્મયાત્રાએ પધારતા સાહેબજીનાં પૂજન-પુષ્પહાર અર્પણ... સભામાં આશીર્દાન


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

* Annual Subscription For India : Rs. 100/-

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-04-2026 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**<u>If Undelivered Please return to</u> :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,**
**Gujarat, India * Phone : (02692) 230483, 230544**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**